લંડન રાજ-રહસ્ય

અથવા

ધી મીસ્ટરીઝ ઓફ ધી કોર્ટ ઓફ લંડન.



રેનોલ્ડસ.

પેશાબનાં ભયંકર દર્દોની

છેલ્લામાં છેલ્લી અજાયબ શોધ.

"ગોનો-કીલર."

(રજીસ્ટર્ડ)

પ્રમેહ અને પેશાબને લગતા તમામ બોકટ દરદોનો ચમત્કારીક ઈલાજ.

"ગોનો-કીલર" પેશાબ અને ધાતુના દરદો માટે એકજ છેલ્લામાં છેલ્લી દવા છે કે, (જેની બરોબર કોઈપણ દવા છેજ નહીં.) તેના સેવનથી દરદીને નાસીપાસ થવું પડતું નથી. મોટા મોટા વૈદ્યો, હકીમો, ડોકટરોની દવાઓ, અને ઇન્જેકશનો લઇ કંટાળી ગયા હો ! અંગ્રેજી, જરમન ફ્રેન્ચ અને અમેરિકન પેટંટ મેડીસનો (દવાઓ) માં પૈસા ગુમાવી નીરાશ થઇ બેઠા હો ! ત્યારે છેવટના ઇલાજ તરીકે ગોનો-કીલર એકજ બીનજોખમી વનસ્પતિક રામબાણ ઇલાજ છે.

અગર ચાહે તેટલાં ભયંકર પ્રમાણમાં ચાહે તેટલા વરસનો જુનો અથવા નવો પ્રમેહ, એટલે કે પેશાબ મારગે રસી (પરુનુ વહેવુ, તેમાં થતી બળતરા, પેશાબ થોડો અટકીને આવવો, ગુપ્ત ભાગ (મુત્રાશય) ની અંદર આવેલો સોજો તથા થયેલા જખમ, અને ઓઓના ભયંકર પ્રદરના રોગો વગેરે પેશાબને લગતા તમામ બોકટ દરદોને જડથી નાશ કરી ખરાબ થયેલી ધાતુને સુધારીને સ્વચ્છ અને ઘટ્ટ કરે છે.

૫૦ ગોળીની બાટલીની કિંમત રૂા. ૨. વી. પી. ખર્ચ જુદું.
ત્રણ બાટલી એક સાથે મંગાવનારને પોસ્ટેજ ફ્રી.

એકલા બનાવનારઃ—

ડૉ. ડી. એન. જસાણી,

૧૪૦, ગુલાલવાડી,
મુંબઈ નં. ૪.

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक १३८३३ वर्गांक

पुस्तकनुं नाम લંડન ૨૧-૨૯૨-૨૧

विषय ९११९:२

અથવા

મીસ્ટરીઝ ઓફ ધી કોર્ટ ઓફ લંડન

ભાગ દશમો.

મુળ લેખકઃ-

સ્વર્ગસ્થ જ્યોર્જ વીલીયમ રેનોલ્ડસ.

અનુવાદકઃ

સાકરલાલ મગનલાલ કાપડીયા.
૭, કુંભાર ટુકડા, મુંબઇ.

મુદ્રક અને પ્રકાશકઃ

હરિલાલ વલ્લભદાસ બ્રહ્મક્ષત્રી.
શ્રી હરિ-હર પ્રીન્ટીંગ પ્રેસ.
૧૮૧, બજારગેટ સ્ટ્રીટ કોટ, મુંબઇ.

મુંબઇના સબ એજંટઃ

બુકસેલર ગોવર્ધનદાસ પુરૂષોતમદાસ ઠક્કર.
દેવકરણ મેન્શન, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ.

આવૃત્તિ પહેલી. (સર્વ હક્ક સ્વાધીન.) સને ૧૯૨૭.

કીં. રૂ. ૦-૧૪-૦.

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગૂજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૧૨૨૧:૩

અનુક્રમણીકા.

પ્રકરણ.		વિષય.		પાનું.
,,	૧૫૨ મું.	સાહુકારી કેદમાં બે મુખ્ય...	...	૧
,,	૧૫૩ મું.	એક વિચિત્ર બનાવ.	...	૧૦
,,	૧૫૪ મું.	પુઅર હાઉસ.	...	૧૭
,,	૧૫૫ મું.	મહોંકાણ.	...	૨૫
,,	૧૫૬ મું.	પ્રિન્સ આવ્યો.	...	૨૮
,,	૧૫૭ મું.	લેડી જર્સી.	...	૩૮
,,	૧૫૮ મું.	પાગલ.	...	૪૬
,,	૧૫૯ મું.	પ્રિન્સેસ કેરોલાઇન.	...	૫૨
,,	૧૬૦ મું.	પ્રથમ મુલાકાત.	...	૫૭
,,	૧૬૧ મું.	પોલ ખુલી ગઇ.	...	૬૩
,,	૧૬૨ મું.	લગ્ન.	...	૭૦
,,	૧૬૩ મું.	પહેલી રાત.	...	૭૩
,,	૧૬૪ મું.	સવાર.	...	૭૯
,,	૧૬૫ મું.	પેલો પેજ પ્રિન્સ પાસે.	...	૮૮
,,	૧૬૬ મું.	લોર્ડ ફમોરેમલની બેહી માશુક.	...	૯૬

અમેરીકન ટાઇપોમાં—અપ-ટુ-ડેટ ડીઝાઇનોથી

તમારૂં છાપવાનું કામ કીફાયત ભાવે છપાવવું હોય તો

શ્રી હરિ-હર પ્રીન્ટીંગ પ્રેસ,

ની એક વખત મુલાકાત જરૂર લેશો.

૧૮૧, બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઇ.

લંડન રાજ-રહસ્ય.

અથવા

મીસ્ટરીઝ ઓફ ધી કોર્ટ ઓફ લંડન.

ભાગ દશમો.

પ્રકરણ-૧૫૨ મું.

સાહુકારી કેદમાં બે બુલબુલો.

સાંજના પાંચ વાગ્યા હતા. ભારે ધુમ્મસ પડયું હતું. મીસીસ ફીટઝને જે ઓરડામાં કેદ કરવામાં આવી હતી તેમાં બત્તી સળગાવવામાં આવી હતી. ઓરડો ગંદો હતો. અને તેમાં કંગાળ સર સામન હતો ટેબલ, ખુરસી, કબાટ વિગેરે પર હાથ મુકતાંજ એ રાજવંશી રમણીના ગોરા ગોરા હાથપર ધુળ ભરાઇ જતી હતી.

સગડીમાં અગ્નિ ધીખી રહયો હતો; છતાં ઓરડાની કડકડતી ઠંડી ઉડી જતી ન હતી. ઓરડામાં પગ મુકતાંજ અંગ થરથરી જતું હતું. મીસીસ ફીટ્ઝ એકવાર મશરૂની તળાઇપર, રેશમી ઉશીકાપર માથુ મુકી આરામથી સુતી હતી. તે સોના ચાંદીનો વાસણોમાં ભાત-ભાતનાં મિષ્ટાન આરોગતી હતી. આજે એજ સ્ત્રી કોડી કોડી માટે મોહતાજ હતી. તેની આબરૂપર પાણી ફરી વળ્યું હતું. તેના અમીર ઉમરાવ મિત્રો તેના તરફ ઝાંખીને જોતા ન હતા અને તે પોતે અત્યારે શેરીફના કર્મચારીને ત્યાં કેદ પડી હતી. બારી પર મેલા પડદા લટકતા હતા અને બારીમાં મજબુત લોખંડી કિલ્લા હતા. વળી એ જગા જમીનથી પંદર ફીટ ઉંચી હતી એટલે મીસીસ ફીટઝ જેવી કોમળાંગીને બદલે કોઇ બળવાન પુરૂષ અહિં કેદ હોત તો તે પણ નાસી જઇ શકત નહિ.

ઓરડાનો સામાન તદન જરી પુરાણો હતો. દિવાલ ઉપર ભાત ભાતના ડાઘા પડયા હતા. ઉપરની છત કાળી મશ જેવી હતી. બારી-

ની સામે સુવાનો ઓરડો હતો. તેમાં બે ખાટલા હતા, એક પર કેદી સુતી હતી અને બીજી પર તેના પર નજર રાખનારી દાસી! કમનસીબે આજે મીસીસ ફીટઝ પર દેખરેખ રાખનારી કોઇ દાસી પણ ન હતી. ફીટઝની ગુસ્સાભરી આંખો જોતાં એકવાર ભલભલી અગ્રેજ ઉમરાવજાદીઓ થરથરી ઉઠતી. આજે એની દશા જુદીજ જાતની હતી. તે પોતે દાદરપર રહેજ અવાજ થતાં કંપી ઉઠતી હતી. અને કોણ આવે છે તે જાણવાને આતુર થઇ જતી. તેની ચીઠ્ઠી લઇ ક્રિમ્પ પ્રિન્સને મળવાને કાર્લટન મેન્સનમાં ગયો હતો એ વાતને બે કલાક વહી ગયા હતા. આટલી વારમાં જે તે લટકો ફટકો થઇ જશે એમ ધારી ફીટઝ વિધવિધ તરંગ કરી રહી હતી. આજે રાતે અહીંથી મુક્તિ મળશે કે કાલે સ્હવારે ફ્લીટ સ્ટ્રીટના કેદખાનામાં જવું પડશે? તેનો તે નિર્ણય કરી શકી નહી. પ્રિન્સ ઓફ વેલ્સની નજર સામે તેનો સ્વામી પણ દુનીઆની નજરે તે તેની રખાત હતી. એજ પ્રિન્સના મનસ્વીપણાપર આજે તેનો સર્વ આધાર હતો. ફીટઝ ગમે તેના પગલાંનો અવાજ સાંભળી અનેક વાર બારણામાં ડોકીયા કરી આવી. પણ અંતે સંધ્યા થઇ, પુનઃ કોઇના પગલાંનો અવાજ સંભળાયો. તે દ્વાર સુધી દોડી ગઇ. એજ પળે બારણા ખોલી નાંખી ક્રિમ્પે મીસીસ ફીટઝને ખબર આપી: "લેડી લીટીશીઆ લેડ!"

સુવિમલ ગુલાબ કુંજ પર અચાનક સુર્યના કીરણ પડતાં તેની ગુલાબી છટા ખીલી નીકળે છે. તેવીજ ફીટઝની ત્વચા હતી. ભયંકર ચીંતાથી તે ફીક્કી પડી ગઇ હતી. પણ લીટીશીઆનું નામ સાંભળતાં અચાનક તેના ગાલ ઉપર રતાશ ધાઇ આવી. તે લીટીશીઆથી અજાણી ન્હોતી. લેડની આખી જીવન કહાણી તે જાણતી હતી. અંતે તેણે એક જુઠ્ઠા બેરોનેટ સાથે લગ્ન કરી લીધા હતા અને તે પછી પણ તે સ્વચ્છંદ પણે વર્તતી હતી એ બીના ફીટઝ જાણતી હતી. લીટીશીઆ પ્રિન્સની પણ માશુક હતી એ વાત પણ તેને કાને આવી હતી. ફીટઝના મ્હોંપરની ધિક્કારની લાગણી લીટીશીઆ તરત સમજી ગઇ, તે આવા ભાવદર્શન માટે તૈયારજ હતી. તે નમ્રતાથી હેટ ઉતારી અત્યંત લાગણીભર્યા સ્વર બોલી: "મેડમ! હું તમારી

આ દશામાં તમારા તરફ દીલસોજી બતાવવા અને તમને મદદ કરવા આવી છું."

પીટઝ ચુપ ઉભી રહી.

"તમારી બધી ઉમરાવજાદીઓ તમારા તરફ મ્હોં ફેરવી બેઠી છે. એવી વખતે આ બાનુ તમને મદદ કરવા પધાર્યા છે તેમનો તમારે આભાર માનવો જોઇએ. તમે એકલા વાત કરો. હું જાઉં છું." આટલું કહી દ્વાર બંધ કરી પ્રિન્સ નીચે ગયો અને ઓરડામાં વિલાસિની પીટઝ અને સ્વચ્છંદી લીટીશીઆ એકલી પડી.

બંન્ને પરમ રૂપવતી રમણી હતી. બંન્ને પ્રેમની ભોક્તા હતા. બંન્નેના ગુણ સમાન હતા. પણ તે સાથે બંન્નેમાં ફેર પણ ઘણો હતો. પીટઝના વાળ સોનેરી હતા ત્યારે લીટીશીઆના ગુચ્છા ભમ્મર જેવા કાળા હતા, પીટઝના નીલા અને લીટીશીઆના કાળા નયનોમાં વિલાસીવાસના તરવરી રહી હતી. પીટઝના સ્તન યુગલ ગોળ અને મોહક હતા. જ્યારે લીટીશીઆના વક્ષસ્થલ પર પીન પયોધરો શોભી રહ્યાં હતા. બંન્નેની સુંદરતા કોઇ કોઇથી ઉતરતી ન્હોતી. કોઇ પ્રેમીને વ્હાલથી આલિંગન દેવા માટે બંન્નેના જીગર અંદરથી તરફડી રહ્યાં હતાં એમ ઉભયને જોતાંજ ભાસ થતો હતો ફરક એટલોજ હતો કે લીટીશીઆની દેહ પીટઝ કરતાં જરા વધારે પુષ્ટ હતી. બંન્નેનો સ્વભાવ લગભગ સરખો હતો પણ તે કબુલવાને કોઇ તઇયાર ન્હોતી. બંન્ને ધર્મને ધોળીને પી ગઇ હતી. વિલાસ વાસના તૃપ્ત કરવામાં બંન્ને મસ્ત હતી. યૌવનના આરંભથીજ બંન્નેયે લજ્જાને પાણીચું આપી દીધું હતું. બંન્ને મનમાની મોજ ઉડાવી હતી. પણ પીટઝની પ્રેમલીલા ગુપ્ત હતી. તે પ્રિન્સની રખાત હતી એ વાત આખી દુન્યા જાણતી હતી; પણ એ સિવાય તે સતી સાધ્વી ગણાતી હતી. લીટીશીઆ લોકલજ્જાને ધોળીને પી ગઇ હતી, તે અનેક આશકો સાથે ખુલ્લે ખુલ્લી પ્રેમલીલા રમતી હતી.

"મેડમ ! હું તમારી આફતની વખતમાં તમારા તરફ દીલસોજી બતાવવા આવી છું." લીટીશીઆએ કહ્યું: "મારે માટે તમે ઘણી ખરાબ વાતો સાંભળી હશે પણ હું એટલી બધી નીચ નથી. તમારી આવી દશા જોઇને મને ઘણું લાગી આવે છે."

"ત્યારે તો પ્રિન્સને ત્યાંના બનાવની પણ તમને ખબર હશે. કદાચ પ્રિન્સે મારા માણસની મુલાકાત પણ નહિ લીધી હોય. ઓહો, શું પ્રિન્સે મારી વિનંતી નામંજુર કરી?" ફીટઝે કંપિત અવાજે પુછ્યુ.

"જો પ્રિન્સે તમારી વિનંતી મંજુર રાખી હોત તો મારે અહિં આવવુંજ શા માટે પડત! જેની પાસેથી સર્વસ્વ મેળવવાનો તમને હક છે તેણે તમને તદ્દન નિરાશ કર્યાં—" લીટીશીઆ બોલી.

"શુ એ એટલા બધા ક્રૂર થયા?" દુ:ખથી હાથ મસળતી ફીટઝે કહ્યું: "હશે. હવે એનો ખ્યાલ કરી હું મારૂં મન બગાડવા માગતી નથી. બોલો ફીમ્પની સાથે પ્રિન્સ કેવી રીતે વર્ત્યો હતો'

"યુવરાજે એને જવાબ આપ્યો કે તમને મદદ કરવા માટે તેમની પાસે પઇસા નથી અને તમને મળવા આવવાની ઇચ્છા પણ નથી.

ફીટઝે ઘણી હિમ્મત રાખી. પણ તેનું શરીર થરથર કંપી ગયું. તે ધીમે અવાજે બોલી: "હં! એમણે એમ કહ્યું! ઠીક છે. હવે તમે મારા પર શા માટે મહેરબાની બતાવવા આવ્યા છો અને મને કઇ રીતની મદદ કરી શકો એમ છે?"

"હું અચાનક આ કરૂણ નાટકની ભાગીદાર થઇ છું. તમે મારે માટે ઘણી ઘણી વાત સાંભળી હશે. તેનો સાર એટલોજ છે કે હું એક સ્વચ્છંદી અને અને વિલાસી બાઇ છું. એ વાત ખોટી નથી. પણ હું નિરભિમાની હ્રદયે કહું છું કે લોકો માને છે તેટલી હું ખરાબ નથી. મારા હ્રદયમાં દયા અને ઉદારતા છે. હજુ હું સ્ત્રીત્વનો સદંતર નાશ કરી બેઠી નથી. હશે, એ વાતને અત્યારે કંઇ સંબંધ નથી. હું આજે કાર્લટન મેનશનમાં શા માટે ગઇ હતી. તે સાંભળો! હકીકત એવી છે કે ફ્રાન્સથી નાસી આવેલા મારકવીસ ઓફ ડ્ય નામના એક ફ્રેંચ ઉમરાવ પાસેથી મેં પ્રિન્સને વ્યાજે પૈસા અપાવ્યા હતા. હવે એ ઉમરાવને પૈસાની જરૂર છે. તેણે

પ્રિન્સ પર ઉઘરાણી કરનારી અનેક ચીઠ્ઠીઓ લખી; પણ પ્રિન્સ જેનું નામ ! તેણે તેની જરા પણ પરવા કરી નહિ. અંતે આરાવીસે મને પકડી મેં તેને પૈસા વસુલ કરાવી આપવાની ધીરજ આપી. એ માટે હું આજે પ્રિન્સ પાસે જતી હતી.. ચોર દરવાજાનો દાદર ચઢતાં એકાએક એક માણસ મારા પર ઢળી પડયો તેથી મારે તેને જરા બોલાવવાની થઇ એ માણસ કોઇ નહી પણ તમે મોકલેલો શેરીફનો નોકર નેથન ફીમ્પ હતો. ફીમ્પ પાસેથી મને તમારી દયાજનક દશાની ખબર પડી. તમારી પ્રિન્સ પરની ચીઠી નકામી ગઇ તે પણ મને તેણે કહ્યું. એક નિરાધાર સ્ત્રી પર આવો જુલમ થતો જોઇ મને લાગી આવ્યું અને તમને સહાય કરવાની મને પ્રબળ ઇચ્છા થઇ. મેં સાંભળ્યું હતું કે તમારો મીજાજ ઘણો ઉગ્ર છે. પણ મેં તેનો વિચાર ન કર્યો. આખર તમે એક સ્ત્રી તો છો ને ! એક રમણી પર આવો અત્યાચાર થતો જોઇ મને ખુબ લાગી આવ્યું તેથી પ્રિન્સને મળ્યા વિના હું ફીમ્પ સાથે સીધી અહીં ચાલી આવી !"

"મેડમ ! તમને પ્રભુ સુખી રાખે. હું અંતઃકરણપુર્વક આભાર માનું છું." લીટીશીઆની સરળ દયાભાવ વૃતિ જાણી ફીટઝ પીગળી.

"તમને મદદ કરવાની મને ઇચ્છા થઇ તેનું એક બીજું પણ કારણ છે, થોડા સમય પહેલાં એક માણસ પ્રિન્સનો ઘણો માનીતો હતો. ખરૂં પુછો તો તેને લીધેજ તમારી આવી દશા થઇ છે."

"હા–હા–તમે ટીમ મીગલ્સની વાત કરો છો." અચાનક ટીમ યાદ આવ્યો. તે સાથેજ તેને યાદ આવ્યું: "વારૂં એ વિષે તમે શું જાણો છો ?"

"હું બધું જાણું છું તમે પ્રિન્સનાં પરણેતર પત્નિ છો એ વાત મારાથી છુપી નથી. તમને કાર્લટન મેનશનમાંથી હાંકી કાઢવા માટે જે કાવત્રુ રચાયું હતું તે પણ હુ જાણું છું. તમારા ગુપ્ત પ્રેમ પત્રોનો તમને ભય બતાવવામાં આવતો હતો અને એ ભયથીજ તમે રાજમહેલ છોડી ગયાં હતાં એ બધા પ્રેમ પત્રો હજુ મોજુદ છે,"

"અફસોસ !" ફીટઝનું અભીમાન ગળી ગયું. તે બીજાઓ સમક્ષ પોતાને સતી ગણાવતી હતી. પણ આ મરદાના ફીતુરણ, તેને

મારી થઇ પડી. લીટીશીઆ તેની પ્રેમલીલાનો બધો ઇતિહાસ જાણે છે એ બીના જાણતાંજ તેનું મ્હો ઉતરી ગયું તેને શરમને લીધે બન્ને હાથોએ પોતાનું મ્હોં ઢાંકી લીધું તેની આંખમાં ઝળઝળીયાં આવી ગયાં.

"તમારે મારી સામે આ રીતે લજ્જીત થવાની કંઇજ જરૂર નથી, હું કંઇ મોટી સતી નથી. જે ટીમ મીઅલ્સે પ્રિન્સની કૃપા મેળવવા માટે તમારો ગુપ્ત પ્રેમ જાહેર કરવાની ધમકી આપી હતી. તેજ ટીમને દગાબાજ પ્રિન્સે દેશપાર કર્યો. એ ટીમ મારો પ્રેમી હતો."

"હમણાં એ ભયંકર પત્રો ક્યાં છે!" રૂંધાતે અવાજે રીટઝે પુછ્યું.

"તે બધા પ્રિન્સના હાથમાં છે."

"ઓ પ્રભુ! એમને બધી ખબર પડી ગઇ." રીટઝ હવે બાળક પેઠે રોવા લાગી.

"શાંત થાઓ. મેડમ! એ પત્રો પરથી જે વાત જાહેર થતી હતી તેથી તમને કેદમાં નાખવાનો પ્રિન્સનો હેતુ હોત તો તે અત્યાર સુધી ચુપચુપ બેસી રહેત ખરા? હશે. ધારો કે હું એમ કહું એ સઘળા પત્રો મારી પાસે છે તો?" લીટીશીઆએ કહ્યું.

"તો કૃપા કરી મને તે હવાલે કરી દો," ભીખ માગતી હોય તેવા દીન અવાજે રીટઝ કરગરવા લાગી: "વ્હાલી બ્હેન! મારા છુપા પ્રેમની સાબીતી રૂપ એ પત્રોને લીધેજ મારી આજે આ હાલત થઇ છે. કૃપા કરી એ સત્યાનાશીઆ પત્રો મને આપી દો. હું જીવનભર તમારી ઓશીઆળી થઇ રહીશ. બોલો, તમે મને એ પત્રો આપી દેશોને?"

"નહિ. હું લાચાર છું. મારામાં એટલી બધી હિમ્મત નથી. પણ તમે ના ગભરાઓ. મારી પાસે જે પત્રો છે તેના જોરપર હું પ્રિન્સ પાસેથી મન ચાહે તેટલા પઇસા મેળવી શકીશ. હવે એ વાત જવા દો. પ્રિન્સને સહાય કરવા માટે, તેને અનેક જાળમાંથી બચાવવા માટે મીઅલ્સે ઘણા જણને પાયમાલ કર્યા છે. પણ

એજ વફાદાર ટીમ સાથે દગાબાજી કરી પ્રિન્સે નીચતાની હદ વાળી છે. હવે ટીમે જે જે માણસોનું બુરૂં કર્યું છે તેનું તે લંડનમાં હોત તો જરૂર ભલું કરત. પ્રિન્સ તરફ હવે તેને સખત ધિક્કાર છુટયો છે. હું ટીમની પ્રતીનીધી તરિકે તમને મદદ કરીશ."

"શાબાશ! લેડી લીટીશીઆ! હું તમારો શી રીતે આભાર માનું? હું જીવનભર તમારી દાસી જેવી થઇ રહીશ. લાવો, લાવો એ ભયંકર પત્રોને મારી નજર સામેજ ફાડી નાખીને બળતી આગમાં હોમી દો."

"હું દિલગીર છું કે હું તેમ કરી શકતી નથી. ટીમ બીગલ્સ થોડાજ સમયમાં લંડનમાં આવી પુગશે. તે પછી એ પત્રો હું પ્રિન્સને હવાલે કરીશ કે ટીમને સોંપી દઇશ. તે વિષે મેં પાકો વિચાર કર્યો નથી, તમારા પ્રેમ પત્રો શિવાય પણ કેટલા કિંમતી પત્રો મારી પાસે છે તે મારફતે જો હું ધારૂં તો તમારૂં પણ કામ કરી શકું."

"બીજા કેવા પત્રો છે?"

"પ્રિન્સ સાથે તમારા લગ્ન થવાની સરટીફીકેટ."

"શું તે પણ તમારી પાસે છે?" ભય અને અજાયબીથી ફીટઝ લીટીશીઆ તરફ જોઇ બોલી.

"હા. તે ઉપરાંત બીજા પણ એવા પત્રો મારી પાસે છે કે જેથી આ રાજયનો પાયો પણ હાલી જાય." વિજયી ચહેરે લેડી લીટીશીઆએ જવાબ વાળ્યો.

"તમે મને શી રીતે મદદ કરી શકશો?"

"જો તમે કહો તો વીંડસર પેલેસમાં જઇ હું મહારાજાને મળી આવું. રાજાને ડરાવી ધમકાવીને મારા મનની મુરાદ પાર પાડવા માટે હું પહેલીજ વાર રાજમહેલમાં જતી નથી. અગાઉ પ્રિન્સને કામે ગઇ હતી. હવે તમને ન્યાય અપાવવાને જઇશ. મારા પર વિશ્વાસ રાખો. તમને ડચેસનો ટાઇટલ અપાવી વર્ષે વીશ હજાર પાઉંડનું સાલીયાણું ન બંધાવી આપું તો મારૂં નામ લીટીશીઆ લેડ નહિં."

રીટઝના જીગરમાં ફરીથી આશા કિરણો ચમકવા લાગ્યા, તે ખુશાલીના આવેગથી અચાનક બોલી ઉઠી; "લીટીશીઆ! તું પાગલ થઇ ગઇ છે. મહારાજા તને મહેલમાંથીજ હાંકી કાઢશે.

"નહિ. નહિ. તેની એમ કરવાની મજાલ નથી." હું કહું તે મહારાજાને માન્ય કરવુંજ પડશે."

"જરા સાંભળતો ખરી બ્હેન!" કપાળે હાથ મુકી રીટઝે કહ્યું: "પ્રિન્સ સાથેના મારા લગ્ન કાયદાથી વિરૂધ્ધ છે તો પછી મહારાજા એ લગનની સરટીફીકેટ જોઇને શી રીતે ફરી જશે?"

"તમે ધારો છો તેવી હકીકત નથી. તમે રોમન કેથોલીક હોવા હોવા છતાં પ્રિન્સે તમારી સાથે લગ્ન કર્યાં છે તેથી પ્રોટેસ્ટંટ બ્રીટીશ ગાદી પર બીરાજવાનો તેનો હક્ક નાબુદ થયો છે. રાજ્યના કાયદાથી તમારા લગ્ન મંજુર ગણાય યા નામંજુર તેની સાથે આ પ્રશ્નને કંઇ સંબંધજ નથી. તમારા લગ્ન ગેર કાયદાસર હતા અને પ્રિન્સનો ગાદી પરનો હક્ક નષ્ટ થઇ ગયો છે એ બીનાપર ભાર મેલીને વાત કરીશ. હવે તમેજ કહો કે મહારાજા પોતાના પ્યારા પુત્રનો હક્ક જવા દેશે કે ગમે તે રીતે આ ઘોટાળાને દાબી દેવાની કોશેષ કરસે?"

રીટઝના આનંદનો પાર રહયો નહી. તે અત્યંત વ્હાલથી લીટીશીઆને ભેટી પડી અને તેને બે ચાર ચુમી લઇ બોલી: "લીટીશીઆ! ખરેખર, ભગવાનેજ તને મારી પાસે આવવાની પ્રેરણા કરી છે. થોડા દિવસ પહેલાં હું પ્રિન્સને એટલા બધા ચાહતી હતી કે જાન જાત તો પણ હુ આ પગલું ભરવા તઇયાર થાત નહી. પણ હવે એજ મને તજી બેઠા છે અને મારી આવી હાલ હવાલી જોવા છતાં મારી દરકાર કરતા નથી તો હું પણ મારૂં સત્યાનાશ વાળીને એમનું રક્ષણ કરવા માગતી તથી. હું હવે પહેલાનાં જેવી મુરખી રહી નથી. મારૂં મન બદલાઇ ગયું છે. પ્રિન્સને હું ધિક્કારૂં છું. વ્હાલી બ્હેન! તમે જે કરવા માંગો છો તેજ હવે યોગ્ય છે. આ ઉપકાર હું જીંદગી સુધી ભુલીશ નહિ.

"કાલે સ્હવારેજ હું વીંડસર પેલેસમાં મહારાજાને મળવા ઉપડી જઇશ." આટલું કહી લીટીશીઆ જવાને તૈયાર થઇ. રીટઝ તેનો

હાથ પકડી અત્યંત પ્રેમથી બોલી: "બહેન ! મને એકલી છોડીને ન જા. હું આ જગ્યાએ એકલી રાત શી રીતે ગાળીશ ?"

"રડો ના, તમારી મરજી હોય તો હું આખી રાત અહીંજ રહું."

"હા. આખી રાત અહિંજ રહે. મારા પર એટલી દયા કર."

"ચાલો, હવે ફીકર ચિંતા છોડી દો. હું રાત અહિંજ રહીશ, હવે જરા મોજ કરીએ. કોઇને શરાબ લેવા મોકલવો પડશે. હું શરાબ પીઉં છું–ચીરૂટ પણ ઉડાવું છું ચીરૂટ પીતા પીતા મોજથી વાતચીત કરીશ–હસીશ–નાચીશને આનંદ કરીશ. તેથી તમારૂં મન પણ ખુશ થઇ જશે."

આ સાંભળી ફીટઝનો ઉતરી ગયલો ચહેરો આનંદથી ખીલી ઉઠયો શરાબ મંગાવવા માટે નોકરને બોલાવવા માટે જોરથી ઘંટી વગાડી તે બોલી: બહેન ! હવે તો હું વીશ હજારની સલીયાણાવાળી ડચેસ બની જઇશ. ખરૂંને ?"

"હા." બીટીશીઆ અને ફીટઝ ખીલ ખીલ હસી પડી.

પ્રકરણ-૧૫૩ મું.

એક વિચિત્ર બનાવ.

રાતના સાડા નવ વાગ્યા હતા. મીટઝ અને લીટીશીઆ ઉપરના ઓરડામાં બેસીને અનેક જાતના ગપ્પા મારતી હતી. શરીફના બે નોકરો ફીમ્પ અને જેક નીચે ઓરીસમાં બેસી શરાબ પીતા પીતા ચીરૂટનો ધુવો કાઢતા હતા.

ધુમ્મસ ઉડી ગયું હતું. ઝરમર ઝરમર વરસાદ પડવા લાગ્યો હતો. જેક અને તેનો સાથી મોજથી શરાબ ઉડાવી માંહોમાંહે વાતચીમાં કરતા હતા. એવામાં બહાર રસ્તાપર કંઇ અવાજ આવવાથી બન્ને ચોંકયા અને લક્ષપુર્વક બહાર થતી વાત સાંભળવા લાગ્યા.

"એક ચુમી જરૂર લઇશ." રસ્તા પરનાં એક મવાલીનો અવાજ સંભળાયો.

"હાય જાની! શું ખુબસુરતી છે! એક ચુમી લીધા વિના હું તને છોડીશ નહિ." બીજો બોલ્યો.

"ત્યારે બંદા શું જોયા કરશે? આહ! કેવી છટાથી ચાલી જાય છે?" ત્રીજાએ કહ્યું અને તેણે રસ્તે ચાલી જતી એક નવયૌવનાનો હાથ પકડ્યો.

"છોડો-પ્રભુને ખાતર મને છોડી દો." પેલી સ્ત્રી કરૂણ અવાજે બોલી. બીજીજ પળે ત્રણે મવાલીઓ અને પેલી સ્ત્રી વચ્ચે હોજા તોજી ચાલી અને ઘોંઘાટ વધી ગયો.

"ચાલ જેક! કોઇ મવાલીઓ કોઇ છોકરીને ચુમી લેવાને સતાવી રહ્યા હોય એમ લાગે છે." ફીમ્પે પોતાના સાથીને કહ્યું.

"બેસ રે ને! તેમાં આપણા બાપનું શું ગયું? સુંદરીઓ ચુંબન આપવા માટેજ સરજાઇ છે." લહેરી જેકને શરાબની પ્યાલી છોડી બહાર જવાનું ન ગમ્યું.

"નહિ જેક! આપણા ઘર સામે કોઇ મવાલી કોઇ સ્ત્રીને જબરજસ્તીથી સતાવે તે મારાથી જોઇ રહેવાશે નહિ. હું ગૃહસ્થ

માણસ છું, સરકારને કર આપું છું, મારી નજર સામે એક રમણી પર અત્યાચાર થાય તે અટકાવાની શહેરી તરીકે મારી ફરજ છે. ચાલ, પાછા ફર્યા પછી હું તને શરાબની આખી બાટલી આપીશ." ફ્રીમ્પે લાલચ આપી,

"એમ! ત્યારે તો ચાલ—" કહી જેક તરત ઉભો થયો અને ફ્રીમ્પની સાથે રસ્તાપર જઇ પુગ્યો. રસ્તાપર ચાર પાંચ મવાલીઓ કોઇ રૂપવતી રમણીને આમથી તેમ ખેંચી રહ્યા હતા, અને તે બીચારી ગમે તેટલી તફડવા છતાં મવાલીઓ તેને છોડતા ન્હોતા.

"બદમાસો! આવા નીચ કામ કરો છો? છોડો દો એને!" કહી ફ્રીમ્પે છલાંગ મારી બે ત્રણ જણને મારવા માંડયા. જેકે બીજાઓની ખબર લીધી, મવાલીઓ માર ખાઇ જમીનપર પટકાયા. અને પેલી યુવતી બદમાસોના પંઝામાંથી છુટી થઇ. મવાલીઓ નીશામાં મતવાલા થયા હતા. હાથમાં આવેલું બુલબુલ ઉડી જતું જણાવાથી તેઓ ધુળ ખંખેરતા ઉભા થયા. અને પુનઃ પેલી યુવતી ની પાછળ દોડયા. પણ ફ્રીમ્પે તે બાઇને મકાનમાં દાખલ કરી ઓફી-સમાં ધકેલી દઇ દ્વાર બંધ કરી દીધા. અંદર ગયા પછી જેકે પેલી બાઇને એક શરાબની પ્યાલી આપી. પેલી રમણી નિઃસંકોચ પી ગઇ અને તે પછી તેણે જેકને પ્યાલી આપી દીધી. જાણે પોતાની માશુકેજ શરાબની પ્રસાદી આપી એમ માનીને જેકના આનંદની અવધિ થઇ. પણ ફ્રીમ્પ યુવતીના વર્તનથી અજબ થયો. પેલી સ્ત્રી-એ પોતાની બેગમાંથી એક ગીની કાઢી ફ્રીમ્પના હાથમાં મુકી. સોનબાઇ જોતાંજ ફ્રીમ્પ ઢીલો થઇ ગયો.

"મહેરબાની કરી એક ગાડી મંગાવી મને ઘેર મોકલી આપો. શરદીથી હું થરથરી ગઇ છું અહીં કોઇ જગ્યાએ સગડી નથી?" પેલી સુંદરી અત્યંત મુલાયમ અવાજે બોલી. આ સમયે જેક અને ફ્રીમ્પ તેને એકાટસે જોઇ રહ્યા હતા. તેમની ખાત્રી થઇ ગઇ કે મવાલીઓની પસંદગી જેવી તેવી ન્હોતી. તેના ભુરા, ચળકતા, ઘુંઘરાળા વાળની શોભા ઓર હતી. મોતી જેવા દાંત, પોપટ સમુ નાક, અને હરણી સમી વિશાળ આંખો તેની સુંદરતા વધારતાં હતા.

તેનુ આખુ શરીર સુડોળ હતું અને જવાનીના બહારથી ખીલી નીકળ્યું હતું. રમણીનો પોષાક પણ કીંમતી હતો. તેના રંગરૂપ અને પોષાક પરથી તે કોઇ શ્રીમંત ખાનદાનની રમણી હોય એમ સ્પષ્ટ માલુમ પડતુ હતું, આ સમયે તે ક્યાં જતી હતી? તેણે જરા પણ સંકોચ વિના શરાબ કેમ પીધો હશે? આવા વિચારથી કીમ્પ તાજુબ થતો હતો તેજ વખતે તેના હાથમાં ગીની પડી અને તેના સઘળા વ્હેમ ઉડી ગયા. ગીની મળતાંજ કીમ્પ એ સુંદરીને ડચેસ કે કાઉન્ટેસ માનવા લાગ્યો.

"તમે તાપવા માગો છો?" આટલું કહી તેણે જેક તરફ જોયું: "રસોડામાં સગડી સળગે છે અને ઉપરનાં ઓરડામાં બે સ્ત્રીઓ છે ત્યાં પણ સગડી છે."

"એને ઉપરજ મોકલને!" જેક બોલ્યો. "બીચારી મીસીસ ફીટઝને—"

"ચૂપ! તને તેની શી પંચાત?"

"શું? શું? તમે મીસીસ ફીટઝ હરબર્ટનું નામ લીધું ને?" પેલી રમણીએ વાત પકડી લીધી. "અરે પ્રભુ! શું એ બીચારીની આવી હાલત થઇ છે? મેં સાંભળ્યું છે કે કોઇ મોટા માણસ સાથે એને અણબનાવ થવાથી તે કંગાળ થઇ ગઇ છે પણ તેને ચેન્સરી લેનમાં સાવ ગંદા મકાનમાં રહેવાં આવવું પડયું હશે તેવો મને ખ્યાલ પણ ન હતો."

"સાંભળ કીમ્પ! આ ભલી બાઇને હજુ આ કયું મકાન છે તેની ખબર પણ નથી?" જેકે ટકોર કરી.

"શું આ શેરીફની ઓફીસ છે?" પેલી યુવતી તાજુબ થઇ બોલી: "હા. એમજ લાગે છે. ચાલો, હું મીસીસ ફીટઝને મળવા ને આતુર થઇ રહી છું."

"તેની પાસે બેડી લીટીશીઆ બેઠ છે." કીમ્પ બોલ્યો: "ચાલો, કંઇ ફીકર નહિ. તમને જોઇને કદાચ તેઓ રાજી થશે. જાઓ, તમે ઉપર જાઓ. હું ગાડી લેવાને માણસ મોકલું છું."

"જરા થોભો." એક બીજી ગીની ફીમ્પના હાથમાં મુકી તે બોલી: "હું થોડીવાર મીસીસ ફીટઝ સાથે વાત કરવા માગું છું. હમણાં ગાડીના મગાવતા."

"તમારે જોઇએ તો આખી રાત રહોને !—આવો—" કહી ફીમ્પ તેને માળપર લઇ ગયો. અને ઓરડામાં જઇ ફીટઝ અને લીટીશીઆને સલામ કરી બોલ્યો: "આ મિસ રસ્તા પરથી જતા હતા તેવામાં મવાલીઓ તેમને સતાવતા હતા. મેં અને જેકે મવાલીઓને માર મારી એમને બચાવી લીધાં છે. શરદીથી એ બિચારી કકડી ગઇ છે."

"તમારું નામ શું બહેન ?" લેડી લીટીશીઆએ પુછ્યું.

"મીસ પ્લેન્ટાજીનેટ !"

"આવો, તમને અમારે સગડીની અને કોઇ ઓના સાથની જરૂર છે. જો મીસીસ ફીટઝને કંઇ વાંધો ન હોય—"

"મને જરા પણ વાંધો નથી. આવો બહેન ! મારી પાસે બેસો."

મીસીસ ફીટઝ સત્કાર કરવામાં નીપુણ હતી.

રાજભવનોમાં રાજવંશી મહેમાનોને એણે રીઝવ્યા હતા. મીસ પ્લેન્ટાજીનેટ તેના આદર સત્કારથી ખુશ ખુશ થઇ ગઇ અને ફીમ્પ વિદાય થયા પછી બન્નેનો આભાર માનવા લાગી. નવી સખીને બન્ને સ્ત્રીઓએ નખથી માથા સુધી જોઇ લીધી અને બન્નેને તેના દેખાવથી સંતોષ થયો. એ બિચારી મવાલીના પંજામાં સપડાઇ હતી તે માટે ઉભયને તેને માટે લાગી આવ્યું.

"મેડમ !" મીસ પ્લેન્ટાજીનેટ મીસીસ ફીટઝ તરફ જોઇ કોમળ સ્વરે બોલી: "તમારી સાથે પીછાન થવાથી મને આનંદ થાય છે પણ તે સાથેજ આવે સ્થળે તમારો પ્રથમ પરિચય થવા માટે દુ:ખ પણ થાય છે. તમારા પરની બલા જલદી ટળી જાય એવી હું પ્રાર્થના કરું છું. જો તમે ખોટું ન લગાડો તો હું કહીશ કે તમારી આ ગરીબ સખી પાસે જે કંઇ છે તે હું તમને અર્પણ કરવાને તઇયાર છું."

"બ્હેન ! તમારી સાથે ઓળખાણ પીછાન ન હોવા છતાં મારા વિરૂદ્ધ આવી લાગણી દરશાવો છો તે માટે હું તમારી ઘણીજ આભારી છું." ફીટઝ ગદગદ થઇ બોલી. પેલી સ્ત્રી તેને મદદ કરવા તઇયાર થઇ તેમાં તેની કંઇ મતલબ હશે એવો તેને ખ્યાલ પણ ન્હોતો. પણ લીટીશીઆને હવે સંદેહ થવા લાગ્યો. આ સ્ત્રી કોઇ ખાસ હેતુથી અહિં આવી છે આકસ્મિક રીતેજ તેને આવવાની ફરજ પડી છે તેનો તે વિચાર કરવા લાગી. થોડીવાર વિચાર કરી તેણે પુછ્યું: મીસ પ્લેન્ટાજીનેટ ! તમે શા હેતુથી અહિં આવ્યા છો ?"

"દશ મીનીટ પહેલાં મને ખ્યાલ પણ ન્હોતો કે મારે આ મકાનમાં આવવું પડશે અને સહસા તમને મળવાનો આનંદ મળશે." યુવતીનો અવાજ બંસી જેવો મધુર હતો છતાં તેમાં કોઇ સુકંઠ પુરૂષના કંઠ સ્વરનું મીશ્રણ હતું. લીટીશીઆના સવાલનો તેણે સરલતાથી જવાબ વાળ્યો તેનો મધુર ધ્વનિ ઉભયના કાનમાં ગુંજી રહ્યો. તે બોલવા લાગી: "હું લંડનમાં વેસ્ટ એન્ડ સ્ટ્રીટમાં રહું છું. મારી ઉમ્મર ઘણી નાની છે છતાં મારે માથે કોઇ નથી. હું મારી જાતની કુલ મુખત્યાર છું. આ લતામાં કેટલાક સગાવ્હાલા રહે છે તેઓને ત્યાં સાંજની વખતે હું આવી હતી. સંધ્યા થતાં મારી ગાડી આવવાની હતી. પણ તે ન આવવાથી હુ એકલીજ ઘેર જવા નીકળી. આ મકાન પાસે આવતાં કેટલાક મવાલીઓએ મને ઘેરી લીધી અને તેઓના પંઝામાંથી મી. ક્રોમ્પે મને બચાવી. વાતમાંને વાતમાં તેણે તમારૂં નામ લીધું. એટલે તમને મળવાને મારી ઉત્કંઠા વધી પડી. ખરી હકીકત આ છે. ખરેખર તમારા મેળાપથી હું ઘણીજ રાજી થઇ છું. બોલો, તમે મારા સખી થશો કે નહિ ?" આટલું કહી તે મીસીસ ફીટઝ તરફ જોઇ રહી.

"તમારા જેવી સહૃદય સખીઓ મળવા માટે આજે હું ઇશ્વરનો આભાર માનું છું." મીસીસ ફીટઝ પોતાની નવી સખીઓ તરફ જોઇ આભારભરી નજરે જોતી બોલી: "પણ મારે માથે બે હજાર ગીનીનું કરજ છે. મને જે વકીલ સતાવી રહ્યો છે તે નિર્દય માણસ છે."

"તેનું નામ?"

"રીગડન!"

"રીગડન?" પેલી નવી સ્ત્રી જરા ચોંકી.

"હા. તમે તેને ઓળખો છો?"

"નહિ. બહુ નહિ. પણ તે સંગદીલ શયતાન છે તે મેં પણ સાંભળ્યું છે. હશે. જો બધી રકમ ચુકાવ્યા વિના તમને મુકિત નહિ મળી શકિત હોય તો સ્હવાર થતાં હું પુરેપુરી રકમ ચુકવી દઇશ."

"હું તમારો આભાર શી રીતે માનું તે સમજાતું નથી." તેના બેઉ હાથો વ્હાલથી પકડીને ફીટઝ બોલી.

"જુઓ બહેન! કાલે તો હું વીંડસર જઇશ. ત્યાં કંઇ ખટકો ફટકો ન થઇ જાય ત્યાં સુધી તમારે અહિંજ રહેવું પડશે. જે મોટા માણસે તમારૂં અપમાન કર્યું છે તેને તેની ઉધ્ધતાઇની પુરી મઝા ચખાડવી પડશે." લીટીશીઆ બોલી.

"હા. પણ જો ત્યાં કંઇજ ન થાય અથવા કામ થવામાં વધુ ઢીલ થાય તો હું મારી નવી સખીની સહાય લઇશ." ફીટઝે જવાબ વાળ્યો.

"કબુલ! પણ જો આપણું કામ ન થાય અથવા તેમાં ઢીલ થાય તો તમને છોડાવવા માટે હું જે કંઇ નાણાંની મદદ કરી શકું તે તમારે સ્વીકારવી પડશે." કહી લીટીશીઆએ કામણગારૂં હાસ્ય કર્યું.

"હું ફરીથી તમારો બંનેનો આભાર માનું છું. ચાલો, રાત ઘણી વીતી ગઇ. આટલી રાતે મીસ પ્લેન્ટાજીનેટ એકલાં ઘેર કેમ જઇ શકશે?" ફીટઝે કહ્યું.

"કંઇ ફીકર નહિ. હું એને ઘેર મુકી આવીશ. મારો આ મરદાના પોષાક જોઇને અમને કોઇ પણ સતાવવાની હીંમત કરવાનું નથી." લીટીશીઆ બોલી.

"હાય! આજે જો હું મારે ઘેર હોત તો મીસ પ્લેન્ટાજીનેટને મારી પાસેજ રાખત." દીર્ઘ નિશ્વાસો નાખી ફીટઝ બોલી. આ

ભોળી મીસ પ્લેન્ટાજીનેટની આંખોમાં કોઇ વિચિત્ર જાતની જ્યોતિ ચમકવા લાગી. તેના મુખાગ્રી ગાલો પરની લાલી ઉડી ગઇ.

"તમને આવી મુસીબતમાં છોડી હું ચાલી જવાની નથી." પ્લેન્ટાજીનેટ દુઃખદ અવાજે બોલી: આજે તમે મને સુસજ્જિત શયનગૃહમાં સુવાડી શકતા નથી તે માટે ખાસ કરીને હું અહીંજ રહેવા માગું છું. તમારી સઘળી જંજાળ ટળી જાય નહિ ત્યાં સુધી હું તમને છોડી જવાની નથી."

"લેડી લીટીશીઆ આ ગંદી કોટડીમાં રાત ગાળી કાલે સવારે મને છોડી જશે તેથી એ પાછા આવે ત્યાં સુધી તમે મારી પાસે રહેવાને તૈયાર થાઓ તો હું ઓર આભારી થઇશ."

"હું તૈયાર છું અને અહિંજ મઝા પડશે."

"તો તો ઘણી મઝા પડશે." લીટીશીઆ બોલી.

તરતજ લીટીશીઆએ નોકરને બોલાવી પ્લેન્ટાજીનેટ અહિંજ રાત રહેવાની છે એવી ખબર આપી. નોકર વિદાય થયો. મીસીસ ફ્રીટઝે સુવાનો ઓરડો ખોલ્યો. ત્યાં બેજ ખાટલા હતા. મીસીસ પ્લેન્ટાજીનેટ ખાટલા પર આરામથી નિંદ્રા લઇ શકશે એવા ખ્યાલથી ફ્રીટઝે લીટીશીઆને કહ્યું. "આપણે બે સાથે સુઇ રહીશું."

"આવી અજાણી જગ્યાએ હું એકલી શી રીતે સુઇ જાઉં ! લેડી લીટીશીઆ અથવા તમે—બેમાંથી એકે મારી સાથે સુવું પડશે." નવી સખી જરા લાડ કરતી બોલી. લીટીશીઆ અને ફ્રીટઝ બંને પ્લેન્ટાજીનેટ સાથે સુવાને રાજી હતી. અંતે ફ્રીટઝ જીતી અને લીટીશીઆ એકલી સુવા તૈયાર થઇ. તે પછી ત્રણે સખીઓ કપડા બદલવા લાગી. પ્લેન્ટાજીનેટ શરમાઇને જરા દુર ચાલી ગઇ. ફ્રીટઝ અને લીટીશીઆ બન્ને વિલાસી હતી. તે એક બીજાને અડપલાં કરતી વસ્ત્ર બદલવા લાગી. બંને સ્ત્રીઓ હતી. પણ બંને એક બીજાના સૌંદર્ય પર મુગ્ધ થઇ ગઇ હતી. અંતે ત્રણે વસ્ત્રો બદલી રહી. ઓરડાનો લેમ્પ બુઝવી નાખવામાં આવ્યો. લીટીશીઆ એકલી ચટાઇ પર પડી. ફ્રીટઝ તે પછી સુવા ગઇ. પ્લેન્ટાજીનેટ પહેલાથીજ બીજા ખાટલા પર જઇ સુઇ ગઇ હતી.

પ્રકરણ-૧૫૪ મું.

પુઅર હાઉસ.

પ્રિય વાંચનાર, ફ્રીટઝ, બીટ્રીશીઆ અને પ્લેન્ટાજીનેટ જેવી ખબાસી રમણીઓના શયનગૃહમાં વધુવાર થોભવાનો આપણને હક નથી. ચાલ, આપણે વ્હાઇટ ચેપલમાંના પુઅર હાઉસની જરા મુલાકાત લઇએ.

કંગાળ, નિરાધાર, દરિદ્રીઓને રહેવા માટેના આશ્રમને અંગ્રેજીમાં "પુઅર હાઉસ" કહેવામાં આવે છે. એ કંગાળ પુઅર હાઉસમાં એક એકાંત ઓરડીમાં એક રોગીને રાખવામાં આવ્યો હતો. કંઇ કારણસર તે આખા શરીરે જખમી થયો હતો અને તેની મરજીથીજ તેને એકાંત જગ્યાએ સ્થાન આપવામાં આવ્યું હતું.

સવારનો સમય હતો. ઓરડીની સામેની બારીમાંથી સૂર્યના કીરણો આવતા રોગીની નિંદ્રા ઉડી ગઇ હતી. તરસથી તેનો કંઠ સુકાઇ જતો હતો. તે અત્યંત દુઃખથી ખાટલાપરથી આમ તેમ હાથ લંબાવી કંઇ પીવાનું શોધવા લાગ્યો. પણ કમનશીબે ત્યાં પાણી પણ ન્હોતું. તરસથી તેનો જીવ જતો હતો. પાણી ન મળવાથી એક દિર્ઘ નિસાસો નાંખી તે મનમાંને મનમાં બબડવા લાગ્યો.

"કોણ જુએ છે ને કોણ સાંભળે છે? ગરીબોની કોને પરવા પડી છે! ડાકટર નર્સને કહી ગયો કે રાતે ત્રણ ચાર વાર મારી સંભાળ લેવી—મને કાંજી કરી પાવી—પણ તેનું સાંભળે છે કોણ? આવી બેદરકારીથી કેટલા કંગાળો અહીં મરી જતા હશે? આ દેશની પ્રજા પોતાને ખ્રીસ્તી મનાવે છે, પણ અહિં ગરીબોની જેવી હાલ હવાલી થાય છે તેવી નાસ્તિકોના દેશમાં પણ નહિ થતી હશે!"

પોતાના પર ગુજરેલા સીતમનો વિચાર કરતો તે તરસથી વ્યાકુળ થઇ પડી રહયો. થોડીવારમાં સઘળે પ્રકાશ ફેલાઇ ગયો. તેની તરસ અસહ્ય થઇ ગઇ.

"પાણી—પાણી! અરે! પ્રભુને ખાતર કોઇ જરા પાણી આપો!" તેણે બુમ પાડી.

"એ. કમનસીબ! ચુપ મરી રહેને!" બહારથી કોઇ કર્કશા જેવી નર્સે ક્રૂર અ ાજે કહ્યું.

"ઓ બાઇ! જરા તો રહેમ રાખ! તરસથી હું મરી જાઉં છું."

"કેમ! મરતોય નથી ને માંચડો પણ ખાલી કરતો નથી." એક જાડી બદસુરત બાઇ ઓરડામાં આવી બોલી. "આટલી બધી બુમ કેમ મારે છે? મારે બીજું કંઇ કામ છે કે નહિ?"

"બાઇ! કૃપા કરો–મને જરા પાણી આપો."

"ઠીક હમણાં પાણી મોકલું છું." કહી તે બહાર ગઇ અને બાજુની ઓરડીમાંના એક છોકરાને ઉદ્દેશી બોલીઃ એઇ! આ બાજુની ઓરડીમાંના રોગીને જરા પાણી આપી આવ."

આ ઓરડીમાં ત્રણ બાળક હતા, એક આઠ વર્ષનો અને બીજો તેર વર્ષનો છોકરો હતો. ત્રીજી છ વર્ષની બાળા હતી. ભુખમરાથી ત્રણે હાડપિંજર થઇ ગયાં હતાં. મોટો છોકરો ક્રુર નર્સના ડરથી આંખો ચોળતો ચોળતો પાણી લઇ પેલા રોગીની ઓરડીમાં ગયો. ત્યાં જતાંજ તેની નજર રોગી પર પડી. તેને જોતાંજ તે આશ્ચર્ય અને આનંદથી રોગીને ભેટી પડી બોલ્યો. "બાપા! બાપા!"

"આવ બેટા!" રોગી પુત્ર મળવાથી તરસ ભુલી જઇ રડતો રડતો બોલ્યો. મોટા છોકરાની વાત સાંભળી બીજાં બે બાળકો પણ ત્યાં દોડી આવ્યાં. ઘણે દિવસે પોતાનો બાપ મળવાથી ત્રણે બાળકો હર્ષથી નાચવા લાગ્યાં.

"બાપા! તમે આટલા દિવસ ક્યાં ગયા હતા!" મોટો છોકરો રોતો રોતો બોલ્યોઃ "તમને ખબર છે કે અમારી મા—"

"મરી ગઇ–" બીજો છોકરો બોલી ઉઠ્યો.

"હા. હા. જાણું છું." જાણે કંઇ ભયંકર ખ્યાલ આવ્યો હોય તેમ બંન્ને હાથે માથું દાબી રોગી બોલ્યો.

"તમે તો અમને મળ્યા પણ ન્હોતા પછી તમને મા મરી જવાની શી રીતે ખબર પડી!"

"બેટા !" કરૂણ અવાજે તે કંગાળ માણસ બોલ્યોઃ "ભુખ અને તરસથી તમારી મા આ સંસાર છોડી ચાલી ગઈ છે તે હું જાણું છું મને તેની શી રીતે ખબર પડી તે ન પુછો. મેં સ્વપ્નામાં તેને જોઈ હતી. પણ હવે એ ભયાનક સ્વપ્ન જોવાની ઇચ્છા નથી. ઓ ભગવાન ! જે સમય મેં મારી પત્નિની લાશને સામાન્ય કબરમાં જોઈ-જ્યારે તેના મ્હોંપર ચંદ્રની ચાંદની પડી-"

"બાપા ! આવી વાત ન કરો-" મોટો છોકરો બોલ્યો.

"વારૂં ! જવા દે વાત ! તારી નાની બહેન ક્યાં છે ?"

"તે પણ મરી ગઈ."

"તે શી રીતે મરી ગઈ ?"

"લંડનમાં વેસ્ટ એન્ડ સ્ટ્રીટમાં એક આલીશાન મકાનના દરવાજા પાસે હતાસ થઈ મા બેસી ગઈ અને થોડીજવારમાં તેનો જાન ચાલ્યો ગયો-"

"જેમ્સ !" રોગીની આંખો ભયંકર થવા લાગીઃ "તું એ જગ્યા મને બતાવી શકશે ?"

"હા. એ મકાન હું કદિપણ ભુલીશ નહિ. અમને એક પાદરી પુઅર હાઉસમાં મુકી ગયો ત્યારે એક બુદ્દીને નાની બ્હેન સોંપવામાં આવી. સવાર થતાંજ મારી નાની બહેન બુઢ્ઢીની ગોદમાં મરેલી પડી હતી-"

"ઓ પ્રભુ !-" મેલમય પત્થર જેવો અચેત થઈ બીછાના પર પડી રહયો.

"તે વખતે અહિંનો ડોકટર હાજર ન્હોતો તેથી બીજા ડોકટરને બોલાવવામાં આવ્યો. તેણે કહ્યું કે છોકરીનું ગળુ દબાવવાથી તે મરી ગઈ છે. પ્રથમ તો હું એ વાત ન સમજ્યો પણ પાછળથી સમજાયું કે પેલી બુઢ્ઢી નીશાબાજ હતી. ડોકટરે એ વાત છુપાવી દીધી. પછી બહેનની લાશને મોટા ડોકટરને ત્યાં લઈ ગયા, પછી શું થયું તેની મને ખબર નથી."

"શું ? મારી દીકરીની દફનક્રીયા પણ થઇ નહિ ?" મેલમથે પુછ્યું.

"મને તેની ખબર નથી. માની દફનક્રીયા થઇ હતી. હું કબ્રસ્તાન સુધી ગયો હતો. ભાઇ બ્હેન બહુ નાનાં હતા. તેથી તેમને સાથે લઇ ગયો ન્હોતો. હું માના કોફીન આગળ ઘુંટણીએ પડી પ્રાર્થના કરવા લાગ્યો તેથી દફન મારા પણ કરવાવાળો ઘણો ગુસ્સે થયો હતો. છોકરાની આંખમાંથી આંસુની ધાર પડતી હતી. તે અસ્પષ્ટ સ્વરે પાછો બોલ્યો: "મેં તમારે માટે ને ભાઇ બ્હેન માટે પ્રાર્થના કરી. પણ માને શાંન્તી મળે એવી પ્રાર્થના ના કરી; કારણ કે તેના જેવી પવિત્ર સ્ત્રી સીધી સ્વર્ગમાંજ ગઇ હશે એવી મારી ખાત્રી હતી.

"તારી વાત સાચી છે, જેમ્સ ! એ સ્વર્ગમાં ગઇ છે અને શ્રીમંતોના જુલ્મમાંથી બચી ગઇ છે. રાજા રાણી કે અમીર ઉમરાવમાંથી બહુજ થોડા માણસ સ્વર્ગમાં જાય છે. મેં સ્વર્ગ અને નર્ક બન્નેનો અનુભવ મેળવ્યો છે. મારી ખાત્રી થઇ છે કે જેઓ આ સંસારમાં જુલ્મનો ભોગ થઇ હડહડ થાય છે તેઓનેજ અંતે પરલોકમાં શાંતિ મળે છે. જેઓ અહીં ગરીબોને સતાવે છે અને ગરીબોના લોહી ચુસી અમન ચમન ઉડાવે છે તેઓને દોઝખમાં યમરાજા ભયંકર શિક્ષા કરે છે. જો એમ નહી હોય તો ઇશ્વરી ન્યાય શી રીતે કહેવાય ?" દુ:ખી મેલમથ બોલ્યો.

"હા બાપા ! માની લાશ દફનાવવામાં આવી ત્યારે હું ખુબ રોયો હતો. એવીજ રીતે બહેનની દફનક્રીયા થઇ હોત તો હું તેની કબર આગળ પણ પ્રાર્થના કરત."

"તેં હમણાં કહ્યું ને કે નાની બાળકીની લાશને ડાક્ટરને ત્યાં લઇ જવામાં આવી હતી ?"

"હા."

"એ ડોક્ટરનું નામ ઠેકાણું તું જાણે છે ?"

"હા. તેનું નામ વર્સ્ટન છે અને તે વેસ્ટ એન્ડ અથવા મે ફેરમાં રહે છે."

"એ વાત યાદ રાખજે ભુલને ના. ઓ પ્રભુ! હવે નથી રહેવાતું! અમારી આવી હાલત તું ગુપચુપ જોઇ રહ્યો છે તો પછી તું ન્યાયી શાનો?"

"બાપા! પ્રભુ ન્યાયી છે. તેના પરથી આસ્તા ન છોડો. બાપા, તમે આટલો વખત કયાં હતા?"

"હજુ મેલમથ આ સવાલનો જવાબ આપે તે પહેલાં ડાકટર આવી પહોંચ્યો. તેની સાથે ત્યાંની મુખ્ય નર્સ હતી. આ નર્સ પેલી ક્રુર નર્સ કરતાં દેખાવમાં જરા સારી જણાતી હતી. ડૉકટરની ઉમ્મર પીસતાળીશ વરસની હતી. તે બહુ સ્વાર્થી કે ન્હોતો. મેલમથને તેના બાળકો સાથે જોઇ તેને આનંદ થયો.

"આહા! કેવું આશ્ચર્યજનક મિલન?" તે બબડયો.

"ડૉકટર સાહેબ! આ મારા બાળકો! તમે મારા તરફ જે લાગણી બતાવી છે તે માટે હું તમારો આભાર માનું છું." મેલમથે ડૉકટર તરફ જોઇ કહ્યું.

"ભાઇ મેં મારી ફરજ બજાવી છે. પ્રભુ ચાહશે તો હું એક અઠવાડીઆમાં તમને સાજા કરી દઇશ." જ્યાં સુધી તમે સાજા થઇ નહિ જાઓ ત્યાં સુધી હું તમારા બાળકોની દેખરેખ રાખીશ. મીસીસ વોટકીન! આ ત્રણ બાળકોને રોગીઓના રજીસ્ટરમાં નોંધી લો અને તેમને માંસનો ખોરાક અને પોર્ટવાઇન આપવાની ગોઠવણ કરો."

"જી સાહેબ!" મીસીસ વોટકીન હસીને બોલી. ડૉકટર રોગીઓને શરાબ આપવાની વાત કરતો ત્યારે તે ઘણી રાજી થતી કેમકે રોગીના શરાબમાંથી ત્રીજો ભાગ તેની હોજરીમાં જતો હતો.

"હમણાંજ બાળકોને સ્નાનાગારમાં લઇ જાઓ અને પછી ત્રણે જણને ગરમ કપડાં આપો." ડૉકટરનો હુકમ સાંભળી નર્સ ત્રણે બાળકોને સ્નાન કરાવવા લઇ ગઇ અને ડૉકટર અને મેલમથ એકલાં પડયાં.

પ્રકરણ–૧૫૫ મું.

મ્હોંકાણ.

ચેન્સરી લેનમાં સ્હવાર થતાં પેલી રંગીલી સખીઓ જાગી. રાતે સુવા જતી વખતે લીટીશીઆને ફીટઝે એક બીજી સાથે અટક-ચાળા કરીને વસ્ત્રો બદલ્યાં હતાં. અને પ્લેન્ટાજીનેટ શરમાઇને દુર એકલી રહી હતી. પ્રભાત થતાં એ રંગ બદલાઇ ગયો. ફીટઝ સ્હવારે પ્લેન્ટાજીનેટની સાથે વસ્ત્ર બદલવા લાગી અને પોતાની નવી સખીને વસ્ત્ર પહેરાવામાં સહાય આપવા લાગી.

લીટીશીઆના આનંદનો આજે પાર ન્હોતો. તેથી આરામ નિંદ્રા લીધી હતી. રાતે તેને મીઅલ્સ વિષે એક રમ્ય સ્વપ્નું આવ્યું હતું. વળી આજે તે વીંડસર જઇને વૃધ્ધ મહારાજાપર પોતાની સત્તા ચલાવી મીસીસ ફીટઝની કીંમતી સેવા બજાવવાની હતી. તેને પોતા-ના વિજય માટે લેશ માત્ર શંકા ન્હોતી. તે રાજા અને તેની રાજ-કુમારીની એટલી બધી પોલ જાણુતી હતી કે રાજા જે માગશે તે ખુશીથી મંજુર રાખશે એવી તેની ખાત્રી હતી.

તે એકલી એકલી વસ્ત્રો બદલતી હતી. એવામાં સામેના પડદાની પાછળથી ચુંબનનો અવાજ આવ્યો. એ અવાજ સાંભળતાંજ તે ચોંકી અને તે ખીલખીલ હસી પડી. તેનાં હાસ્યનો અવાજ સાંભળી ફીટઝનું મ્હોં ઉતરી ગયું. પ્લેન્ટાજીનેટે પણ ખસીઆણી પડી મ્હોં ફેરવી લીધું. લીટીશીઆને એ ચુંબનનો અવાજ વિચિત્ર લાગ્યો હતો. બે સખીઓના ચુંબન જેવી એ ચુંમી ન હતી. એ ચુંમીમાં આશુક માશુકના ચુંબન જેવી મસ્તી હતી. પ્રથમથીજ લીટીશીઆને સહેજ શંકા હતી તે હવે હકીકત થઇ અને તે આ રંગીલો નાટક જોઇ નિરંકુશ હસવા લાગી.

“આહા! કેવી મઝાની વાત છે! આવી મઝા તો કદિ જોઇ નથી!” તે બોલી અને પછી હસવા લાગી.

ફીટઝ આજે જાગ્રત થઇ ત્યારથીજ તેનો ચ્હેરો ખિન્ન અને

મલિન થઇ ગયો હતો. લીટીશીઆની મશ્કરી તેને રૂચી નહિ. પ્લેન્ટાજીનેટ પણ જલ્દી જલ્દી વસ્ત્ર બદલી, જેમ તેમ મનોભાવ છુપાવી પડદા પાછળથી બહાર આવી અને લીટીશીઆને વધુને વધુ હસ્તી જોઇ બોલી:

"કેમ બહેન! ગાંડી બાંડી થઇ છે કે શું?"

"નહિરે સખી! પણ—હા—હા—હા! કેવી રંગીલી. મઝા! હા—હા—હા!"

"કોણ જાણે લીટીશીઆના મનમાં શું ભ્રમ થયો છે!" રીટઝે જેમ તેમ મ્હોં ઉઘાડયું.

"ભ્રમ? હા—ભ્રમજ ને વળી! હા—હા—હા! આવી મઝેદારીનો સ્વાદ મેં કદી લુંટયો નથી.

"બેસ બેસ ચીબાવલી!" પ્લેન્ટાજીનેટ બોલી: "આજે તું વીંડસર જવાની છે તેથી તને ગમે તેવી મસ્તી સુઝે છે!"

"હા, વીંડસર જઇને મારૂં ધાર્યું કામ પાર પાડી મીસીસ રીટઝને હું ડચેસ બનાવીશ." લીટીશીઆ ગંભીર થઇ.

"બહેન! એ માટે હું તારી જીવનભર ઋણી રહીશ." રીટઝે ઉપકાર માન્યો અને ત્રણે સખીઓ ઓરડામાં જઇ ખુરસી પર બેઠી.

બે ત્રણ મિનીટ ત્રણે જણી મૌન રહી. લીટીશીઆ એકીટસે પ્લેન્ટાજીનેટને જોઇ રહી હતી અને તે પછી રીટઝ તરફ નજર કરી હસી પડી હતીઃ તેનું હાસ્ય તેની બંન્ને સખીને શરમાવી નાખતું હતું.

"તમે ગભરાવો ના! હું કોઇનો ભેદ કોઇને કહેતી નથી. હું વીંડસર જાઉં છું તે દરમ્યાન તમે અહિં આનંદ કરજો."

"પણ ભેદ જેવું છે શું?" રીટઝ કૃત્રિમ ગુસ્સો કરી બોલી.

"હશે. એ વાત જવા દો. હવે મારે વીંડસર જવાની તૈયારી કરવી જોઇએ."

બન્ને સખીઓ એક બીજાની ઠઠ્ઠા મશ્કરી કરી રહી હતી એવામાં ગીઅલ્સનો નોકર વારપ ગંભીર વદને ધીમેથી દ્વાર ખોલી ત્યાં આવી લાગ્યો. હાલમાં તે લીટીશીઆની નોકરીમાં હતો. વારપને જોતાંજ તે મદમાતી સખીઓની મશ્કરી બંધ પડી ગઇ. લીટીશીઆએ તીરછી નજરથી મીસીસ ફીટઝ અને પ્લેન્ટાજીનેટ તરફ જોઇ કહ્યું "ચાલો, હવે હું જાઉં છું. હું પાછી ફરૂં ત્યાં સુધી તમે મઝા કરજો. ડરવાની કંઇ જરૂર નથી. બીજાના ભેદ કોઇની આગળ ખુલ્લા કરવાની મને ટેવ નથી. તમે બંને બે ફીકર રહેજો." આટલું કહી તેણે વારપ પર નજર ફેંકી. વારપનો શોકજનક ચહેરો જોઇ લીટીશીઆ સમજી ગઇ કે કંઇ ગંભીર બીના બની છે.

"બાઇ ! તમને એકાંતમાં એક ગંભીર વાત કહેવાની છે." વારપે ફીટઝ અને પ્લેન્ટાજીનેટ તરફ એકવાર નજર ફેંકી લીટીશીઆને કહ્યું.

"અહિંજ કહેને ! આ મારી પ્યારી સખીઓ છે. મારી કોઇ પણ વાત એ બેકોથી છુપી નથી." લીટીશીઆ બોલી.

"હું ઘણીજ ગંભીર હકીકત કહેવા આવ્યો છું." વારપ બોલ્યો.

"તો જલદી બોલ." વારપની ગંભીરતાથી લીટીશીઆ ડરી.

વારપનું મ્હો ઉતરી ગયું હતું. તેનો અવાજ રૂંધાતો હતો. તે જેમ તેમ આંસુ ખાળી બોલ્યોઃ "બાઇ ! સર જોન બેડ—"

"હેં ! એમને શું થયું ? શું તે પોતે મને શોધવા આવ્યા છે ? મેં રાત બહાર ગાળી હતી તેથી તે નારજ થયા છે ! જો એમ હોય તો તે પોતે અંદર આવીને જોતા કેમ નથી કે હું તો મારી આ સખીઓ સાથે રાત રહી હતી—" કહી લીટીશીઆએ પોતાની સખીઓ તરફ નજર કરી.

"સર જોન હવે તમને જીવતા જીવત મળવાના નથી."

"શું ? તુ શું બકે છે ? સર જોનને શું થયું ?"

"તે પરલોકવાસી થયા—"

"પરલોકવાસી થયા ?" લીટીશીઆ આટલાજ બોલ બોલી શકી. બીજીજ પળે તેની આંખોમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યા. તેના

મનમાં અનેક જાતના તર્કવિતર્ક થવા લાગ્યા. તેને જે માન મર્યાદા અને દોલત મળ્યાં હતાં તે સર જોનને લીધેજ મળ્યાં હતાં. ડ્યુક બેરોનેટ તેના પર પાગલ હતો. લીટીશીઆ ગમે તેમ વર્તતી છતાં સર જોન તેના પર કદિ ગુસ્સે થતો નહિ. લીટીશીઆ પોતાના મનના તરંગ પ્રમાણે મરદાના પોષાક પહેરી ગમે ત્યાં ફરવા જતી અને ગમે ત્યારે ઘેર આવી હતી સર જોન તેને પોતાના પ્રાણથી વધારે ચાહતો હતો તેથી લીટીશીઆની સ્વચ્છંદતા ખુશીથી સહી લેતો. તે મીઅલ્સ ની માશુક હતી, ગમે તેની સાથે બેસી શરાબ પીતી હતી તેની સર જોનને માહીતી હતી પણ સર જોન તે માટે કદિ અપ્રસન્નતા બતાવતો નહિ, આવા પ્રેમના બદલા લીટીશીઆ તેના તરફ ફક્ત મીઠી નજરથી જોતી અને કોઇવાર બુઢ્ઢાને રાજી કરવા માટે સ્રીના વસ્રો પહેરી તેની સાથે લાડ કરતી. આ બધા વિચારથી સર જોનનાં મરણની અચાનક ખબર મળતાં તેને વજ્રાઘાત થયો. પતિના અંતકાળે તે તેની લેશ માત્ર સેવા કરી ન શકી—અરે! તેના મ્હોનો છેલ્લો બોલ પણ સાંભળવા ન પામી તે માટે તેને અનહદ શોક થવા લાગ્યો. થોડીવાર રોઇને છાતી હલકી કર્યા પછી તેણે પુછ્યું:

"વારપ! અચાનક એ શી રીતે ગુજરી ગયા?"

"ભયથી!"

"શાનો ભય? તે મને સ્પષ્ટ વાત કર."

"કાલે મધરાતે બે સખસોએ આવીને કહ્યું કે અમને આ મકાનની ઝડતી લેવાનો સરકારી હુકમ મળ્યો છે." વારપ બોલ્યો: એમાંના એકને તો હું તરતજ ઓળખી ગયો. પણ બીજો કોઇ અજાણ્યો હતો."

"તેં ઓળખ્યો તે સખ્સ કોણ હતો?"

"પ્રિન્સનો ફ્રેંન્ચ હજુરીઓ જરમેન!"

"આ સાંભળતાં લીટીશીઆથી અચનાક ફીટઝ તરફ જોવાઇ ગયું. ફીટઝના મનમાં પણ ભય ઉત્પન્ન થયો.

"બીજાએ કહ્યું કે તે હોમ ઓફીસનો અમલદાર છે." વારપે વાત આગળ ચલાવી.

"પછી ? જલ્દી બોલ."

"તે લોકોએ કહ્યું કે રાજદ્રોહ માટે દેશનિકાલ થયલા સખ્સ સાથે લેડી લીટીશીઆને ગાઢ સંબંધ હતો તેથી માજીસ્ટ્રેટે તમારા ઘરની ઝડતી લેવાનો હુકમ મંજુર રાખ્યો છે."

"આ બધા પ્રિન્સના કારસ્તાન છે." લીટીશીઆ બબડી.

"કદાચ તમે અહિં આવ્યા છો અને મને મદદ કરવા તઇયાર થયા છો: તેની પ્રિન્સને ખબર પડી ગઇ હશે! તે ખાઇ પીને આપણી પાછળ લાગ્યો છે. ગમે તે કરતાં તે ડરે એવો નથી." ફ્રીટઝ હતાશ થઇ બોલી.

"વારૂ—આખી વાત તો સાંભળવા દો."

"એ લોકો લગભગ બાર વાગે આવ્યા હતા—" વારપે આગળ વાત ચલાવી: "તેમનો હેતુ જાણુતાંજ સર જોને ભયથી એક ચીસ પાડી અને તે સાથેજ તેમની જબાન ન ખુલી. અમે તેમને શયનગૃહમાં લઇ ગયા—ડાક્ટર બોલાવ્યો—પણ શેઠની જબાન નજ ખુલી. કલાક સવા કલાકમાંજ તેમણે—"

"દેહ છોડી દીધી! હાય! લીટીશીઆ પોક મુકી રોવા લાગી.

"એક બાજુ આવો ગંભીર બનાવ બનવા છતાં પેલા બે જણા ઘરની એકેએક ચીજ બારીકીથી તપાસવા લાગ્યા."

હવે લીટીશીઆ થરથર ધ્રુજી ગઇ. "મારા સુવાના ઓરડામાંની રાઇટીંગ ડેસ્ક—"

"તે પણ તે લોકોએ ખોલી નાખી."

"બસ બસ! સત્યાનાશ વળી ગયું." લીટીશીઆ છાતી માથા કુટવા લાગી.

"શું તમારા કીમતી દસ્તાવેજો ગુમ થયા?" ફ્રીટઝે કમ્પિત અવાજે પુછયું.

હવે લીટીશીઆનો સુંદર ચહેરો ભયંકર થઇ ગયો. તે દાંત પીસીને બોલી: "હા. મારૂં સત્યાનાશ વળી ગયું. હવે વીંડસર જઇને હું કંઇ કરી શકીશ નહિં. પણ જો પ્રભુ પાધરો હશે તો આ અત્યાચાર માટે હુંજ ખુન વેર લઇશ."

"લીટીશાઆની ચંડીકા સમી મુર્તિ જોઇ ફ્રીટઝ અને તેની સાથી ડરી ગઇ. એજ વખતે મકાનની સામે એક ગાડી આવીને ઉભી રહેવાનો અવાજ આવ્યો. ત્રણે સખીઓ બારી પાસે જઇ ગાડી જોવા લાગી.

"ગાડીમાંથી બે સ્ત્રી ઉતરીને મકાનમાં દાખલ થઇ ગઇ પણ તેમના ચહેરા જણાયા નહિ." લીટીશીઆ બોલી.

"ગાડી તો ઓળખાતી નથી પણ કોચમેન અને સઇસના ચહેરા અગાઉ જોયા હોય એવા લાગે છે." ફ્રીટઝ બોલી: તે પછી ભયભીત નજરે પ્લેન્ટાજીનેટ તરફ જોઇ તેણે કહયું: કદાચ એ સ્ત્રીઓ મનેજ મલવા આવી હશે."

આ સાંભળી પ્લેન્ટાજીનેટ તરત બીજા ઓરડામાં—જવા તઇયાર થઇ પણ તેજ પળે કોઇએ બારણું ખોલી નાખ્યા અને ડચેસ ઓફ ડેવનશાયર તથા કાઉન્ટેસ ઓફ ડેસમંરો ઓરડામાં દાખલ થઇ ગઇ.

પ્રકરણ ૧૫૬ મું.

પ્રિન્સ આવ્યો!

મીસીસ ફીટઝની ખાત્રી હતી કે કાઉન્ટેસ ઓફ ડેસબરો પ્લેન્ટાજીનેટને પીછાની નહિ શકે તે સંભવિત છે પણ ડચેસ તો તેને જરૂર ઓળખી લેશે. આ ખ્યાલથી તે એટલી બધી વ્યાકુળ થઇ ગઇ કે તેના મ્હોમાંથી ચીસ નીકળી પડતી તે જેમ તેમ અટકાવી શકી, મામલો ઘણોજ ભયંકર હતો. પણ સારે નસિબે તે મનની વ્યગ્રતા છુપાવી શકી. મનમાં ને મનમાં આવેશને દાબી દઇ ડચેસ અને કાઉન્ટેસને જોઇને તેનું જીગર આભારથી ઉભરાઇ ગયું હોય તેમ બન્નેનું સ્વાગત કરવાને બારણા તરફ દોડી ગઇ. તેની ઇચ્છા એવી હતી કે જો બન્નેની નજર પ્લેન્ટાજીનેટ પર ન પડે તો તે બાજુના ઓરડામાં ચાલી જશે પણ કમનસિબે તેમ ન થયું. ડેવનશાયરની ડચેસ તેને જોતાંજ ઓળખી ગઇ અને તરત તેની પાસે જઇ ધીમેથી બોલીઃ "ભાઇ! આ શો વેષ છે?"

"બહેન! ખુદાને ખાતર ચુપ રહે." નાક પર આંગળી મુકી પ્લેન્ટાજીનેટે વિનંતી કરી.

આ બાજી ફીટઝે એલીનર–કાઉન્ટેસ ઓફ ડેસબરોને વાતચીતમાં એવી રોકી રાખી કે જ્યોર્જીઆના અને પ્લેન્ટાજીનેટ વચ્ચેની વાતનો એક અક્ષર પણ તે સાંભળી શકી નહિ. બન્ને અમીરજાદીઓ આવતાં વારપ ત્યાંથી બહાર ચાલ્યો ગયો હતો અને લીટીશીઆ ફીટઝની વિદાય લેવા માટેજ ચોભી હતી.

પ્લેનટાજીનેટે ખુદાને નામે ચુપ રહેવાની ડચેસને અરજી કરી છતાં ડચેસે તેનો હાથ છોડયો નહિ. તેણે ફરીથી પુછયું: "આ શા ઢોંગ છે!"

"બહેન! બધી વાત પછી કહીશ. હમણાં મને છોડી દે. કાઉન્ટેસ જો મને ઓળખી જશે તો મારી ફજેતીનો પાર રહેસે નહિ." પ્લેન્ટાજીનેટ કરગરી. એજ વખતે એલીનરની તેના પર નજર પડી. હવે

બીજા ઓરડામાં ચાલી જવાનું સભ્યતાથી વિરૂધ્ધ ગણાશે એમ સમજીને તેણે ડચેસના કાનમાં કહ્યું: "મને મીસ પ્લેન્ટાજીનેટ કહીને એલીનર સાથે મારી પીછાન કરાવ."

ડચેસ જરા હસી પણ તેણે તરત બાજી સંભાળી લીધી. કાઉન્ટેસ તરફ જોઇ તે બોલી: "એલીનર! આ મારી સખી મીસ પ્લાન્ટાજીનેટ! લંડનમાં એ હમણાંજ આવી છે તેથી તું એને ઓળખતી નથી.

એલીનર પ્લેન્ટાજીનેટ તરફ જોઇ વિચારમાં પડી. થોડીવાર પછી તે બોલી: "મેં એમને કોઇ જગ્યાએ જોયાં હોય એવો ભાસ થાય છે."

"હશે. હું અગાઉ લંડન આવી ગઇ હતી. કદાચ આપણી સખી મીસીસ ફીટઝ જ્યારે કાર્લટન મેન્શનમાં રહેતી હતી ત્યારે ત્યાં કોઇવાર તમે મને જોઇ હશે." જાણે તદન સાચીજ વાત કહેતી હોય તેમ પ્લેન્ટાજીનેટ બોલી. પણ એલીનરની તીક્ષ્ણ નજર જોતાંજ તે જરા ગભરાઇ ઉઠતી.

"બ્હેન! હું લેડી લીટીશીઆ સાથે તમારી પીછાન કરાવવાની તો ભુલીજ ગઇ. જ્યારે દુનિયા મને તજી ગઇ ત્યારે એમણે મારા પર ભારી ઉપકાર કર્યો." ફીટઝ એલીનર અને પ્લેન્ટાજીનેટની વાતચીત ટાળી નાખવાના હેતુથી બોલી.

ડચેસ ઓફ ડેવનશાયરે એમેલીઆ તરફ અભિમાનથી નજર ફેંકી તેને જરા નમન કરી ફીટઝને કહ્યું: "તારી ચીઠી ત્રણ ચાર દિવસ પહેલાં મારે ઘેર આવી હતી. પણ હું શહેરની બહાર ગઇ હતી."

"કાલ સાંજ સુધી હું પણ સ્ટેમ્ફર્ડ મૅનરમાં હતી–" કાઉન્ટેસે હમને લેડી લેહને નમન કર્યા પછી ફીટઝને સંભળાવ્યું. ડચેસ અને કાઉન્ટેસને અવમાનના સાથે પોતાને નમન કરતી જોઇ લીટીશીઆને હસવું આવ્યું.

"ચાલ બહેન! આ જગ્યાએથી બહાર નીકળ. મેં અને એલીનરે તારા કરજ જેટલી રકમ ભેગી કરી છે. હવે તારે અહિં રહેવાની

જરૂર નથી. "ડચેસ બોલી. પછી અવાજ ધીમો કરી તેણે કહ્યું: "લેડી લેડને અહિંથી વિદાય કર.

"હું તો હાલે સાંજેજ લંડન આવી." હવે એલીનર બોલવા લાગી: "આવતાંજ તારા પર આવેલી આફતની વાત સાંભળી મને ભારે દુઃખ થયું. આજે સ્હવારે ડચેસને ભાં ગઇ તો ડચેસ તારી પાસેજ આવવાને તૈયાર થઇ હતાં એટલે હું પણ એની સાથેજ ચાલી આવી—" પછી ડચેસની પેઠેજ ફીટઝના કાનમાં મ્હોં લગાવી તે બોલી: "આ લેડી લેડ અહિં શું કરવા આવી છે?"

"બહેન! લેડી લેડની અવજ્ઞાન કરો. એનું જીગર ઘણુંજ ઉદાર છે." ફીટઝે અત્યંત માન સાથે લીટીશીઆના સ્વભાવનો પરિચય આપ્યો.

આવી વાતચીત ચાલતી હતી એવામાં અચાનક બારણા ખોલી વારપ અંદર આવી પુગ્યો અને ભારી ગભરાટ સાથે બોલ્યો: "પ્રિન્સ અહિં આવે છે. હમણાં નીચેની ઓફીસમાં બેલીફ સાથે વાત કરે છે."

આ સાંભળતાં ફીટઝના હોંસકોસ ઉડી ગયા. તે પ્લેન્ટાજીનેટ તરફ કરૂણ નજરે જોઇ ચીસ પાડી ઉઠી: "હાય! હાય! પ્રિન્સ આવ્યા! હવે શું થશે?"

કાર્લટન મેન્શનમાં નાચના મેળાવડામાં પ્રિન્સે એલીનરને ફસાવવા માટે કાવતરૂં રચ્યું હતું તેની યાદ આવતાં તેના ચહેરાપરની લાલી ઉડી ગઇ: "જાન જાય તો પણ હું પ્રિન્સનું મ્હો જોવાની નથી." તે ગભરાઇને બોલી.

આ સાંભળતાંજ ફીટઝે સુવાના ઓરડાના બારણા ખોલી દીધા અને ડચેસે એલીનર અને પ્લેન્ટાજીનેટને તેમાં ધકેલી દઇ કહ્યું: "એલીનર! મારી સખીને પણ તારી સાથે લઇ જજે."

એલીનર અને પ્લેન્ટાજીનેટ સુવાના ઓરડામાં ગઇ તે પછી તરતજ પ્રિન્સ ધમપછાડ કરતો બેઠકખાનામાં આવી પહોંચ્યો. ચતુર શિરોમણી વારપ તે પછી બારણા બંધ કરી નીચે ચાલ્યો ગયો.

પ્રિન્સે આવતાં વાર હૅટ ઉતારી ને જોરથી ટેબલપર પછાડી. પછી ઓરડામાં ચારે તરફ તિક્ષણ નજર ફેરવી ત્યાં કોણ હતું તે જાણી લીધું. લ'ટીશીઆને જોવા છતાં તેણે તેની દરકાર કરી નહિ. જ્યોર્જીઆનાને જોઇ તેને શેકહેંડ કરવા માટે હાથ લંબાવી તેણે કહ્યું: "તમે અહિં મળશો એવો મને ખ્યાલ પણ ન્હોતો."

જ્યોર્જીઆના વિલાસી હતી પણ તેનું હ્રદય દયાળુ અને પ્રેમાળ હતું તેની સખી ફ્રીટઝ સાથે પ્રિન્સે જે નિષ્ઠુર વર્તન ચલાવ્યું હતું તેથી તેને બહુ દુઃખ થયું હતું. આથી પ્રિન્સને તાણો મારતી બોલીઃ "હું તો એમ માનતી હતી કે તમે અત્યાર પહેલાં અહિં આવી ગયા હશો."

"એ તો જેવો જેવો પ્રસંગ! કોઇ વખત એવો હોય છે કે કોઇ વ્યકિતને માટે આપણે જાન પટકી નાખીએ છીએ અને કોઇ વાર તેજ વ્યકિત આપણને કડવી ઝેર જેવી લાગે છે" પ્રિન્સે નફ્ફટાઇથી જવાબ વાળ્યો.

ફ્રીટઝ આ સાંભળી ગુસ્સાથી લાલલાલ થઇ ગઇ. તે કંઇ કહેવા જતી હતી પણ હવે માર્કિવંસ ઓફ બૅબોઇ સાથેની તેની પ્રેમલીલાની પ્રિન્સને ખબર પડી ગઇ છે એ બીના યાદ આવતાં તે ઓઠ ચાવી ચુપ થઇ ગઇ. તે સાથેજ તેને મીસ પ્લેન્ટાજીનેટની સ્મૃતિ થઇ. એ સ્મૃતિ થતાંજ તેનો ચહેરો મતિ જેવો ફીકકો પડી ગયો. તેનું આખુ શરીર શીથીલ થવા લાગ્યું અને તે વંટોળીઆમાં થરથરતા વૃક્ષના પાંદડાની પેઠે ધ્રુજવા લાગી.

"મીસીસ ફ્રીટઝ હરબર્ટને એક બે દિવસ તો શું પણ એક કલાક પણ આ જગ્યાએ તમે કેમ રહેવા દીધા તે હું સમજી શકતી નથી. ઘણો ઘણો વિચાર કરતાં પણ તમે આટલા નિષ્ઠુર શી રીતે થઇ શકયા હશો તેજ મારા મનમાં ઉતરતું નથી."

"તું તારી સખીને બહુ ચાહે છે તેથી તેના તરફથી વકીલાત કરી રહી છે. પણ એનેજ બધી વાત કરવા દેને!" પ્રિન્સ જાંગલી થયો.

હવે મીસીસ ફીટઝથી ચુપ ન રહેવાયું. તે મૌન તોડી બોલીઃ "શું મેં તમને મારા પ્રાણ કરતાં વધુ ચાહ્યા ન્હોતા ! તમારે માટે મેં સર્વસ્વનો ત્યાગ કર્યો ન્હોતો !" ફીટઝનો અવાજ પત્થરની છાતીને પણ પીગળાવી નાખે તેટલો કરૂણ હતો. પણ પ્રિન્સની છાતી રાક્ષસની છાતી કરતાં પણ વધારે ક્રૂર હતી.

"હું અહિં નકામો વખત બરબાદ કરવા આવ્યો નથી પણ ચોક્કસ કામસર આવ્યો છું." તે ગરમ મીજાજથી બોલ્યોઃ "વાતમાં ને વાતમાં મારાથી કોઇ ગુપ્ત વાત જાહેર થઇ જાય તો મારો દોષ ન કાઢતી. દાખલા તરીકે પ્રસંગોપાત મીસ પ્લાન્ટાજીનેટની વાત થાય તો તે મેં જાણી જોઇને કરી છે એમ ન સમજતી."

યુવરાજના શબ્દો સાંભળી ડચેસ પણ ચોંકી. તે હોઠ ચાવવા લાગી. ગમે તે રીતે પ્રિન્સને એ ભયંકર ભેદની ખબર પડી ગઇ હતી તે વિષે કંઇ શક ન્હોતો. મીસીસ ફીટઝ તો હવે જીવતી મરીજ ગઇ. તેની દશા ભયાનક થઇ પડી. તેનું મગજ ધગધગતા અંગારાથી સળગવા લાગ્યું. હૃદય બંધ પડવા જેવું થઇ ગયું. આંખો અર્થશુન્ય જેવી થઇ ગઇ, શબ જેવી તે દિવાલને અઢેલી જેમ તેમ ઉભી રહી ગઇ. જો તેણે દિવાલનો આશરો ન લીધો હોત તો તો તે જમીનદોસ્ત થઇ બેભાન થઇ જવા જેવી તેની હાલત હતી. લીટીશીઆ અત્યારે પતિ મરણના શોકમાં લીન થઇ ગઇ હતી. પણ તેની નજર સામે જે કરૂણ નાટક ભજવાતો હતો તે જોઇ તેને કંઇ કંઇ થઇ ગયું તે અત્યાર સુધી બારી આગળ ચુપચુપ ઉભી રહી હતી. તે બે ડગલાં આગળ આવી પ્રિન્સને સંબોધિને બોલીઃ "તમારે મને કંઇ કહેવું છે ?"

"તારા ઘરમાં બનેલા બનાવની તને ખબર પડી ગઇ હશે !" પ્રિન્સ તેના તરફ ધિક્કારભરી નજરે જોઇ બોલ્યો.

"હા. મને ખબર મળી છે કે ઇંગ્લાંડના પ્રિન્સ ઓફ વેલ્સે મોકલેલા બે બદમાસો મારા મકાન પર હલ્લો લઇ ગયા હતા અને

એક વૃધ્ધ અમીરને મારી નાંખી સવસ્વ લુંટી કાજી કરી ગયા હતા !" લીટીશીઆએ તીખા અવાજે ડામ દીધો.

જેને તું બદમાસો કહે છે તેઓ કાયદાના નોકર હતા." પોતાની દુશ્મનને પોતાના પંજામાં સપડાઇ ગયેલી માની પ્રિન્સ અભિમાનથી બોલ્યોઃ " તું મારી સાથે ચાલાકી કરીને મારા કાગળો ચોરી ગઇ હતી તે હવે એવી જગ્યાએ આવી પડયા છે કે તને તે કોઇ પણ રીતે મળવાના નથી. તારા બુઢ્ઢા ધણીના મરણ માટે હું એટલુંજ કહીશ કે તું કંઇ એવી સતી સાધવી નથી કે તેને માટે રોઇરોઇને મરી જાય."

"એક બે જણના જાન લેવા પ્રિન્સને મન રમત વાત છે. પેલા બીચારા ફોરસ્ટરનો આપઘાત પણ તમારીજ નામદારીનું ઉજ્વલ ઉદાહરણ છે." લીટીશીઆ અસામાન્ય ધિક્કારથી આંખમાંથી અગ્નિ વર્ષાવતી બોલી. પ્રિન્સ આ ભયાનક વાત સાંભળી ફીકો પડી ગયો.

"જો લીટીશીઆ !" તે હોઠ ચાવી જરા ઠંડો પડી બોલ્યોઃ

"આપણે એકબીજાની અનેક વાતો જાણીએ છીએ તે જાહેર કરવામાં કંઇ સાર છે. લીટીશીઆ ફ્લુક નામની એક છટકેલ સ્ત્રીનો શરમભર્યો ઇતિહાસ જાણવા માટે લુકનર બેનમાં જવાની મને જરૂર પડે એમ નથી."

"બરાબર ! પણ એજ છટકેલ સ્ત્રી સાથે તમે કાર્લટન મેન્શનમાં રાસ રમ્યા હતાને ?"

"એ તો એ બલાના પહેલા પ્રેમી જેક રેનની હકીકત જાણવા માટેની બાજી હતી. જેક રેનને ફાંસીની સજા થઇ છે. ખરૂં ?" "પ્રિન્સે વ્યંગ કર્યો.

'હા. તેને ફાંસીની સજા થઇ છે. પણ પાર્લામેંટમાં પ્રિન્સની કરજદારી માટે જે ચર્ચા થઇ છે તેની આગળ જેક રેનની અપકીર્તિ કંઇ વીસાદમાં નથી."

"શું ? આ રાજ્યના ભાવી વારસની સામે આવી ગુસ્તાખી !" જો "પ્રિન્સ છેડાયો.

"હા. એવીજ ગુસ્તાખી ! જો તમારે શબ્દબાણુથીજ લડવું હોય તો હજુ ઘણી વાતો બાકી છે." પ્રિન્સના ક્રોધની જરા પણ પરવા કર્યા વિના લીટીશીઆએ જવાબ વાળ્યો.

"જો લીટીશીઆ ! પહેલા આપણી સ્થિતિ જુદી હતી. આજે જુદી છે. તેથી આપણે સમાધાની કરી લઇએ તેમાંજ સાર છે."

"કદાચ પેલા કાગળો તમારે સ્વાધિન લઇને તમે એમ સમજી ગયા હશો કે તમે મારા પંઝામાંથી છટકી ગયા છો. પણ એ બધી વાતો મારા ભેજાંમાં ભરી છે. સમજ્યા ?

"તેથી શું થયું ? લેખીત પૂરાવા વિના તારી વાત કોણ માનવાનું છે ? હશે. હું તારી સાથે વેર વધારવા માગતો નથી. જે થયું તે ઠીકજ થયું છે. મને મારા કાગળો મળી ગયા છે અને તને પંદર વીસ દિવસમાં તારો મીગલ્સ મળી જશે. બોલ, હવે કંઇ કહેવું છે ?"

"નહિ." કહી લીટીશીઆ ફ્રીટઝ તરફ ફરી બોલી: "બહેન ! હું જાઉં છું. જો મારી સેવાની તમને કદિ જરૂર પડે તો હું તે બજાવવાને તઇયાર છું. મીગલ્સ સાથે તમારે બુરાઇ થઇ છે પણ તેનું પ્રાયશ્ચિત કરવાને હું રાજી છું. ચાલો, સલામ !"

ફ્રીટઝ લીટીશીઆ જેવી દીલાવર નહોતી. હવે લીટીશીઆ તેને કચેમ બનાવી શકે એમ નથી તેમ તેને સાલીયાણું પણ બંધાવી આપે તેમ નથી એ ખ્યાલથી તેની બધી ફીકાગીરી ઉડી ગઇ. પણ લીટીશીઆ મિસ પ્લેનટાજીનેટનો ભેદ જાણી ગઇ હતી એટલે ફ્રીટઝે લાચારીથી તેને સલામ કરી અને લીટીશીઆ વિદાય થઇ ગઇ.

"હવે બાનુ ! જરા મારી વાત સાંભળો." બારણા બંધ થયા પછી પ્રિન્સે ફ્રીટઝને કહ્યું "તારે માટે મેં જે વાત સાંભળી છે તે પછી હવે તને છોડી દેતાં મને શોક થતો નથી. આજે તો મેં

એક નવી વાત સાંભળી હતી તે કેટલે અંશે સાચી છે તે જાણવા માટે હું અહિં આવ્યો હતો. મીસ પ્લેનટાજીનેટ નામે વેષ બદલીને——"

"હવે એ વાત શા માટે છેડો છો?" ડચેસ વચ્ચે બોલી ઉઠી: "હવે મીસીસ ફીટઝ સાથે તમારી સમાધાની થાય તે સંભવિત નથી કાલે ચાંજેજ તમારી ભાવી પત્નીનું જહાજ ટેમ્સ નદીમાં આવી પુગ્યું છે અને આજે તો તે લંડનમાં આવવાની છે.

"એમ?" અત્યંત દુઃખી અવાજે ફીટઝ બોલી: "એ પણ પ્રભુની લીલા છે. એક સ્ત્રી જેલમાં અને બીજી રાજમહેલમાં—"

"ચુપ રહે! ખબરદાર જો ફરીથી આવી વાત કરી તો!" પ્રિન્સ બરાડ્યો: "તું પહેલાં મારી ગમે તે હો; પણ હવે કોઇ નથી. હું શું કહેવા માગું છું તે તું બરાબર સમજે છે કદાચ ફ્લમવર શહેરનું નામ દેતાંજ તારૂં મ્હોં કાળું થઇ જશે."

"મને માફ કરો." બંન્ને હાથોએ પોતાનું મ્હો ઢાંકી ફીટઝ બોલી.

મારક્વીસ ઓફ બેલોઇ સાથે ફીટઝને ગુપ્ત પ્રેમ સંબંધ હતો તેની ડચેસને ખબર નહતી તેથી અત્યારે ફીટઝ શા માટે લજ્જિત થઇ ગઇ તે તે સમજી શકી નહિ.

"હશે. જે ભુતકાળમાં બનયું હતું તે પણ સારૂં ન હતું, પણ તે પછી કોણ જાણે કયાંથી તેં લેડ અને પ્લેનટાજીનેટની દોસ્તી બાંધી!" પ્રિન્સ પાછો બોલવા લાગ્યો. "ઠીક છે. હું એકવાર પોલીનના એ દંભી પ્રેમીને જોવા માંગું છું." કહી તે એકદમ સુવાના ઓરડામાં ચાલ્યો ગયો. પણ તેની આશા પાર પડી નહિં. તે વધુ ગુસ્સે થઇ દિવાનખાનામાં પાછો ફરી બોલ્યો: "મને બેલીફ પાસેથી ખબર મળી છે કે નીચેની ગાડીમાં બે સ્ત્રી અહીં આવી હતી. જયોર્જીઆના! એક તો તું હતી; પણ બીજી સ્ત્રી કોણ હતો?"

"કાઉનટેસ ઓફ ડેસબરો." ડચેસે સરળ ભાવે જવાબ આપ્યો.

"હં ! ત્યારે એલીનર પ્લેનટાજીનેટની સાથે પોલ થઇ ગઇ, ખરૂં ને? ઘણી મઝાની વાત છે ! એ પણ ઠીક નાટક ભજવાશે !" પ્રિનસ મશ્કરી કરવા લાગ્યો.

"તમારી ભુલ થાય છે. એલીનરને પોતાની સંગીની કોણ છે તેની ખબર નથી એલીનર પર કલંક ચઢાવે એવા હેતુથી ડચેસે કહ્યું.

"ત્યારે તો અઉર મઝા આવશે. અહિંથી અભિમાનિની એલીનરને પ્લેનટાજીનેટ મરજી પડશે ત્યાં લઇ જશે."

હવે ડચેસનો પણ મીજાજ ગયો: "તમને બીજો કોઇ ધંધો છે છે કે લોકોની ગમે તેવી નિંદાજ કર્યા કરવી છે? બોલો, તમે મીસીસ ફ્રીટઝને છોડાવવા માગો છો કે હું એને કેદમાંથી મુક્ત કરાવું ?" ડચેસ બોલી.

"હું મીસીસ ફ્રીટઝને એક સુચના કરવા આવ્યો છું." કહી તેણે ગજવામાંથી થોડાક કાગળો કાઢયા: "આ કાગળો તો તું ઓળખે છે ને?"

"હા." મારકવીસ પર પોતે લખેલા પ્રેમ પત્રો જોઇને ફ્રીટઝ શરમાઇને બોલી.

"ઠીક. લે. આ હજાર હજાર પાઉંડની પાંચ નોટ લે અને આ કાગળ પર સહી કર." પ્રિન્સે ફ્રીટઝને પાંચ નોટો આપી તેની સામે એક કાગળ ધર્યો; "આ કાગળમાં લખ્યું છે કે કોઇ મકાન, દેવળ અથવા કોઇ પણ જગ્યાએ કોઇ પાદરી યા ધર્મગુરૂ મારફતે મારી સાથે લગ્ન થયા નથી.

"એનો અર્થ શો ?"

"અર્થ ગમે તે હોય. પણ તારે એના પર સહી કરવીજ પડશે."

"કદિ નહિ—કોઇ કાળે નહિ" થર થર ધ્રુજતી ફ્રીટઝ ચીસ પાડી ઉઠી.

"તો મારી વાત સાંભળ ! હું આજે છેલ્લે પાટલે બેઠો છું. જો તું સહી નહિ કરશે તો તેનું પરિણામ શું આવશે તે જાણે છે ? જો તું સહી નહિ કરશે તોપણ અહિંથી હું તને છોડાવી જઈશ. પણ કાલે સહવારેજ જહાજમાં બેસીને તારે અમેરિકા તરફ વિદાય થવું પડશે. જો કોઈ પાછળથી મારી ચર્ચા કરશે તો તારા છુપા પ્રેમપત્રો પ્રગટ કરી દઈશ એટલે લોકો એમજ માનશે કે પ્રિન્સ એ બદજાતના નખરાંનો ભોગ થઈ પડયો હતો. વળી ગઈ રાતની વાત પણ યાદ રાખજે—" પ્રિન્સે રીટકાને ધમકાવી.

"બસ કરો–બસ કરો." રીટકાની આંખે ચક્કર આવ્યા. "હું લાચાર છું. જ્યોરજીઆના ! બોલ, શું કરું ?"

"સહી કરી આપ બહેન ! "જ્યોરજીઆના બોલી."

લાચાર થઈ રીટકાએ સહી કરી આપી અને તે પછી બબડી: "આજે હું શયતાનને ત્યાં વેચાઈ ગઈ. અફસોસ !"

"જ્યોરજીઆના ! આના પર સાક્ષી તરિકે સહી કર."

"આ કાગળ સાથે મને કંઇજ સંબંધ નથી." ડચેસે ગુસ્સાથી ના પાડી.

"તો નીચેથી બેલીફને બોલાવી સહી કરાવીશ."

"નહિ. નહિ. બહેન ! જ્યોરજીઆના ! મને બેલીફની નજરે કલંકિત ના કર."

"જેવી તારી મરજી બહેન !" કહી ડચેસે સહી કરી પ્રિન્સે રાજી થઈ એ કાગળ ગજવામાં નાખ્યો અને અત્યંત બેદરકારીથી તે ત્યાંથી ચાલ્યો ગયો.

રીટકાએ કરજ ચુકવી છુટકારો મેળવ્યો અને તે ડચેસની એક દાસીને લઈ એલ્સબરી ચાલી ગઈ.

પ્રકરણ-૧૫૭ મું.

લેડી જરસી.

ફીટઝ હરબર્ટ પાસેથી બળાત્કારે પેલા કાગળ પર સહી લઇ મોટા ઓવરકોટથી પોતાની દેહ ઢાંકી કોઇ ન પીછાને એવી રીતે પ્રિન્સ ચેન્સરી લેનમાંથી બહાર નીકળી ગયો. નાકાપર જઇ તેણે એક ભાડાની ગાડી કરી અને કોચમેનને સેંટ જેમ્સ પેલેસમાં જવાનો હુકમ કર્યો. આજે પ્રિન્સની ભાવી પત્ની બ્રન્સવીકની રાજકુમારી કેરોલાઇન લંડનમાં આવી હતી તેથી રાજા રાણી અને રાજકુમારીઓ તેનું સ્વાગત કરવા માટે રાજમહેલમાં હાજર હતા. મહેલમાં જતાંજ પ્રિન્સે પોતાના પિતાને એકાંતમાં લઇ જઇ ફીટઝની સહીવાળો કાગળ આપી કહ્યું: "તમે મારી પાસેથી જે એકરારની માંગણી કરી હતી તેનો આ દસ્તાવેજ! એમાં કોઇ સ્ત્રીએ કબુલ કર્યું છે કે—સમજી ગયા ને?" કહી પ્રિન્સે ખંધુ હાસ્ય કર્યું.

રાજા જરા વિચારમાં પડયો. "મેં તારી પાસે કોઇ કાગળ માગ્યો હતો?......હા–હા–હવે યાદ આવ્યું–અહો! શાબાસ મારા દીકરા! આ તો અત્યંત ખુશીની વાત છે. હવે પીટ (ઇંગ્લાંડનો તે વખતનો પ્રધાન મંત્રી) તારૂં કરજ ચુકવવાને જરા પણ ચું ચા કરશે નહિ."

લગભગ બે કલાક સુધી બાપ દીકરાએ આ વિષે ખાનગી મસલત ચલાવી; પણ તે લખીને વાંચનારને કંટાળો આપવાની જરૂર નથી. બાપ સાથે વાતચીત કરી પ્રિન્સ પોતાના કાર્લટન મેનશનમાં ગયો. ત્યાં જતાંજ તેને જરમેને ખબર આપી કે કાઉન્ટેસ જર્સી તેની રાહ જોતી બેઠી છે.

"ત્યારે પ્રિન્સેસ લંડન આવી ગઇ–" પ્રિન્સ બબડયો અને ઓવરકોટ અને હેટ ઉતારી તે સીધો લેડી જર્સી પાસે ગયો.

લેડી જર્સી પણ પ્રિન્સની એક માશુકજ હતી. તેની સુંદરતાનો પાર નોતો. યૌવન વસંતનો બહાર વીતી જવા છતાં તેની ખુબસુરતી પ્રિન્સ જેવાને પણ આકર્ષી શકતી હતી. રમણીઓની ઉમ્મરના અચ્છા પરિક્ષકો પણ જર્સીને ૩૦–૩૨ વર્ષની ધારતા હતા. પણ

ખરૂં જોતાં તે બેતાળીસ વર્ષની હતી. તે લાંબી, સુડોળ અને તંદુરસ્ત હતી. આ ઉમ્મરે પણ તેનું વૃક્ષસ્થલ મોહક લાગતું હતું. જુવાનીનું પાણી ઉતરી જવાની કોઇ નીશાની તેના શરીર પર દેખાતી ન હતી. આંખો કાળી અને મારકણી હતી. તેમાં વિલાસ લોલુપ્તા અને ખંધાઇ તરી આવી હતી. તેની કમ્મર એટલી બધી પાતળી હતી કે જાણે તે નૃત્ય કરવા અને વિલાસ ભોગવવાજ સરજાઇ હોયની એવો ભાસ થતો. તેનો પતિ તેને અત્યંત ચાહતો હતો. તે ગમે તે કરતી તો પણ તેને તે માટે માફી મળતી કેમકે તે પ્રિન્સ ઓફ વેલ્સની પ્રિયપાત્રી હતી. જો તે કોઇ સામાન્ય યુવાનને પ્રેમ સમર્પણ કરત તો તેનો અમીર પતિ તરતજ તેને તલ્લાક આપી દેત; પણ જર્સીએ પ્રિન્સને પોતાની દેહ વેચી હતી અને અમીરોની સભ્યતા પ્રમાણે લેડી જર્સી પ્રિન્સની રખાત થઇ તેથી જર્સી કુટુંબનું ગૌરવ વધી ગયું હતું. તે પ્રેમના પાઠ ભણવા અને ભણાવવામાં નીપુણ હતી તે સાથેજ તે છળ પ્રપંચ કરવામાં ઉસ્તાદ હતી. એજ માયાવિની આજે પ્રિન્સને મળવા આવી હતી અને જાણે પોતાનાજ ઘરમાં બેઠી હોયની એવી અદાથી મુલાયમ સોફા પર બેઠી હતી.

"બોલ, વ્હાલી! શી ખબર છે?" દિવાનખાનામાં આવતાં સાથેજ લેડી જર્સીના અધરપરનો અમીરસ પી જરા ગભરાયલા અવાજે પુછ્યું.

"સારી ખબર છે. તમારાં પટરાણી લંડનમાં આવી ગયા છે." મધુર પણ ઇર્ષાભરી છટાથી લેડી જર્સીએ જવાબ વાળ્યો.

પ્રિન્સનું મન પોતાની પત્નિ માટે પ્રથમથીજ કલુષીત થઇ ગયું હતું. તે જર્સીનો જવાબ સાંભળી બેચેન થઇ બોલ્યોઃ "તું એને મળી આવી? કોણ જાણે મારા લગ્નની વાત આવતાંજ મારૂં મન કેમ ખાટું થઇ જાય છે. બોલ, વ્હાલી! એ કેવી છે? એ મારી પત્નિ થવાને યોગ્ય છે? એ મને રીઝવી શકે એવી છે? તારા જેવી મોહક અને પ્રેમાળ છે?"

પ્રિન્સે સામટા સવાલો પુછવા માંડ્યા. લેડી જર્સી થોડીવાર નીચું મ્હોં રાખી ચુપ બેસી રહી. પછી જાણે કેવાક

શોકસાગરમાં ડુબી ગઇ હોય તેમ ચિંતાતુર વદને તે પ્રિન્સ તરફ જોઇ રહી તે ખરેખરી કાળી નાગણ હતી. તેના મ્હોમાં અમૃત અને હૃદયમાં હળાહળ ઝેર હતું. તેની દયાનત પ્રિન્સને પ્રિન્સેસ ફેરોલાઇનથી વિરક્ત કરવાની હતી. તે ચિંતાતુર નજરે પ્રિન્સને જોઇ રહી ત્યારે પ્રિન્સને એમજ લાગ્યું કે લેડી જરસી તેના ભાવી માટેજ ચિંતા કરી રહી છે. ઉદ્વેગથી તે કંપવા લાગ્યો અને જરસી પાસે જઇ તેનું ચીબુક પકડી બોલ્યોઃ "વ્હાલી! મારા સવાલનો જવાબ કેમ આપતી નથી?"

"કયા સવાલનો?" કરૂણ અવાજે તે બોલી.

પ્રિન્સ પાગલ જેવો થઇ ગયો. "રાજકુમારીને તું મારે લાયક સમજે છે?"

"નહિ વ્હાલા! એ તમારી દાસી થવાને પણ લાયક નથી." મહામહેનતે જરસી બોલી.

પ્રિન્સને તેનો શબ્દ વિધાતાના લેખ જેવો સત્ય લાગ્યો. તે જરસીની ગોદમાં બેસી ધીમે સ્વરે બોલ્યોઃ "જો વ્હાલી! મને જે હોય તે સાચી વાત કહે. ગયે વરસે મારો ભાઇ કલેરંસ બ્રન્સવીકની પ્રિન્સેસને જોવા ગયો હતો તે તેના રૂપગુણની ગાથા ગાતો પાછો આવ્યો હતો. તે શિવાય મારા એક બીજા માણસે પ્રિન્સેસ સંબંધી મને એક પત્ર લખ્યો છે તેમાં પણ તે તેના રૂપ ગુણની પ્રશંસા કરે છે. હવે તું કહે, વ્હાલી! તારી નજરે એ કેવી લાગે છે? કંઇ છુપાવવાની જરૂર નથી.

"જ્યોર્જ! વ્હાલા!" પ્રિન્સના વાળ પર હાથ ફેરવતી તે કાળી નાગણ બોલીઃ "શું તમે સાચી વાત મારે મ્હોડે કહેવડાવવા માગો છો?"

"હા. વ્હાલી! જે હોય તે જરાએ જરા મને કહી દે."

"પ્રિન્સેસ માટે મેં જે કાંઇ સાંભળ્યું છે તે પણ કહું?" બહુ દુઃખ થતું હોય એવો ઢોંગ કરી તે બોલી.

"હા. હા. મને બધું કહે. મને વધુવાર સંદેહમાં ના રાખ." ધડકતી છાતીએ પ્રિન્સ બોલ્યો.

"સાંભળો ત્યારે ! વ્હાલા !" પ્રેમભરી નીગાહથી પ્રિન્સને જોતી લેડી જરસી બોલી: "હું તમને પ્રાણથી પણ વિશેષ ચાહું છું તેથી તમારા દુઃખદ ભાવીનો ખ્યાલ કરતાંજ મારૂં જીગર ફાટી જાય છે. સાંભળો, કાલે તમારા કહેવા પ્રમાણે હું મીસીસ એરટન અને મી. કલે. રમન્સ સાથે ગ્રીનવીચમાં પ્રિન્સેસને જહાજ પરથી ઉતરતી વખતે આવકાર આપવા માટે ગઇ હતી. રાજકુમારી દશ વાગે જહાજ પરથી ઉતરતાં રિવાજ પ્રમાણે ત્યાંના ગવર્નરે તેનું સ્વાગત કર્યું હતું. રાજકુમારીનો ચહેરો આંખને ખરાબ લાગે એવો તો નથી પણ તે પર સ્નેહાળતા કે બુધ્ધિમતાનું એકે ચિન્હ નથી. તેની આંખો ઠીક છે. પણ પાંપણ બહુ મોટી છે. આગળના દાંત ખરાબ નથી પણ આસપાસના દાંત સડી ગયલા લાગે છે."

"આ શું બોલે છે ! શું ખરેખર તે એવી છે ? "અત્યંત તિરસ્કારથી પ્રિન્સે કહ્યું.

"હા. વ્હાલા ! પાણી પીતાં વગર કારણે પ્રિન્સેસ ખડખડાટ હસી પડી હતી તે સમયે મારી નજર તેના દાંત પર પડી હતી. તેની સાથે બ્રન્સવીકથી મીસીસ હારકોટ નામની દાસી આવી છે તેણે મને જે વાત કહી તે તો વ્હાલા ! હું કદિ તમને કહેવાની નથી." જરસીએ ઝેરમાં ઝેર રેડવા માંડયું.

"બોલ, બોલ. બધી વાત સાંભળ્યા વિના હું તેને છોડવાનો નથી."

"મીસીસ હારકોટે મને વિશ્વાસપાત્ર ગણીને ખાનગીમાં એ વાત કહી છે."

"તો તું મારાથી એ વાત છૂપાવવા માગે છે ? તને મારા સુખની દરકાર નથી ?"

"એમ ગુસ્સે ન થાઓ, વ્હાલા ! હું તમારા પરથી જાન ન્યો. છાવર કરવાને તૈયાર છું તો બીજું તો શું કહેવું ? સાંભળો ! અત્રે આવતાં રસ્તામાં પ્રિન્સેસનો એક સડેલો દાંત તુટી ગયો હતો તે તેણે લોર્ડ મમ્સબરી પર મોકલી આપ્યો છે."

"જો આ વાત ખરી હોય——————"

"તેની મને ખબર નથી. મને તો મિસીસ હારકોર્ટે એ વાત કહી હતી."

"અફસોસ ! એ ચંડાળણી આવી હશે એવો મને ખ્યાલ પણ ન્હોતો. જે સ્ત્રી સાથે મારે લગ્નગ્રંથિથી જોડાવું પડશે તે આવી નીચ હોવા છતાં મારે મનમાં ને મનમાં બળીને ચુપ રહેવું પડશે." પ્રિન્સને માથે કોઇએ બળતી સગડી મુકી હોય એમ તેનું મસ્તક બળવા લાગ્યું: "બોલ, બીજું શું છે ?"

"તમારે તેના રૂપનું વર્ણન સાંભળવું છે ને ? એ રાજકુમારી રહી એટલે માનને ખાતર લોકો તેના વાળને સોનેરી કહે છે પણ જો કોઇ સામાન્ય સ્ત્રીના વાળ એવા હોત તો તે લાલજ કહેવાત. એની ભમર એવી આછી છે કે જાણે તે પર વાળજ ન ઉગ્યા હોય એમ લાગે છે ! નાક દારૂડીઆ પુરૂષ જેવું ફુગેલું છે અને ઓઠ બહુ જાડા છે. કદમાં મધ્યમ છે તેથી જાણે કોઇ મજુરને ત્યાં જન્મી હોય એવી લાગે છે. વ્હાલા ! હું હાથ જોડીને કહું છું કે આ વાત મનમાંથી કાઢી નાખજો. તમે ખરી વાત પુછી એટલે લાચારીથી મારે તમને આવી બુરી ખબર આપવી પડી."

"તારી સ્પષ્ટતા માટે હું તારો આભારી છું. વ્હાલી ! તું આ વાત મને કહે છે તેજ તારા પરના પ્રેમની સાબીતી છે. અગાઉથીજ તે કેવી છે તેની મને પુરી ખબર મળી જાય તો તેને રૂબરૂ ગળતાં મને વિશેષ ક્ષોભ થશે નહિ. બોલ, તેનાં વક્ષસ્થલ કેવા છે ?"

"પ્રિન્સેસનું વક્ષસ્થલ–" પોતાના અધખુલા પીન પયોધર તરફ આડી આંખે જોતી લેડી જરસી બોલી.

"વ્હાલી ! તારા શિવાય બધા બદમાસોએ મને થાપ આપી છે." અત્યંત ખિન્ન થઇ પ્રિન્સ બોલ્યો: "પ્રથમ તેના ફોટાએ મને છેતર્યો. પછી મારા ભાઇએ મને અંતે બ્રન્સવીક ગયલા મારા દુતે દગાબાજી કરી, અને બદમાસ, સ્વાર્થી, પેટભરા, ખુશામદીઆ છાપાવાળાની તો

શું વાત કરૂં ? એ બદમાસો તો કેરોલાઇનને સ્વર્ગની પરી કરતાં પણ વધારે સુંદર બનાવે છે."

"વ્હાલા ! શું ! હું તમને ખોટી વાત કહું છું ? જોજોને ! કલાક બે કલાકમાંજ તમે તેને રૂબરૂ જોશો !" જરસી સત્યવાદીની પુછડી બની ગઇ.

"વ્હાલી ! મને તારા પર સમ્પુર્ણ વિશ્વાસ છે. બોલ, હવે એકવાર આખું વર્ણન કરીજા."

"વ્હાલા ! તમે મારા પર આજે આફ્ત વરસાવી રહ્યા છો. પણ પણ જ્યોર્જ ! મને તમારા સુખની દરકાર છે તેથીજ મારે આ દુઃખભરી વાત કહેવી પડે છે. લોકો તો એ રાજકુમારી છે એટલે તેને બેડોળ શી રીતે કહી શકે ? જો એ કોઇ ભઠીઆરાની દીકરી હોત તો લોકો એમજ કહેત કે વદન સુંદર છે પણ તેમાં માધુર્યનો છાંટો નથી. વાળ લાલ હોવા સાથેજ ખડબચડા છે. આંખો જરા મોટી છે ખરી પણ તે છટકેલ કામાતુરા જેવી લાગે છે. નાક રોમનો જેવું મોટું અને ઓઠ જાડાં છે. દાંત સડેલા હોવાથી શ્વાસ સાથેજ દુર્ગંધ નીકળે છે. ગરદન ઘણીજ ટુંકી છે અને જાણે સાત બચ્ચાની મા હોય એવું તેનું શરીર ફુલી ગયું છે. કુંવારિકાનું એકે લક્ષણ તેનામાં જણાતું નથી. જીગરમાં ઉદારતા નથી. ચહેરા પર ધુર્તતા ઝળકી રહી છે અને એ ચાલે ત્યારે ગમાર ગામડીઅણ જેવી લાગે છે."

"એમ છે !" પ્રિન્સ જરસીનો એકેએક બોલ સાચો માની અંગથી બોલ્યો. બીજીજ પળે તેનો ક્રોધ સળગી ઉઠયોઃ અને એ ઇંગ્લંડની ભાવી મહારાણી થવાની છે ? જો આ દુનિયામાં ઇશ્વરની જરાપણ સત્તા ચાલતી હોય તો એ સ્ત્રી કદિ ઇંગ્લાંડની રાણી થશે નહિ. કમ્બખ્ત પીટ અને ગ્રાન્ય સમાજ ભલે દુનીઆના રીતરિવાજ અનુંસાર મારે ગળે એ બલાને વળગાડી મને એનો પતિ માને; પણ હું કસમ ખાઉં છું કે એ સ્ત્રીને હું કદિ ઇંગ્લાંડની રાણી બનાવીશ નહિ." આટલું કહી અત્યંત બગ્ર

ચિન્તે તે ઓરડામાં આંટા મારવા લાગ્યો. તેની પીઠ થતાંજ જર્સીના ચહેરા પર રાક્ષસી હાસ્ય ફરક્યું. બે ત્રણ મિનીટ પછી પ્રિન્સ પાછો સોફાપર આવી બેઠો.

"વ્હાલી ! બીજું કંઇ કહેવાનું બાકી છે ?"

"હવે શું છે ? એના રૂપનું વર્ણન તો મેં કહી બતાવ્યું." જર્સીએ કહ્યું.

"એના આચાર વિચાર કેવા છે તે તો કહે."

"જવા દો. એ વાત તમારે સાંભળવા લાયક નથી."

"કંઇ ફીકર નહિં. હવે તો મારે એની જરાએ જરા વાત જાણી લેવી છે."

"વ્હાલા ! તમે મારા પર જુલમ ગુજારી રહ્યા છો, તમે હઠ કરો છો તો લાચારીથી મારે તમને ન ગમે એવી વાત કહેવી પડે છે. મીસીસ હારકોર્ટે મને ખાનગીમાં કહ્યું હતું કે પ્રિન્સેસ કંઇ ભણી નથી જેમ તેમ બે અક્ષર લખી વાંચી જાણે છે."

"ઓ રામ ! શું ઈંગ્લાંડનાં રાજકુમારને ગળે એક અભણ ઓરત ! અફસોસ ! આ મારૂં નહિં પણ આખા રાજકુટુંબનું અપમાન છે."

"લોર્ડ મમ્સબરી પાસેથી મીસીસ હારકોર્ટને ખબર મલી છે કે પ્રિન્સેસ તદન પાગલ તો નથી પણ બહુજ કમઅક્કલ છે. ગમે ત્યારે સારા નરસાનો વિચાર કર્યા વિના ગમે તેવી અસભ્ય ભાષા બોલે છે. અને કોઇવાર જાણે નાટકનો ફારસ જોતી હોય તેમ વિના કારણે ખડખડ હસી પડે છે. વળી એ ઘણી ગંદી રહે છે. એકવાર તો એણે એવા મેલાં કપડાં પહેર્યા હતા કે તે જોઇ લોર્ડ મમ્સબરીએ એને ઠપકો આપ્યો હતો. એ બીનાની નોંધ લોર્ડ સાહેબની ડાયરીમાં પણ લખાયેલી છે તે મીસીસ હારકોર્ટે નજરો નજર જોઇ હતી.

"ફ્રાન્સીસ ! વ્હાલી ! હવે હું શું કરૂં ? એ બલા સાથે લગ્ન ન કરૂં તો કમબખત પીટ મારૂં કરજ ચુકવવાની સાફ ના પાડે છે.

મારું કરજ પણ થોડું થયું છે ! ૭ લાખ પાઉંડ ! આહ ! આ કરજ ચુકવવા માટેજ હું એ બલાનો હાથ પકડીશ; પણ હું એને જીંદગી સુધી ધિક્કારીશ." પ્રિન્સને આજે જેટલું દુઃખ થયું તેટલું કદી થયું ન્હોતું. તે લાચાર અને હતાસ થઇ બાળક પેઠે રોવા લાગ્યો. લેડી જર્સીનો હેતુ સફળ થયો. તેને પ્રિન્સનું મન કેરોલાઇન પરથી તદ્દન વિરકત કરી નાંખવામાં વિજય મેળવ્યો. હવે પ્રિન્સને રાજી કરવાની તેને જરૂર જણાઇ એટલે તે પોતાના બંન્ને હાથો તેના ગળામાં નાંખી તેનાં આંસુ ચુમવા લાગી.

"કંઇ ફીકર નહિ. ભલે મારો બાપ અને રાજ્યના પ્રધાનો મને બળાત્કારે એ જર્મન સ્ત્રી સાથે પરણાવી દે; પણ એ લોકો મારા દીલમાં બળાત્કારે પ્રેમ પેદા કરવાના હતા ?" પ્રિન્સ જરસીની પ્રેમચેષ્ટાથી પાછો જાત પર આવી બોલ્યોઃ "રાજ મહેલના એક ખુણામાં એ કૂતરાની પેઠે પડી રહેશે અને હું મારી માશુકો સાથે મોજ ઉડાવ્યા કરીશ." કહી તેણે જરસીને ગોદમાં લીધી.

"જ્યોર્જ ! તમારે ફીકર કરવાની શી જરૂર છે ? હું તમને કદિ તજી જવાની છું ? હમણાં થોડીવાર આરામ લો. પછી તમારે તમારી પત્નીને મળવા જવું પડશે."

"એ જંજાળ જલદી પતી જાય તો સારું. વ્હાલી ! લગ્ન થયા પછી તારે આ મહેલમાં આવીને રહેવું પડશે. હું તને કેરોલાઇનના શયનગૃહની સખી તરીકે નામી દઇશ."

"પણ તેથી તે અદેખી થશે તો !"

"તેની તારે શું પંચાત છે ! હું તારો છું ને !" પ્રિન્સ બોલ્યો અને જાદુગરી જરસી તેને વળગી પડી.

એજ સમયે દ્વાર ખખડયા. અવાજ સાંભળતાંજ લેડી જરસી પ્રિન્સથી અલગ થઇ બેઠી. તે પછી જરમેન દિવાનખાનામાં આવી અદબથી બોલ્યોઃ "નામદાર ! સેંટજેમ્સ પૅલૅસમાં મહારાજા આપશ્રીની રાહ જુએ છે."

"વારૂ, હું કપડા બદલી હમણાંજ ત્યાં જાઉં છું."

આ સાંભળી લેડી જરસી ઘર તરફ વિદાય થઇ ગઇ. પ્રિન્સ રાજવંશી પોષાક પહેરી સેંટજેમ્સ પૅલેસમાં પોતાની ભાવી પત્નીને મળવા ગયો. કમનસિબ કેરોલાઇન સાથે આ તેનો પહેલો મેળાપ હતો. એ મેળાપનું વર્ણન આગળ ચાલતાં આવશે.

પ્રકરણ ૧૫૮ મું.

પાગલ.

વાંચનાર, ફરીથી આપણે પેલા કંગાળ પુઅર હાઉસમાં જવું પડશે કે જેમાં મેલમથ અને તેનાં બાળકો પડયાં છે. મેલમથ જખમી થઇ પડયો હતો અને માયાળુ ડોકટરની સારવારથી તે સાજો થતો જતો હતો. તેના બાળકો મળવાથી રોગીની સ્થિતિ ઓર સુધરી. તેના મ્હોંપર હાસ્ય ફરકતું થયું.

"હવે તમને ઠીક લાગે છે ને?" ડોકટરે પુછ્યું.

"હા. ડોકટર! તમારી કૃપાથી હવે ઠીક છે. ખાસ કરીને મારાં બાળકો મળવાથી મારૂં મન સ્થિર થયું છે પણ એ મેળાપ શી રીતે થયો તે બનાવ બહુજ ભયાનક છે!"

"તમે આ શું કહો છો? તમારા બાળકોનો તમને મેળાપ થયો એ સુખદાયી બનાવ છે. તમે તેને ભયાનક કેમ કહો છો?"

જોત જોતામાં મેલમથના ચહેરાનો ભાવ વિકૃત થઇ ગયો.

"ડોકટર સાહેબ! મને એ વાત ન પુછો. મારૂં જીગર કબ્રસ્તાન જેવું થઇ ગયું છે." તે ઉગ્ર સ્વરે બોલવા લાગ્યો. "કબ્રસ્તાનમાં અનેક લાશો દટાય છે તેજ રીતે મારા જીગરમાં પણ અનેક ભયાનક વાતો દાટેલી છે. તમે મારા પર દયા રાખો છો તેથી એકવાર તમારી સમક્ષ જીગર ખાલી કરવાનું મન થઇ જાય છે. પણ નહિ. નહિ. મને એ વાત ન પુછો." તેની નજર સ્થિર થઇ ગઇ. તેમાં ઉન્માદ અને સાવધતા બન્નેનું મીશ્રણ હતું.

"ભાઇ! તમે મારાથી ન ડરો. તમારી કહાણી મને કહેશો. તો તે હું હંમેશાં ગુપ્ત રાખીશ." ડોકટર લાગણીભર્યા અવાજે મેલમથની કહાણી સાંભળવાના હેતુથી બોલ્યો: "તમે મને મિત્ર સમજતા નથી!"

"હા. હા. તમે મારા મિત્ર છો." ઉન્મત્ત અવાજે મેલમથે જવાબ વાળ્યો: "એ વાત તમને હું જરૂર કહીશ, કાલે રાતે બીછાના

પરથી ઉઠી હું બારી પાસે જઇ ઉભો રહયો તો ચારે તરફ ઘોર અંધકાર છવાયલો હતો. પણ મારી આંખોમાં તે વખતે વીજળી પ્રકટી અને અંધકારમાં પણ મને દુર દુરની ચીજો દેખાવા લાગી. અંતે મારી નજર કબ્રસ્તાન પર ગઇ. ચાંદની પડતી હતી. નદી ધીમો ધીમો અવાજ કરતી પાસેથી વહી જતી હતી. એ સમયે મને ભાસ થયો કે એક કબરની પાસે હું સુતો છું. મારી નજદીક એક લાશ પડી છે લાશ પાસે કોફીન પડયું છે અને કબર ખોદેલી છે. પછી મને એવો ભાસ થયો કે એ લાશ મારા શરીરમાં દાખલ થઇ. મારામાં ને મુરદામાં કંઇ ફેર ન રહયો. પછી એમ લાગ્યું કે અનેક મુરદાઓ કબરમાંથી બહાર નીકળયા છે. મારી આસપાસ જાણે ભુતો ભમવા લાગ્યા. અમીર અને ફકીરનો આ સમયે મેળાપ થયો. અમીરોની સ્ત્રીઓ મીષ્ટાન્ન ખાતી ખાતી મરી ગઇ હતી. ગરીબોની સ્ત્રીઓ હાય અન્ન-હાય અન્ન-કરતી મરી હતી એ બધીય ત્યાં ભેગી થઇ. હું ચુપચુપ પડી રહયો હતો. એ બધાં ભુતો મારા તરફ કરડી નજરે જોતાં હતાં. હું પડયો પડયો કઇ સ્ત્રી પહેલાં મરી હશે અને કઇ પાછી તેનો વિચાર કરવા લાગયો. જે પહેલાં મરી હતી તેની આંખો ખવાઇ ગઇ હતી. નાક પણ ગુમ થયું હતું. શરીરમાંનું માંસ ગળી જવાથી ખાલી હાડપિંજર રહ્યું હતું. મ્હોંમાં ફકત દાંતો દેખાતા હતા. જે સ્ત્રી પાછળથી મરી હતી તેનાં આંખ, નાક, ઓઠ સાબીત હતા. પણ તે બધા સફેદ પત્થર જેવા થઇ ગયા હતા. એ બધી સ્ત્રીઓ મારી પાસેથી જતી હતી. તેવામાં મેં કુદકો મારીને એકને પકડી લીધી. તેનો સ્પર્શ થતાંજ હું બરફ જેવો ઠંડો થઇ ગયો. હું તેને ધારી ધારીને જોવા લાગ્યો. આહ! ઓ પ્રભુ! એ સ્ત્રી મારી પોતાનીજ પત્નિ હતી—" તે આટલું બોલયો અને તે પછી પાગલની પેઠે એક ચીસ પાડી જમીન પર તુટી પડયો, ડોકટર તેથી જરા પણ ન ગભરાયો. તેણે તેની નાડી જોઇ. છાતી પર હાથ મુકયો. મેલમથ બેભાન થઇ ગયો હતો. એમ માલુમ પડતાં તે તેની સારવાર કરવા લાગ્યો. મેલમથનું મગજ શાંત થાય તેવી દવા આપી તેણે નર્સને કહયું કે તે પાછો ત્રીજે પહોરે રોગીને જોવા આવશે.

આ ડૉકટરને ડૉકટર થર્સટન સાથે મિત્રાચારી હતી. થર્સટનના તબીબી જ્ઞાન માટે ભારે માન હતું. આથી મેલમથ જેવા મનોવિકારથી પીડાતા રોગી વિષે ડૉ. થર્સટન સાથે ચર્ચા કરવાથી પોતાનું જ્ઞાન વધશે એવા હેતુથી તે વેસ્ટ એન્ડમાં આવેલા મે ફેર નામના મહોલ્લામાં ડૉ. થર્સટનને ઘેર ગયો. બંને ડૉકટર વાતે વળગ્યા, પુઅર હાઉસના ડૉકટરે મેલમથના રોગની જે હકીકત કહી તેથી થર્સટનનું કૌતુહલ વધી ગયું અને તે એ રોગીને જોવાને આતુર થયો. પેલા ડૉકટરે એ વાત ખુશીથી માન્ય રાખી. તે પછી થર્સટને પોતાના મિત્રને પોતાનો ઓપરેશન રૂમ બતાવ્યો. તેમાં અનેક હાડપિંજર અને લાશો રાખી હતી. પુઅર હાઉસમાં એક બાળક ગળું દબાવવાથી મરી ગયું હતું તેની લાશ પણ થર્સટને પોતાના મિત્રને બતાવી. આ સંગ્રહસ્થાન જોયા પછી જરૂરી કામથી પરવારી ડૉ. થર્સટને ગાડી મંગાવી અને બંને મિત્રો સાડાત્રણ વાગે વ્હાઇટ ચેપલમાંના "પુઅર હાઉસ" માં મેલમથને જોવા જઇ પ્હોંચ્યા.

પુઅર હાઉસમાં બે ચાર ઓરડા પાસેથી પસાર થતાં કેટલાંક બાળકો એક જગ્યાએ રમતાં હતાં. તેમાના બે બાળકોને બતાવીને પેલા ડૉકટરે પોતાના મિત્રને કહ્યું: "જે રોગીને આપણે જોવા જઇએ છીએ તેના એ બાળકો છે."

"એ છોકરા તો તદન સુકાઇ ગયલા લાગે છે."

"હાસ્તો ! સ્હવારે તો એથી પણ ખરાબ લાગતા હતા."

બન્ને તે પછી મેલમથની ખોલીમાં ગયા. થર્સટનને જોઇ મેલમથના મોટા છોકરાએ પોતાના નાના ભાઇ બહેનને કંપિત સ્વરે કહ્યું: "જો ! ડૉકટરની સાથે બીજો માણસ બાપાની ખોલીમાં ગયો ને તે ઘણોજ કરૂર છે. તેજ બહેનની લાશ દફનાવવાને બદલે પોતાને ઘેર લઇ ગયો હતો." આ વાત સાંભળી નાદાન બાળકો રોવા લાગ્યાં,

આ બાજુ મેલમથની ખોલીમાં જઇ મેલમથને શાંત પડેલો જોઇ ડૉકટરે પુછયું: "તમારી તબીઅત કેમ છે ?"

ઠીક છે." મેલમથ ધીમેથી બોલ્યો.

"જુઓ! આ મારી સાથેના ગૃહસ્થ પણ એક મોટા ડાક્ટર છે."

"એ મારા જેવા હરીફી રોગીનો તમાશો જોવા આવ્યા હશે."

"નહિ. તબીબો તમાશાને ખાતર રોગીઓને જોવા જતા નથી."

"હશે. મેં સ્હવારે તમને જે વાત કરી હતી તે તમે એને કહી નથીને?" મેલમથ ધીમેથી બોલ્યો.

"નહિ. નહિ. તમે તે માટે બેફીકર રહો." ડોક્ટરે પણ ધીમેથી જવાબ આપ્યો, તે પછી થર્સ્ટન તરફ જોઇ તેણે કહ્યું: "આ બિચારાની મને બહુ દયા આવે છે."

"હં! આ રોગીની દશામાં કંઇ વિશેષતા છે?" જાણે કંઇ સાંભળ્યુંજ ન હોય એવા ઢંગથી થર્સ્ટન બોલ્યો.

"બિચારો કોઇ જગ્યાએ ભયંકર રીતે જખમી થયો હતો છતાં હજી જીવે છે તે આશ્ચર્યની વાત છે."

"એ શી રીતે જખમી થયો હતો?"

"કોઇ જંગલમાં શિકાર ખેલતું હશે ત્યાંથી એ જતો હતો. એવામાં અચાનક કેટલીક ગોળીઓ એના શરીરમાં પેસી ગઇ હતી–"

"નાની નાની ગોળી?"

"નાની શાની? જમણા પગમાંની ગોળી તો બંદુકની ગોળી જેવીજ હતી અને ડાબા પગમાંની તેનાથી પણ સહેજ મોટી હતી."

"શિકારીઓ એવી ગોળાથી શિકાર ખેલતા નથી."

"મને તેની માહિતી નથી. જુઓ, એ ગોળીઓ મારી પાસેજ છે." કહી તેણે ગજવામાંથી કેટલીક ગોળી કાઢી ડા. થર્સ્ટનને બતાવી.

થર્સ્ટન ગોળીઓ ધારી ધારીને જોવા લાગ્યો. બીજી બાજુ મેલમથ ભયથી થરથરી રહયો હતો. તે બોલ્યો: "માફ કરજો સાહેબો! પણ તમારી વાત—"

"ચુપ રહો." ડોક્ટરે કહ્યું: "અમે તમને હેરાન કરવા માગતા નથી."

"ડોક્ટર! આ તો અજબ જેવી વાત છે!" થર્સ્ટને પોતાના સાથીને પેલી ગોળીઓ પાછી આપતાં કહ્યું.

"સૌથી મોટી અજાયબી તો એ છે કે ત્રીસ ગોળી ખાવા છતાં એ કમનશીબ હજુ જીવતો રહયો છે."

આ પછી થર્સ્ટનના મનમાં એક ભયંકર શંકા ઉત્પન્ન થઇ. "આશ્ચર્યની વાત છે—કંઇ સમજ પડતી નથી પણ સબુર!"

થર્સ્ટનની વાત સાંભળી મેલમથ અધીરો થઇ ગયો. તે બીછાના પર બેઠો થઇ રૂંધાતા અવાજે બોલ્યો: "શું? તમે શું કરવા માગો છો?"

થર્સ્ટનના મનનાં શી શંકા ઉપજી હતી તેનો પેલા ડોક્ટરને ખ્યાલ પણ ન્હોતો તેથી મેલમથને ફરીથી ઉન્માદ લાગુ પડયો છે એમ ધારી પેલા ડોક્ટરે કહ્યું: "શાંત થાવ! તમારૂં મગજ આવું કેમ થઇ જાય છે?"

"એનું મગજ એવું થઇ જાય એમાં નવાઇ શી છે?" થર્સ્ટને કહ્યું: "આ નાની મોટી ગોળીઓ એના શરીરમાંથી નીકળી છે તે પછી સમજવાનું બાકી શું રહ્યું! એજ પેલો કબર ખોદનાર નરપિશાચ!—"

"ઓ પ્રભુ! બચાવ–" થર્સ્ટનના શબ્દો સાંભળતાંજ બીછાનામાં માથુ પટકી મેલમથ બોલ્યો.

"તમે સ્પષ્ટ કહો. મને કંઇ સમજાતું નથી." ડોક્ટર થર્સ્ટનનો હાથ પકડી બોલ્યો.

"શું તમને કબર ખોદનાર પિશાચની ખબર નથી? એ પિશાચને પકડવા માટે કબ્રસ્તાનમાં સ્પ્રીંગવાળી બંદુકો ગોઠવવામાં આવી હતી અને આ માણસ તેનાથી જખમી થયો છે."

"અરે રામ! શું એ હતભાગી પાગલપણામાંજ એવા કામ કરતો હતો?" ડૉક્ટરે કહ્યું. મેલમથે તે સાંભળ્યું અને અત્યંત કરૂણ અવાજે તે બોલ્યો: "સાહેબ! હુંજ તે નરપિશાચ છું. પણ મારા બાળકો પર દયા કરી આ વાત જાહેર ના કરતા.

ડાકટર ભયભીત થયો હતો. તે થર્સંટન તરફ જોઇ બોલ્યો: "થર્સંટન! હવે શું કરવું?"

થર્સંટનનું નામ સાંભળતાંજ મેલમથના રંગ બદલાઇ ગયો. તેનો ચહેરો ભયંકર થઇ ગયો. આંખોમાંથી અચાનક અંગારા વરસવા લાગ્યા. તે ભુખ્યા વાઘની પેઠે ભયંકર ચીસ પાડી બીછાનાપરથી કુદી પડી બરાડયો: "થર્સંટન! થર્સંટનનું નામ કોણે દીધું? થર્સંટન કોણ છે?"

"મારૂંજ નામ થર્સંટન છે." ગભરાટથી ડૉ. થર્સંટન બોલ્યો.

"તો લાવ-મારી દીકરી લાવ-" અચાનક મેલમથના શરીરમાં ભયંકર બળ આવી ગયું. તે થર્સંટનનું ગળું પકડવા દોડયો પણ વેગને સંભાળી ન શકવાથી તે ધડામ દઇ જમીન પર પડયો અને બેહોશ થઇ ગયો.

તે કેટલીવાર બેહોશ પડી રહયો તેની તેને ખબર પડી નહિ. પણ જ્યારે તે શુદ્ધિમાં આવ્યો ત્યારે તેના હાથ પગ બાંધીને તેને એક અંધારી કોટડીમાં પુરવામાં આવ્યો હતો. તેને પાગલ સમજીને આ જગ્યાએ પુરવામાં આવ્યો હતો. પણ ખરૂં જોતાં તે પાગલ નહોતો.

પ્રકરણ-૧૫૯ મું.

પ્રિન્સેસ કેરોલાઇન.

સાંજે ચાર વાગ્યા હતા. સેંટ જેમ્સ પેલેસના એક સુસજ્જિત દિવાનખાનામાં પ્રિન્સેસ કેરોલાઇન બેઠી હતી. તેનાથી થોડે દુર એક અમીર દરબારી પોષાકમાં સજ્જ થઇ ઉભો હતો. પ્રિન્સેસ કંઇ કહેતી હતી અને તે તેના તરફ સન્માનભરી નજરે-એકીટસે જોઇ રહયો હતો. એ અમીર સિવાય રાજકુમારી પાસે બીજી કોઇ સખીઓ કે દાસ દાસીઓ હાજર ન્હોતા તે પ્રિન્સના આગમનની રાહ જોતી બેઠી હતી.

કેરોલાઇનની ઉમ્મર આશરે પચીસેક વર્ષની હતી. તે અસામાન્ય ખુબસુરતીની સ્વામિની ન્હોતી પણ તે સાથેજ તે બેડોળ પણ ન્હોતી. તેના શરીર કે વસ્ત્રાભુષણ પર મેલનો લેશ માત્ર અંશ ન્હોતો. તેના વદન પર સ્ત્રી સુલભ લજ્જા અને સરળતા તરવરી રહી હતી. તે જો કોઇ સામાન્ય કુટુંબમાં જન્મી હોત તો તેના જેવી નિર્દોષ બાળિકાને જોઈ કવિઓ કાવ્યો લખત; પણ અફસોસ! તે રાજકુળમાં જન્મી હતી તેથી તેની સ્વભાવિક પ્રફુલ્લતા અને મનમોહક સરળતા રાજકીય અદબઅદાના ભાર નીચે દબાઇ ગઇ હતી.

તેના વાળ ચળકતા અને ભુરા હતા. ગમે તે રીતે સુંદર વાળોની લટ ગુંથવામાં આવે તો પણ તે રમણીની સુંદરતા વધારી મેલતા હતા. તેનાં નેત્રો હરણી જેવાં ન્હોતાં છતાં એ નીલા નેત્રોમાં હંમેશા ઉદારતા અને ગૌરવશીલતા ચમકી રહેતો. તે કુટીલની પેઠે નેત્રકટાક્ષ કરવામાં નિપુણ ન્હોતી. પણ તેથી તેનાં નેત્રોમાં પ્રેમનો આવેશ ન્હોતો એમ પણ ન્હોતું. તેના ઓઠપર હંમેશા મૃદુ મંદ હાસ્ય છવાયલુંજ રહેતું. તેની દંત પંકિત અતિ સુંદરતી હતી. મોતીની માળા જેવી સુંદર દંતપંકિતથી તેની શોભા અત્યંત વધી જતી હતી. તેના મુખમાંથી વસંતના સુગંધયુકત વાયુ સમી મધુર વાસ આવતી હતી. તે જુવાનીના પુર બહારમાં હતી. તેના ઉન્નત ઉરજમાં બલબલાને મોહિત કરવાની શકિત હતી. તેનું કદ મધ્યમ હતું પણ તેથી તેની

સુંદરતામાં જરા પણ ખામી આવતી ન્હોતી. તે નર્તકીની પેઠે ભલે સ્ફુર્તીથી નાચી ન શકે; પણ હંસણી જેવી ગૌરવભરી ચાલ ચાલવામાં તે કોઇ રમણીથી ઉતરે તેવી ન્હોતી. તેનો અવાજ મધુર-કોયલના ટહુકાર સમો હતો, તે જર્મન ભાષામાં પ્રવીણ હતી પણ તે સાથેજ અંગ્રેજ અને ફ્રેંચ ભાષા પણ જાણતી હતી. તેના એક એક અવયવ સુડોળ હતા. તે મોટો ઠઠેરો પસંદ કરતી ન્હોતી પણ હંમેશા સ્વચ્છ સુંદર અને સાદા વસ્ત્રો પહેરવામાં આનંદ માનતી. તેનું હૃદય પ્રેમાળ હતું કપટ કુટીલતાનું તેનામાં નામ નિશાન ન્હોતું હંમેશા તે નિર્દોષ બાલિકાની પેઠે હસ્યા કરતી. કેરોલાઇન અત્યારે વિવિધ વસ્ત્રાભુષણો સજીને રાજમહેલમાં બેઠી હતી. તેના મસ્તકપર, કંઠમાં, અને હસ્તપર હીરા મોતીના કીંમતી અલંકારો ઝગઝગી રહ્યા હતા. થોડીજવારમાં તેનો ભાવિ પતિ-ઇંગ્લાંડનો પ્રિન્સ ઓફ વેલ્સ તેને મળવા આવવાનો હતો. અને તેથી તેની સામે ઉભેલો અમીર તેને બ્રીટીશ રાજદરબારના શિષ્ટાચારની માહિતી આપી રહ્યો હતો.

વાતમાં ને વાતમાં એ સરલહૃદયા રાજકુમારીએ રાણી વિષે કંઇ ટીકા કરી તેથી મ્હો ચઢાવી ને લોર્ડ મમ્સબરી બોલ્યો: "નામદાર! અત્યંત દુઃખની બીના છે કે અમારા મહા પ્રતાપી અને યશસ્વી મહારાણીની ઉદાત્ત ભાવના આપને ઠીક ન લાગી."

"મારા વ્હાલા લોર્ડ!" નિર્દોષ હાસ્ય કરતી પ્રિન્સેસ બોલી: "તમેજ કહોને—"

"મને ક્ષમા કરજો; પણ મારે માટે "વ્હાલા" શબ્દ વાપરવો આપને યોગ્ય નથી" શીર ઝુકાવીને તે અમીર બોલ્યો.

"પણ તમે મારા પિતા જેવા વૃધ્ધ છો પછી એવી રીતે તમને સંબોધવામાં હરકત શી છે? રાજકુમારી જરા વિરક્ત થતી બોલી.

"નહિ. નહિ. આવી અવિચારી વાત ના કરો."

"લોર્ડ મમ્સબરી! તમે મને શરૂઆતથી આજ સુધી આ આ દેશના શિષ્ટાચાર વિષે જે સમજણ આપી છે તેથી હું ગભરાઇ ગઇ છું. મારું મન બેચેન થઇ ગયું છે. મને એમ લાગે છે કે

આવા શિષ્ટાચારથી બંધાઇ રહેવા કરતાં બ્રન્સવીકમાં રહીને હું પક્ષીઓ સાથે આખી જીંદગી સુધી રમ્યા કરત તો તે બહેતર વાત."

"જુઓ, રાજકુમારી! હવે આવી વાત કરવામાં સાર નથી." લોર્ડ મંમ્સબરીએ તેને જરા ધમકાવી.

"ક્યારેય પ્રિન્સ આવી પહોંચ્યા હશે."

"પ્રિન્સ સાંભળી ન શકે એવી રીતે મારા મનમાં હમણાં જે વાત આવી છે તે હું કહી દઉં તો શી હરકત છે?" કેરોલાઇન આ વાત એવા મોહક હાસ્ય સાથે બોલી કે લોર્ડ મંમ્સબરી જેવો અંગ્રેજ શિષ્ટાચારના જીવતા યંત્ર રૂપ અમીરને બદલે બીજો કોઇ હોત તો પિતાની પેઠે રાજકુમારીને વ્હાલથી જવાબ આપત; પણ મંમ્સબરી કાયદા અને અદબઅદાબનો ગુલામ હતો.

"તમારાં મનમાં જે વાત આવે તે દરબારી શિષ્ટાચારને અનુસરતી હોય તોજ બોલી શકશો." તે શુષ્ક અવાજે નારાજ થઇ બોલ્યો.

"વારૂં, પણ હું મારી મરજી મુજબ વિચાર તો કરી શકીશને?"

"નહિ. સ્વતંત્ર વિચાર નહિ કરવામાંજ તમારી શોભા છે."

"શું? આ દેશમાં કોઇને સ્વતંત્ર વિચાર કરવાનો પણ હક્ક નથી!" પ્રિન્સેસ અજબ થઇ બોલી.

"નહિ—નથી. આ દેશની સભ્યતાનો આધારંજ વહેવારપર છે. અહિં હરવું, ફરવું, ખાવું, પીવું, હસવું, બોલવું અને રોવું પણ શિષ્ટાચાર પ્રમાણેજ કરવું જોઇએ." શિષ્ટાચારનું જીવતું પુતળું બોલ્યુ.

"ત્યારે તો તમારા દંભી અંગ્રેજી રાજદરબાર કરતાં મારા પિતાશ્રીનો સાદો દરબાર હજાર દરજ્જે સારો છે. પ્રિન્સેસનું અંતર અર્લની વાત સાંભળવાથી સળગી ઉઠયુ હતું. તેણે પોતાના દીલની વરાળ બહાર કાઢવાને પોતાના પિતાના દરબારની તારીફ કરી. પણ અર્લ તે સહી શકયો નહિ.

"અમારા મહારાજાના દરબારી કાનુન જેવા સુંદર છે તેવા આખી દુનીઆના કોઇ પણ દરબારમાં નથી."

"તે ખરૂં. પણ તેમાં જુલ્મ પણ ઘણો છે. તમારા કાનુનો મનુષ્યોને જડ યંત્ર જેવા બનાવી દે છે." પ્રિન્સેસે જવાબ આપ્યો.

"રાજા સામે મનુષ્યની હાલત યંત્ર જેવીજ છે."

"પણ તેથી મનુષ્યનો સ્વભાવિક વિકાસ થતો નથી."

"રાજદરબારમાં એવા વિકાસની જરૂર પણ નથી. ત્યાં તો ફક્ત રાજ્યભકિતનું કામ છે."

"તેથી સ્વાર્થપરાયણતા અને હૃદયહીનતા વધી જાય છે."

"આ રાજ્યમાં હૃદય જેવી કોઇ વસ્તુજ નથી."

"બરાબર ! તમારી આ વાત સોળે સોળ આના સાચી છે." કહી રાજકુમારીએ તાપવા માટે સગડી તરફ પગ લંબાવ્યા.

"અરરર !" અર્લ ગભરાઇને બોલી ઉઠયો: "જો પ્રિન્સ તમને આ રીતે બેઠેલાં જોશે તો ઘણાંજ નારાજ થશે.

"શું ? મને ટાઢ વાગે છે તેથી હું તાપું છું તેમાં શી હરકત નડી ગઇ ?"

"તમારા પગ ઠંડાજ ન થતા જોઇએ."

"કેમ ? કુદરતને હું શી રીતે રોકું ?"

"તેની મને ખબર નથી પણ આ ટેવ અંગ્રેજ શિષ્ટાચારથી તદન વિરૂધ્ધ છે."

"ત્યારે તો હાથ હલાવવામાં પણ તમારો કાયદો નડતો હશે !" કુમારીએ વ્યંગ કર્યો.

"હા. મેં તમને કહ્યું તો ખરૂં કે અહિં ખાવું, પીવું, હસવું, બોલવું વિગેરે તમામ કામ શિષ્ટાચાર પ્રમાણેજ કરવા જોઇએ."

"ત્યારે એમજ કહી દોને હવે મારા આત્માપર મારી સત્તાજ રહી નથી." રાજકુમારી ગુસ્સે થઇ બોલી:

"રોમન રાજ્યમાં પણ અગ્નિમંદિરમાં આડે રસ્તે જતી કુમારીઓને જીવતી કબરમાં દાટી દેવામાં આવતી હતી તેવીજ આ દશા છે.

"જે છે છેજ ઓઓ કદિ આડે રસ્તે જાય છે એ વાત કુમારિઓએ જાણવી ઉચિત નથી."

"મારા લોર્ડ ! ઓઓ સમજુ થાય છે એટલે પવિત્રતા અને અપવિત્રતા તરત સમજી જાય છે."

"શું કહું ? રાજકુમારી ! તમારો સ્વભાવ ઘણોજ સરળ છે."

"શું સરળતા સારો ગુણ નથી ?"

"છે. પણ દરબારી જીવનમાં સરળતા કામ લાગતી નથી."

"ત્યારે તો મારે હવે તદન નકલી જીંદગી ગાળવી પડશે. અહિં આવતાંજ કોણ જાણે કેમ મને કંઇનું કંઇ થઇ ગયું છે." પ્રિન્સેસ શોકભર્યા અવાજે બોલી: "મહારાજાએ તો મને આદર સત્કારથી બોલાવી હતી પણ મહારાણીના રંગઢંગ પરથી તે મને પસંદ કરતા હોય એમ લાગતું નથી. બ્રન્સવીકમાં એક દિવસ મારી સગીએ મને કહ્યું હતું કે ઇંગ્લાંડની મહારાણીનું ચારિત્ર સારૂં નથી."

"હાય ! હાય ! મારે ફરીથી રાજનિંદા સાંભળવી પડી."

"પણ પ્રિન્સેસ સોફીઆ અને એમીલીઆ સારી છોકરી છે. મને એ બન્ને બહેનો સાથે ખુબ બનશે. બન્ને ખુબસુરત છે પણ તેમના ચહેરા પરથી કુંવારિકા જેવી લાગતી નથી."

"માફ કરો પ્રિન્સેસ ! આ વાત તમારે ઉચ્ચારવી ઘટીત નથી."

"તમને તો મારી કોઇજ વાત ગમતી નથી. ડ્યુક ઓફ કમ્બરલેંડ લુંટારા જેવોજ હતો હું ! અને ડ્યુક ઓફ કલેરંસ તો જાણે પુરો પાગલ !—"

મમ્સબરી આવી વાત સાંભળવા માગતો ન્હોતો. તે કંઇ કહેવા જતો હતો એવામાં એક નોકર આવી તેના કાનમાં કંઇ કહી ગયો.

"રાજકુમારી ! મેં તમને જે જે પાઠ ભણાવ્યા છે તેની પરિક્ષાનો સમય થઇ ગયો."

"શું પ્રિન્સ પધાર્યા ?"

"જી—હા."

કેરોલાઇન ભાવી પતિને જોવાને ઉત્સુક થઇ ગઇ પણ તે સાથેજ દુર—દુર ચાલ્યા ગયેલા બેરન બારગેમીની યાદ આવતાંજ તેના હૃદયમાં કંપ થયો.

પ્રકરણ–૧૬૦ મું.

પ્રથમ મુલાકાત.

બેરન બરગેમીનું સ્મરણ થતાંજ બ્રન્સવીકની રાજકુમારીએ દીર્ઘ નિસાસો નાખ્યો. તે જેમ તેમ આંસુ ખાળી શકી. એજ પળે પ્રિન્સ ઓફ વેલ્સ તે ભવ્ય દિવાનખાનામાં દાખલ થયો. પોતાના ભાવિ પતિને આવતો જોઇ કેરોલાઇન આસન પરથી ઉભી થઇ. બંન્ને એકબીજાના મનોભાવ જાણવાને આતુર હોવાથી પ્રિન્સ આવતાં સાથેજ બન્નેની આંખો મળી ગઇ અને તરત નીચી નમી પડી. પુનઃ ચાર આંખો થઇ. બંન્ને એકબીજાને જોવા લાગ્યા. પ્રિન્સની નજર તીખી અને તિક્ષ્ણ હતી તેથી પ્રિન્સેસની નજર નીચી ઢળી ગઇ.

કેરોલાઇન સ્વર્ગની અપસરા હોત તો પણ પ્રિન્સના મગજમાં તેની વિરૂધ્ધ પ્રથમથીજ જે ભુત ભરાવવામાં આવ્યું હતું તેથી તે તેને પસંદ કરે એવો સંભવ ન્હોતો. રાજનન્દિ સુંદર નથી એટલુંજ નહિ પણ પ્રિન્સને રમણીઓમાં જે જે લક્ષણ ગમતાં હતાં તેમાંનું એક પણ પ્રિન્સેસમાં નથી એવી તેના પર છાપ પાડવામાં આવી હતી તેથી કેરોલાઇન કુરૂપા, કુલ્સીતા અને અસભ્ય છે એમજ તે માની બેઠો હતો. આ પ્રથમ મિલન સમયે એક વાર એવો ખ્યાલ આવ્યો કે કુમારીને જેટલી ખરાબ ચીતરવામાં આવી હતી તેટલી તે ખરાબ ન્હોતી; પણ આ ખ્યાલ બીજીજ પળે નષ્ટ થઇ ગયો. રાજકુરીએ સાંભળ્યું હતું કે ઇંગ્લાંડનો પાટવી કુંવર કંદર્પ જેવો રૂપાળો છે. પણ તેને નજરે જોતાં તે ઘણો સ્થુલ દેખાયો અને તેનાં ચહેરા પર લંપટતાના સઘળા ચિન્હો સ્પષ્ટ તરી રહેલાં જણાયાં.

બંને એક બીજાને જોઇ રહ્યાં હતાં એવામાં અર્લ મંમ્સબરીએ શિષ્ટાચાર અનુસાર ઉભયને પરિચય કરાવ્યો. રાજકુમારી અર્લે આપેલી તાલીમ મુજબ પ્રિન્સના પગ આગળ ઘુંટણીએ પડી અને પ્રિન્સે પ્રચલીત રીતિ મુજબ તેનો હાથ પકડી ઉભી કરી અને તેના ગાલ પર ચુમી લીધી. શિષ્ટાચારનો આ રીતે અંત લાવી પ્રિન્સ મંમ્સબરીને એકાંતમાં ખેંચી ગયો અને વિરકત થઇ બોલ્યોઃ આ સ્ત્રી મારે લાયક

નથી. જલદી જલદી મને બ્રાંડીનો એક ગ્લાસ મંગાવી આપો; નહિ તો મારી તબીઅત ખરાબ થઇ જશે."

"નામદાર ! આપની આજ્ઞા હોય તો આપને સ્મરણ કરવું કે આવા સ્થળમાં બ્રાંડી આપવાનો ઉલ્લેખ કોઇ પણ શિષ્ટાચાર શાસ્ત્રમાં કર્યો નથી." મંમ્સબરી અત્યંત વિનયથી બોલ્યો પણ તેથી તો પ્રિન્સ ઔર ગુસ્સે થઇ ગયો.

"જહન્નમમાં જાય તમારા શિષ્ટાચાર !" તે બરાડયો: "હું હમણાંજ મહારાણીને જઇને કહું છું કે મને રાજગાદી મળવાની હોય તો મળે ને નહિ તો કંઇ નહિ; પણ આ જર્મન બલા સાથે હું કદી શાદી કરવાનો નથી." આટલું કહી તે તરત દિવાનખાનામાંથી બહાર ચાલ્યો ગયો.

પ્રિન્સનું આવું વર્તન જોઇ વૃધ્ધ અર્લ અવા થઇ ગયો. બ્રીટીસ શિષ્ટાચારનો આવો ભંગ તેણે કદિ જોયો ન્હોતો. તે અનેક જાતના તરંગો કરતો ચુપચુપ ઉભો રહયો. પ્રિન્સ અને પ્રિન્સેસની મુલાકાત ફકત ત્રણજ મીનીટ ટકી હતી. તે પછી પ્રિન્સ અચાનક વિદાય થવાથી કેરોલાઇનના દીલમાં અત્યંત તિરસ્કાર ઉપજ્યો હતો તે સમજી ગઇ કે તેના અપમાનની હદ થઇ ગઇ. પણ તેનો સ્વભાવજ સરળ અને ક્ષમાશીલ હતો. થોડીવારમાં તેનો ગુસ્સો ઉડી ગયો. અને તે હસતી હસતી મંમ્સબરીને કહેવા લાગી: "પ્રિન્સ કંઇ બોલ્યા ચાલ્યા વિના વિદાય થઇ ગયા એ પણ તમારો અંગ્રેજી શિષ્ટાચારજ હશે—ખરૂં ને !"

પ્રિન્સેસનું આ વાકય સાંભળતાંજ અવાક ઉભેલા અર્લને ચેતન આવ્યું. પ્રિન્સના અસભ્ય વર્તન પર ઢાંક પીછોડો કરવાની જરૂર જણાવાથી તે અત્યંત નમ્રતાથી બોલ્યો: "કુમારી ! એમને ક્ષમા કરજો. તમે જાણો તો છો કે હમણાં એમનું મન ઘણુંજ અસ્થિર થઇ ગયું છે."

પ્રિન્સેસના મુખ પર અત્યારે પણ પ્રસન્નતાજ છવાઇ હતી. તે મુસ્કેરાઇને બોલી: "તો અંગ્રેજોની માનીતી ગાળ દઇને વિદાય થયા હતા—ખરૂં ?"

"નહિ. નહિ. એમના મ્હોમાંથી ગાળ નીકળે એ બનવાજોગજ નથી." અર્લ સરાસર જુઠું બોલ્યો: "ડીનર સમયે તમે એમના આદર્શ વ્યવહારથી મુગ્ધ થઇ જશો. એથી વિશેષ શું કહું ?"

"તમે તો એમનો કામદેવનો અવતાર કહેતા હતા પણ તમારા રાજકુમાર તો સ્થુલ છે અને એમના ચહેરાપર અત્યાચારના લક્ષણો સ્પષ્ટ જણાઇ આવે છે.

"આવી વાત કરવાની કંઇ જરૂર નથી."

"ત્યારે તમે મારી સાથે વાત કેમ કરો છો ?"

"દરબારના રિવાજ મુજબ મારે વર્તવું પડે છે."

"મારા પિતાના દરબારમાં એવો દંભ ચાલતો નથી." કહી કુમારીએ નિસાસો નાખ્યો.

આ સમયે લેડી જર્સી, મીસીસ એસ્ટન અને મીસીસ હારકોર્ટ ત્યાં આવી પહોંચતાં અર્લ સાથની વાત બંધ થઇ ગઇ. લેડી જરસી પ્રિન્સેસ કેરોલાઇનને આરામ લેવાના ઓરડામાં લઇ ગઇ. લેડી જર્સીને તો હવે વાંચનાર ઓળખે છે. મીસીસ હારકોરટ જરમનીથી પ્રિન્સેસ કેરોલાઇન સાથે આવી હતી તેને ફોડીને જર્સીએ પોતાની કરી લીધી હતી અને હારકોરટ જર્સીના શયનગૃહની દાસી નીમાઇ હતી તે પ્રઉઢ વયની વાચાળ પણ નીચ સ્વભાવની સ્ત્રી હતી મીસીસ એસ્ટન ચોવીશ વર્ષની ખુબસુરત યઉવના હતી અને પ્રિન્સની રખાત હતી. જે રાજકુમારી બે ત્રણ દિવસમાંજ પ્રિન્સની પત્ની થવાની હતી તેની સાથે પ્રિન્સની બે માશુકોની દોસ્તી અત્યારથીજ વધારી દેવામાં આવી હતી. ડીનર સમયે પહેરવાના વસ્ત્રાભુષણો સજતી વખતે કેરોલાઇન આ ત્રણે રમણીઓ સાથે સહૃદયતાથી વાત-ચીત કરી રહી હતી, ખાસ કરીને તે લેડી જર્સી પર અત્યંત અનુરાગ બતાવતી હતો. શણગાર સજયા પછી તે એકાએક બોલી ઉઠી: "મારી વ્હાલી લેડી જર્સી ! હું તમને આટલા બધા કેમ ચાહું છું તે તમે જાણો છો ?"

"મારા કયા ગુણથી આવા સન્માનને પાત્ર થવાને ભાગ્યશાળી

થઇ છું તેની મને ખબર નથી." જર્સી દરબારની ખુશામદી ભાષામાં બોલી.

"જર્મનીમાંજ મેં તમારી પ્રશંસા સાંભળી હતી. લોકવાયકા એવી છે કે તમે અત્યંત સુંદર છો એટલુંજ નહિ પણ ખુદ પ્રિન્સ તમારા પર અમી ભરી નજર રાખે છે."

"એમ?" કેરોલાઇનની વાત સાંભળતાં જર્સીના ગાલ લાલ લાલ થઇ ગયા. તેણે કુમારીનો શૃંગાર કરવાને બહાને મ્હોં ફેરવી લીધું.

"હા. મેં એવી વાત સાંભળી હતી." સારા સારનો વિચાર કર્યા વિના કેરોલાઇન સરળ ચિત્તે કહેવા લાગી: પ્રિન્સ તમને શા માટે ખુબ ચાહે છે તે માટે તમે ચિંતા ના કરતા. હું તેથી તમારા પર ગુસ્સે થવાની નથી તેમ મને તમારી ઇર્ષા પણ આવવાની નથી, આવા રાજવંશી ભોગ ઐશ્વર્યમાં ઉછરનાર પુરૂષ સાધુ જેવો રહે એવી મને આશાજ ન્હોતી. હું કોઇ પણ રીતે એમને તમારાથી વિરક્ત કરવા માગતી નથી. બહેન! થોડાજ સમયમાં એ તમને એકાંતમાં મળે ત્યારે એમને સ્પષ્ટ કહી દેજો કે હું તમારા પર બળતી નથી પણ ઉલટી તમને સગી બહેન પેઠે ચાહું છું."

"આ મશ્કરી છે, રસિકતા છે કે મુર્ખતા?" લેડી જર્સીએ ધીમેથી મીસીસ એરટનના કાનમા કહ્યું.

"નાહાની-સાવ મૂર્ખતા? જોતી નથી? તદન પાગલની પેઠે બકી રહી છે?" એજ રીતે મીસીસ એરટન બબડી.

"રાજકુમારી!" લેડી જર્સી પ્રિન્સેસ તરફ જોઇ બોલી: "તમારી મારા પરની કરૂણાભરી લાગણી માટે હું અત્યંત આભારી છું. પણ હું પ્રિન્સને કોઇ સંદેશો કહી શકું એમ નથી."

"કંઇ નહિ, હું પોતેજ વખત આવ્યે એમને કહી દઇશ."

શૃંગાર સજાવી ત્રણે સખીઓ પ્રિન્સેસને ડીનર રૂમમાં લઇ ગઇ. રાજાએ પુત્રવધુ તરફ યથાયોગ્ય મમતા બતાવવા માંડી પણ રાણી તદન લાગણીહીન હતી. સોફીઆ, એમીલીઆ અને

ઓગસ્ટા-ઇંગ્લાંડની રાજકુમારીઓ માતાનું વર્તન જોઇ ઘણી દુઃખી થઇ અને તેઓ માની અસભ્યતાનો ખંગ વાળવા માટે કેરોલાઇન પ્રત્યે અત્યંત વ્હાલ બતાવવા લાગી ડયુક ઓફ કલેરંસ પાગલ જેવો હતો. તે કોઇવાર અક્કલના ચણા વેરી નાખતો તો કોઇવાર લાગણીની હદ કુદાવી જતો. ડયુક ઓફ કમ્બરલેંડ કરૂર સ્વભાવનો માણસ હતો. તેને જોતાંજ પ્રિન્સેસ ભયભીત થઇ સંદિગ્ધ બની ગઇ હતી પ્રિન્સ રિવાજ પ્રમાણે પ્રિન્સેસની બાજુમાં બેઠો હતો અને બાહ્ય રીતે ભાવી પત્ની પ્રતિ માનથી વર્તતો હતો. પણ ઉભય વચ્ચે પ્રણયની જરાય વાત થતી ન્હોતી. કેરોલાઇનની વાતચીત તે અત્યંત ધ્યાનથી સાંભળી રહયો હતો. હવે તેની ખાત્રી થઇ ગઇ કે પ્રિન્સેસને જેવી કદરૂપી વર્ણવવામાં આવી હતો તેવી ન્હોતી. તેની દંતપંકિત મોતી જેવી સુંદર હતી. વાળ ઘુંઘરાળા અને સોનેરી હતા. વક્ષયુગલ પુષ્ટ અને પીન હતા. તેની સુંદરતા વિષે પ્રિન્સને પોતાનો અભિપ્રાય બદલવો પડયો. પણ તેના મનમાં અગાઉથીજ હળાહળ ઝેર રેડવામાં આવ્યું હતું તે નીકળ્યું નહિ. કેરોલાઇનની સરળતાને તેણે મુર્ખતા માની લીધી અને તેના નિષ્કપટ સ્વભાવમાં તે નીચતા જોવા લાગ્યો. પ્રિનસેસના હૃદયમાં અભિમાનનો છાંટો પણ નહોતો તેથી તે પોતાની સખીઓ સાથે છુટથી વાત કરતી હતી. પ્રિન્સે આનો અર્થ એવો કર્યો કે રાજકુમારીને પોતાનાથી હલકા દરજ્જાના માણસો સાથે કેમ વાત કરવી તેનું ભાન નથી. વળી વાતમાંને વાતમાં પ્રિન્સસ કેરોલાઇને પ્રિન્સના કાનમાં લેડી જર્સી વિષે વાત કહી ત્યારે તેની વિરકતીનો પાર રહયો નહિ. ખરી વાત એ હતી કે અલ મમ્સબરીએ તેને જે શીખામણ આપી હતો તેનો તેણે અત્યુકત કરી નાખી હતી. અલે તેને સમજાવ્યું હતું કે કદાચ પ્રિન્સની કોઇ પ્રેમલીલાની વાત તેને કાને આવે તો પ્રિન્સની પ્રિયપાત્રીની અદેખાઇ ન કરતી. કેરોલાઇન દુનિયાદારીના છળ પ્રપંચથી તદન અજાણી હતી. તેણે એ વાત પ્રિન્સને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધી તેથી પ્રિન્સ તેના પર ખુબ નારાજ થઇ ગયો. તે પોતાના બેચેની ભુલવા માટે એક પછી એક શરાબના ગ્લાસ ઉડાવવા લાગ્યો. કેરોલાઇન તે જોઇ અજાયબ થઇ ઇંગ્લંડનો ભાવી રાજા આટલો બધો દારૂડીઓ હશે એવી તેને કલ્પના પણ નહોતી.

અંતે ડીનર પુરૂં થયું. નિમંત્રીત પ્રધાનો અને અમીર ઉમરાવો પોત પોતાને ઘેર ચાલ્યા ગયા. કેરોલાઇન પોતાના રૂમમાં ચાલી ગઇ. આ પ્રસંગે પ્રિન્સ પોતાની માતાને બીજા ઓરડામાં લઇ જઇ બોલ્યો: "પ્રિન્સેસ વિષે તમે શું ધારો છો?"

"જ્યોર્જ! એ વાતજ જવા દે. તારો સંસાર ધુળમાં મળી જશે એ ખ્યાલથી મારી છાતી ફાટી જાય છે. આ બધા કારસ્તાન તારા પિતાના છે. તું જાણે છે કે તારા પિતા ઘણાજ હઠીલા છે. મેં એમને આ પુતળા સાથે તારા વિવાહ ન કરવા માટે ઘણા સમજાવ્યા-વિનંતી કરી-ધમકી આપી-પણ એકના બે ન થયા! કેરોલાઇન તારે લાયક નથી. એની સાથે તું સુખી થવાનો નથી. મેં લેડી જર્સીને સાફ કહી દીધું છે કે જો એ તારી સાથે પ્રેમથી વર્તશે તો હું તેના પર મીઠી નજર રાખીશ. તમને બેને વારંવાર ટંટા ફીસાદ તો થશેજ. પણ તે વખતે હંમેશા હું તારો પક્ષ લઇશ." રાણી બોલી.

"કાર્લટન મેનશનમાં અત્રે ધણી ધણીઆણી વચ્ચે બોલાચાલી થયા કરશે તે તમે સારી પેઠે જાણો છો અને તે વખતે કેમ વર્તવું તે તમે અત્યારથી નક્કી કરી બેઠાં છો!" પ્રિન્સ ખાટો થઇ બોલ્યો.

"તારે જોઇએ તેમ માન; પણ એ વાત હંમેશા યાદ રાખજે."

"કઇ?"

"એ કે હું પ્રિન્સેસ કેરોલાઇનની હડહડતી દુશ્મન છું." મહારાણીની આંખમાંથી અંગારા વરસ્યા. પ્રિન્સ આ સાંભળી અજબ થયો. પણ કંઇ બોલી શકયો નહિ. રાણી તેને એકલો છોડી બીજા ઓરડામાં ચાલી ગઇ.

પ્રકરણ–૧૬૧ મું.

પોલ ખુલી ગઈ.

ચેન્સરી લેનમાંના સાહુકારી જેલના મકાનમાં પ્રિન્સ અચાનક આવી ઘુમતાં મીસીસ ફીટઝના સુવાના ઓરડામાંથી કાઉન્ટેસ ઓફ ડેસબરો અને મીસ પ્લેનટાજીનેટ ચુપચુપ ચાલી ગઇ હતી તે વાંચનારને યાદ હશે. કાઉન્ટેસ ડચેસ સાથે જે ગાડીમાં આવી હતી તે તેની પોતાનીજ ગાડી હતી. નીચે જતાંજ પ્લેનટાજીનેટ અને એલીનર ગાડીમાં બેસી ગઇ અને તરતજ ઘોડા દોડવા લાગ્યા. એલીનરની સુંદર ગાડીમાં બંન્ને રમણીઓ એક બીજીની ગોદમાં બેઠી હતી. ગાડી ઉપડયા પછી એલીનરે મીસ પ્લેન્ટાજીનેટને પુછ્યું: "તમને કયાં ઉતારી આવું ?"

"મારે લીધે તમારે તમારૂં કોઇ કામ પડતું મેલવાની જરૂર નથી." જવાબ મળ્યો.

"મારે કંઇ ખાસ કામ તો નથી; પણ એકવાર એજવર રોડ જઇને મારશ્યોનેસ ઓફ વેલંડનને મળવા માંગું છું મારશ્યોનેસ મારી અત્યંત પ્રીય સખી છે. તમારે તેને ત્યાં આવવું હોય તો ખુશીથી ચાલો." એલીનર બોલી.

"તમારી સાથ આવવાને હું ખુશી છું."

એલીનરે કોચમેનને વેલંડન પ્રાયરી જવાનો હુકમ કર્યો અને તે પછી બંન્ને સખીઓ જાતજાતની વાતો કરવા લાગી. બન્ને એક બીજાથી તદન અપરિચીત હતી. પણ સ્ત્રીઓને થોડીજ વારમાં સખી થઇ જતાં વિલંબ લાગતો નથી. વળી એલીનર ખાત્રીથી માનતી હતી કે મીસ પ્લેન્ટાજીનેટ તેની વ્હાલી સખી ડચેસ ઓફ ડેવનશાયરની સગી છે તેથી ડચેસને જરા પણ ખોટું ન લાગે તે માટે તે પ્લેન્ટાજીનેટ સાથે જાણે વરસોની પીછાન હોય તે રીતે વાત કરવા લાગી.

વેલંડન પ્રાયરીના ફાટક પર જઇ ગાડી ઉભી રહી. નોકરે ગાડી પરથી ઉતરી ફાટક આગળની ઘંટી વગાડી. આ બાજુ પ્લેન્ટાજીનેટ

ગાડીની બારીમાંથી ડોકીયું કરી એ સુંદર મહેલની અટ્ટાલીકા જોવા લાગી.

"પ્રાચીન જમાનાનું આ વિચિત્ર મકાન છે. પણ અંદરથી તેનો ઠાઠ રાજવંશી છે. તમે કોઇ દિવસ અંદર ગયા હતા?" એલીનરે પૂછ્યું.

"નહિ. હું કદી આ મકાનમાં ગઇ નથી. મારશ્યોનેસ સાથે લોર્ડ મોન્ટગમરીનો જે કેસ ચાલે છે તે વિષે મેં ઘણી વાત સાંભળી છે; પણ મારશ્યોનેસને મળવાનું સદ્દભાગ્ય મને પ્રાપ્ત થયું નથી." પ્લેન્ટાજીનેટે જવાબ આપ્યો.

"એ ઘણી દયાળુ અને પરમાર્થી સ્ત્રી છે. મોટે ભાગે એ એકાંતમાંજ રહે છે. પણ હું અને મારા સ્વામી એને વારંવાર મળવા આવીએ છીએ.

આ સમયે દરવાને આવી બગીચાનો ફાટક ખોલ્યો. બંને સખીઓ ગાડીમાંથી ઉતરી મનોહર બગીચો પસાર કરી બંગલાના સંગેમરમરના પગથીઆ ચઢી મકાનમાં દાખલ થઇ. હૉલમાં અનેક પ્રકારના હથીઆરો, બખ્તરો, અને પત્થરની કીંમતી મુર્તિઓ વ્યવસ્થિત રીતે ગોઠવ્યા હતાં. ત્યાંથી દાદર ચઢી બન્ને રમણીઓ મારશ્યોનેસના સુંદર દિવાનખાનામાં દાખલ થઇ.

મારશ્યોનેસ હમણાં એકલીજ હતી. નોકર દ્વારા કાઉન્ટેસ ઓફ ડેસબરો આવવાની ખબર મળતાંજ તે ઉભી થઇ અને બારણા પાસે જઇ તેણે એલીનરનું વ્હાલથી સ્વાગત કર્યું પણ પ્લેન્ટાજીનેટ પર નજર પડતાંજ તે ચોંકી. તરતજ પીઠ ફેરવી લઇ તેણે મનોભાવ છુપાવી દીધો અને એલીનરને એક આસન પર બેસાડી તેના કુશળ સમાચાર પુછવા લાગી.

મારશ્યોનેસનો ગભરાટ એલીનર સમજી ન શકી. પણ મીસ પ્લેન્ટાજીનેટ તરત સમજી ગઇ. તે જરા ધ્રુજી ગઇ અને મનમાં ને મનમાં વિચાર કરવા લાગી: "શું મને જોતાંને વાર ઓળખી ગઇ હશે? મે એને અગાઉ કદી જોઇ નથી છતાં એ મને શી રીતે ઓળખી ગઇ હશે?" આવા વિચાર કરતી પ્લેન્ટાજીનેટ ગુપચુપ ખુરસી પર બેસી રહી.

"વ્હાલી લૌરા!" એલીનર થોડીવાર પછી બોલી: "ઘણે દહાડે તને મળવાના આનંદમાં હું મારી સખીની પીછાન કરાવવાનુંજ ભુલી ગઈ. બ્હેન! આપણી પ્રિય સખી ડચેસ ઓફ ડેવનશાયરની મીસ પ્લેન્ટાજીનેટ ખાસ આત્મીયા છે."

અપરીચિત આને અહિં આવવાની શી જરૂર હતી તે મારચીનેસ સમજી શકી નહી. આકસ્મિક રીતેજ એલીનર સાથે પ્લેન્ટાજીનેટ આવી હશે એમ તે માની શકી નહીં. તેને આ બનાવમાં કંઈ ભેદ લાગ્યો. તે જરા વિરકત થઈ બોલી: "મીસ પ્લેન્ટાજીનેટ તારી સખી થાય છે એટલે મારે ત્યાં તેને જરૂર આવકાર મળશે. મીસ પ્લેન્ટાજીનેટ! આવતાં તે વાર મેં તમારું સ્વાગત ન કર્યું તે માટે મને માફ કરજો. હું એકાંતમાંજ રહું છું તેથી વિના પીછાને અપરિચિત વ્યકિત સાથે એકદમ વાત કરવાની મને ટેવ નથી."

મીસ પ્લેન્ટાજીનેટ તરતજ હસીને બોલી: "કંઈ ફીકર નહિ. તમને મળવાથી મને અત્યંત આનંદ થયો છે."

"તું સ્ટેમ્ફર્ડ મેનરમાંથી પાછી આવી પછી મને મળી નથી. એ મકાન કેવું છે?" મારચીનેસે એલીનર તરફ ફરી કહ્યું:

"મકાન તો ઘણું સુંદર છે પણ લેડી સ્ટેમ્ફર્ડે તેમાં આપઘાત કર્યો હતો તેથી કોઈ કોઈ વાર મને ભય લાગે છે."

"વાહ! એલીનર! તારું હૃદય તો હિમ્મતવાળું છે. તું ખોટા ભયથી ક્યારથી ડરવા લાગી?"

"મને ભૂતપ્રેત પર વિશ્વાસ નથી છતાં કોઈ કોઈ વાર ભૂતના ખ્યાલથી મને ભય લાગે છે. ગમે તેમ હોય પણ મકાન તો ઘણું સારું છે.

વારુ લૌરા! તારા મુકદમાનું શું થયું? પેલો ચિત્રકાર વુડફાલ શું કરે છે?" એલીનરે બીજી વાત ઉપાડી.

"અત્યારે એ વાતની કંઈ જરૂર નથી." મારચીનેસ આ શબ્દો એવા ઢંગથી બોલી કે એલીનર તેથી અજબ થઈ. મારચીનેસ

હંમેશાં પ્રસન્નચિત્ત રહેતી હતી તેને બદલે આજે આમ કેમ વાત કરે છે તે કાઉન્ટેસ સમજી શકી નહિ.

"મેં જે વાત છેડી તેમાં મીસ પ્લેન્ટાજીનેટનો કંઇ સ્વાર્થ છે અથવા કોઇને આપણી વાતચીત કહી દેશે એવો ખ્યાલ ન કરતી."

"નહિં. નહિ. એમ નથી. આપણે જો કેસની વાત કરીશું તો મીસ પ્લેન્ટાજીનેટને કંઇ રસ પડશે નહિ તેથીજ મેં એ વાત પડતી મેલી છે."

"વારૂ–જેવી તમારી મરજી."

"તું લંડન ક્યારે આવી ?" મારસ્યોનેસે પૂછ્યું.

"કાલે સાંજે! ઘેર આવતાંજ ખબર પડી કે આપણી સખી મીસીસ ફીટઝ હરબર્ટ પર આફત આવી છે. એ બીચારી કરજદાર થઇ શેરોફના પંઝામાં ફસી હતી તેથી ડચેસ ઓફ ડેવનશાયરને લઇ હું ચેન્સરી લેનમાં તેને મળવા ગઇ. ત્યાં મીસ પ્લેન્ટાજીનેટ અને લેડી લીટીશીઆ લેડ હાજર હતા: લેડી લીટીશીઆનું ચારિત્ર્ય સારૂં નથી તેથી તેને જોતાંજ હું નારાજ થઇ."

"મને લીટીશીઆ સાથે જરા પણ પીછાન ન્હોતી. તે તો મારી પહેલાંથીજ ત્યાં જઇ બેઠી હતી." પ્લેન્ટાજીનેટ પોતાની આબરૂ બચાવવાના ખ્યાલથી બોલી.

"તમે આખી રાત ત્યાં સુતાં હતાં? એ તો એક જાતની જેલ છે." મારસ્યોનેસ બોલી.

'ત્રણે જણીએ એક ઓરડામાં ગપ્પાં મારતાં રાત ગાળી દીધી હશે. રાતે તમને કંઇ ડર લાગ્યો ન્હોતો ?" એલીનરે પૂછ્યું.

"નહિ."

"તમે એકલાંજ સુતાં હતાં ?"

"નહિ. એ મીસીસ ફીટઝ સાથે સુતી હતી અને લીટીશીઆ એકલી સુતી હતી." કાઉન્ટેસ બોલી: "હું ડચેસ સાથે ત્યાં ગઇ એટલામાં ત્યાં અચાનક પ્રિન્સ આવી પહોંચ્યા. તેને જોતાંજ અમે બન્ને ગભરાઇ ગઇ અને બીજા રૂમમાંથી એકદમ બહાર નીકળી આવી."

"આજે તારે મારે ત્યાંજ રહેવું પડશે, એલીનર!" મારસ્યોનેસે કાઉન્ટેસને આમંત્રણ કર્યું.

"નહિ. બહેન; આજે નહિ. અર્લ ધેરજ છે અને તેમની સાથે સાંજે કોઇ જગાએ જવાનું છે." કાઉન્ટેસે કહ્યું.

"વારૂ—તો કાલે જરૂર આવજે. મારે તને ઘણી વાત કરવાની છે."

"ભલે! ગઇ વખતે પેલી છોકરીને જોઇ ગઇ હતી તે કયાં ગઇ?"

"અહિંજ છે. રોઝ ફોરસ્ટર જેવી છોકરી મે કદી જોઇ નથી. બિચારી પર દુઃખ પડવામાં કંઇ બાકી રહી નથી."

"હા. ગઇ વખતેજ તે કહ્યું હતું કે પ્રિન્સ તેને ભ્રષ્ટ કરવાને તૈયાર થયો હતો. પ્રિન્સે ઘણી સ્ત્રીઓના શીયળ લુટયા છે પણ રોઝ ફોરસ્ટર જે રીતે તેની સામે થઇ અણીશુધ્ધ બચી આવી તે રીતે કોઇ ભાગ્યેજ બચી હશે." કાઉન્ટેસ બોલી.

પ્લેન્ટાજીનેટ એકલી બેસીને કંઇ કંઇ વીચાર કરતી હતી. મારસ્યોનેસ તેના સાથે જે રીતે વર્તતી હતી તેનો મર્મ તે સમજી શકી નહી. તે તેના વરફ જાણી જોઇને બેદરકારી બતાવે છે કે તે તેને ઓળખી ગઇ છે તેનો તે નિર્ણય કરી શકી નહિ.

આ સમયે સામેનું દ્વાર ખોલ્યાં રોઝ ફોરસ્ટર ત્યાં આવી. એલીનર તેને જોતાંજ ઉભી થઇ અને તેને ચુમી લઇ બોલીઃ "હું તારીજ વાત કરતી હતી, રોઝ! આવ, મારી સખી સાથે તારી પીછાન કરાવું. આ મીસ પ્લેનટા—"

એલીનર સાથે રોઝ પ્લેનટાજીનેટ પાસે આવી અને એલીનર ઉપલા શબ્દો બોલી એટલામાં રોઝથી અચાનક ચીસ પડાઇ ગઇ, "ઓ મારે! આ તો લોર્ડ ફ્લોરેમલ! મને આ લુચ્ચા અમીરથી બચાવો—બચાવો—"

રોઝે મામલો ગંભીર કરી નાખ્યો. લોર્ડ ફ્લોરેમલની પોલ ખુલી ગઇ. વાંચનારને યાદ હશે કે મીસીસ બીસને ત્યા રોઝ હતી ત્યારે કમીલ્લા માસ્ટીનને નામે તેને લોર્ડ ફ્લોરેમલ સમક્ષ રજુ કરવામાં આવી હતી અને પોલીનથી ફ્લોરેમલને વિરકત

કરવા માટે બદમાશ મેસે રોઝને ખબર કરવાની ગોઠવણ રચી હતી; પણ તે સમયે ફ્લોરેમલ પોલીન પર મુગ્ધ હોવાથી રોઝ બચી ગઇ હતી. આ વેષધારી ફ્લોરેમલને જોતાંજ રોઝ તેને ઓળખી ગઇ અને હવેજ ફ્લોરેમલને ખબર પડી કે તેનું ખરૂં નામ રોઝ ફોસ્ટર હતું. હવે જો તે ત્યાં એક પળ પણ ઉભો રહેશે તો તેની ભારી ફજેતી થશે અને કદાચ પોલીસનું લફરૂં થશે એવા ભયથી તે જીવ લઇને નાસી જવા તૈયાર થયો. દિવાનખાનામાંથી જીવ લઇને નાસી જતાં કમનશીબે તેનો પગ ગલીચામાં ભરાયો અને તે ધમ દઇને જમીન પર તુટી પડયો, જમીન પર પડતાંજ તેનું માથું એક ચીનાઇ કાચના કુંડા સાથે અથડાવાથી તેના માથામાં સખ્ત પ્રહાર થયો અને તે બેભાન થઇ ગયો.

* * *

જ્યારે તેને હોંસ આવી ત્યારે તે એક અંધારા ઓરડામાં પલંગ પર પડયો હતો. તેના માથાના જખમ પર પાટો બાંધેલો હતો. તે ક્યાં હતો ? તેના પોતાના ઘરમાં ? નહિં. હાથ લાંબો કરી પલંગ પરની મચ્છરદાનીની ઝાલર તપાસતાં તેની ખાત્રી થઇ કે આ પલંગ તેનો ન્હોતો, ત્યારે શું તે મારક્વીનેસના ઘરમાંજ હતો ? નહિ, એ પવિત્ર રમણી તેને ઘડીભર પણ આશ્રય આપે એવો સંભવ ન્હોતો. ત્યારે તે હતો ક્યાં ? આ સવાલ તેને મુંઝાવા લાગ્યો. ફ્લોરેમલ આવા તરંગો કરતો હતો એવામાં ઘડીઆળમાં ટકોરા પડયા.

"આ શું ?" ટકોરા સાંભળતાંજ અજાયબી, અને આનંદની લાગણીથી તે બબડયો. તેણે આ અવાજ અગાઉ સંભળાવ્યો હોય એવું લાગ્યું. અગાઉના બનાવની યાદ આવતાંજ તે આનંદમાં મસ્ત થઇ ગયો. ઘડીઆળમાં ટકોરા થયા પછી ફરીથી નીરવતા છવાઇ ગઇ. હવે તે પલંગ પર બેઠો થયો અને હાથ લંબાવીને આજુબાજુની તપાસ કરવા લાગ્યો. પેલી ભેદી રમણી તેને આંખે પાટા બાંધીને તેને જે જગ્યાએ લઇ ગઇ હતી તેજ આ સ્થાન હતું. એવો તેને ભાસ થયો. અગાઉ તેણે પલંગની પાસેની આરામ ખુરશી પર

કપડાં ઉતાર્યાં હતાં તે આરામ ખુરસી અત્યારે પણ તેજ સ્થાને હતી. હવે તેનું મન વિહ્વળ થઇ ગયું. તે પલંગ પરથી નીચે ઉતર્યો. મસ્તક પર ઘા થવાથી તે કમજોર થઇ ગયો હતો છતાં તેણે સોફા અને ટેબલ શોધી કાઢયાં, ઓરડામાં ગાઢ અંધકાર હતો પણ તેમાં કંઈ પડતી ન્હોતી. સર્વત્ર સુગંધી વાયુ ફેલાયો હતો. સોફાપર બેસી ગયો. "આ તેજ કેદીભવન છે. ખેર, જે થયું તે ઠીક થયું. ભલે અહિં કેદ થયો. પણ આવી કેદમાં રહેવાનું કોને ન ગમે? હવે તો આ કેદખાનાની મોહક રક્ષક આવે તો સારૂં!" તે બબડયો.

"વ્હાલા! તમને હું ભુલી જાઉં ખરી!" કુબેરમલ ઉપલા શબ્દો બોલ્યો કે તરત બીજી બાજુથી પેલી ભેદી રમણી બોલી અને તરતજ કુબેરમલ પાસે આવી તેને વળગી પડી. ઉભયજણ મળ્યાં. પુનઃ મીલનથી ઉભયની નસોમાં વીજળી દોડવા લાગી. રમણીએ પ્રથમથીજ ટેબલ પર સ્વાદિષ્ટ ભોજનની રકાબીઓ હાજર રાખી હતી. કુબેરમલને ખોળા પર બેસાડી એ જાદુગરી તેને પોતાને હાથે ખવડાવવા લાગી. કુબેરમલ મંત્રમુગ્ધ થઇ ખાઇ રહ્યો.

"વ્હાલી!" ભોજન લીધા બાદ કુબેરમલે પુછયું: "હું કેટલા દીવસથી બેભાન રહ્યો હતો?"

"એ બનાવ બન્યાને આજે ત્રીજો દિવસ થયો. આજે આઠમી એપ્રીલ થઇ. બોલો, હવે તમે અહિં શી રીતે આવ્યા?" તે માયાવિની બોલી.

"મારે શું હું વેલંડન પ્રાયરીમાં નથી?" કુબેરમલ જરા ગભરાઇને બોલ્યો.

"તમે ગાંડા થઇ ગયા છો કે શું? વેલંડન પ્રાયરી અહિં ક્યાંથી? ચુપ રહો. તમને સન્નેપાત થયો છે. ડોક્ટરે વધુ બોલવાની મના કરી છે. હમણાં સુઇ જાઓ. કાલે તમને આરામ થશે પછી બધી વાત કરીશ."

"ભલે, જેવી તમારી મરજી—" રમણીને ચુંબન કરી કુબેરમલ બોલ્યો અને એ જાદુગરી રમણી તેને પલંગપર સુવાડી તેની સેવા શુશ્રુષા કરવા લાગી.

પ્રકરણ ૧૬૨ મું.

લગ્ન.

ઇસ્વી સન ૧૭૯૫ ના એપ્રીલ મહિનાની આઠમી તારીખે સેંટ જેમ્સ પેલેસના ચર્ચમાં પ્રિન્સ જ્યોર્જ સાથે પ્રિન્સેસ કેરોલાઇનના રાજવંશી ઠાઠમાઠ સાથે લગ્ન થઇ ગયા. લગ્ન સમયે ડયુક ઓફ યોર્ક સિવાય રાજા, રાણી અને રાજવંશના સઘળા નબીરા હાજર હતા. ડયુક ઓફ યોર્ક અંગ્રેજ સેનાનો સેનાપતિ હતો અને તે ફ્રાન્સ વિગેરે દેશો સાથે લડાઇમાં રોકાયલો હોવાથી હાજર નહોતો. રાણી મણી માણેકથી ઝળહળી રહી હતી. રાજકુમારીઓની શોભાનો પણ પાર નહોતો રાજાને તો કંઇ અક્કલજ નહોતી. તે વિના કારણે હંમેશા હસ્યા કરતો. રાણી અભિમાનથી ફુલી ગઇ હતી. ફકત રાજકુંવરી એમીલીઆ ઉદાસ જણાતી હતી કેમકે નવવધુનું ભાવી ઘોર તીમીરથી છવાયલું છે તે તે જાણતી હતી.

પ્રિન્સેસ કેરોલાઇનની આ લગ્નમાં સમતિ લેવાઇ નહોતી તો પણ અત્યારે તેના વદન પર પ્રસનતા છવાઇ રહી હતી. તે પ્રિન્સને ચાહતી નહોતી, પણ તેને ઇશ્વર પર અટલ શ્રધ્ધા હતી. માનવી ગમે તેટલી માથાકુટ કરે પણ અંતે ઇશ્વરનું ધાર્યુંજ થાય છે એમ માનીને તે પોતાના ભાવી પતિ તરિકે પ્રિન્સનો સ્વીકાર કરવાને તઇયાર થઇ હતી.

પણ પ્રિન્સની હાલત તેવી નહોતી. અસહ્ય મનોયાતનાને લીધે તેણે વારંવાર સુરાદેવીની આરાધના કરવાથી તેની આંખો લાલ ઘુમ થઇ ગઇ હતી. મ્હોં પર પણ રતાશ છવાઇ ગઇ હતી. દૃષ્ટિ અર્થશુન્ય થઇ હતી. વચમાં વચમાં તે મીસીસ ફીટ્ઝહર્બટ નહિ પણ મીસીસ ઓસ્ટન અને લેડી જર્સી તરફ જોઇ હાસ્ય કરતો હતો અને માયાવિની જર્સી કોઇ ન દેખે તે રીતે મોહક હાસ્ય કરી પ્રિનસના જીગરમાં કામાગ્નિ ભડકાવી મેલતી હતી, પાંચ મીનીટ પછી જે પુરૂષ પોતાનો જીવન સાથી થવાનો છે તેને આ સમયે બીજી રમણી સાથે આવા

ચેનચાળા કરતો જોઇને કેરોલાઇનના હૃદયમાં આગ સળગી, તેની આંખોમાં ગુસ્સાની ભભક આવી પણ નહી. તે કેવી હતી. તરતજ તેણે મન સંયમ કરી ક્રોધને નષ્ટ કર્યો અને ભવિષ્યમાં ગમે તે થાય પણ સઘળું સહી લેવાનો નિશ્ચય કર્યો.

હવે લગ્નનો સમારંભ શરૂ થયો. કેન્ટરબરીનો આર્ચ બીશપ બાઇબલના મંત્રો ભણવા લાગ્યો, જેમ જેમ લગ્ન ક્રિયા ગંભીર થતી ગઇ તેમ તેમ કેરોલાઇનની નિરાશા વધતી ગઇ. પ્રિન્સની વિરક્તતા વધવા લાગી. તેણે પ્રિન્સેસના નેત્રમાંથી મોતી જેવું આંસુ બિંદુ ટપકતું જોયું. કેરોલાઇન આજે પરાઇ થતી હતી—માતા પિતાથી સદાને માટે છુટી પડતી હતી તેથી રડી હતી. પણ પ્રિન્સ એમજ સમજ્યો કે તે તેને ચાહતી નથી તેથી રૂએ છે. અંતે વર વધુનો હસ્ત મેળાપ થયો. બ્રન્સવીકની રાજકુમારીને પ્રિન્સે પોતાની પત્નિ તરિકે સ્વીકારવાનો ધાર્મીક એકરાર કર્યો.

હવે બધા દિવાનખાનામાં ગયા. રાજવંશી હોલ અનેક સ્ત્રી પુરૂષોથી ભરાઇ ગયો હતો. નવી વહુને જોતાંજ બધા અનેક જાતના વિચારમાં પડયા.

“જુને બા! નવી વહુ કેવી છે?” લેડી મોન્ટગમરીની માએ પોતાની પાસેની સ્ત્રીને પુછ્યું.

“પહેલાં એ તો કહો કે પ્રિન્સની એના તરફ કેવી નજર છે?”

“જોતાં નથી? પ્રિન્સ તો તદન ઉદ્વિગ્ન જણાઇ આવે છે.”

“હા. બરાબર! જુઓ છોને! આંખ ને મ્હોં લાલ થઇ ગયાં છે.”

“હા. મને લાગે છે કે ખુબ ચહડાવ્યો છે.”

“હા. તદન ચકચુર છે.”

“નવી વહુ કેવી લાગે છે?”

“જવા દોને! એ જરમન બબાઓ એવીજ હોય છે!”

દરેક જમાએ પ્રિન્સેસની ગુપચુપ નિંદા થતી હતી. એક સાઠ વર્ષના

પછી એ માર્કવીસને પુછ્યું: "કેમ સાહેબ! નવ વધુ કેવાં લાગે છે?"

"આપ તો મારા કરતાં વધુ જાણકાર છો. આપજ કહોને!" માર્કવીસે સામો સવાલ કર્યો.

"પ્રિન્સનો ભાવ જોયો?"

"હા. આખી દુનીઆ જોઇ રહી છે કે નવવધુને છોડી અને તે વારંવાર બેટી જર્સીને આંખ માર્યા કરે છે."

"ત્યારે આપણે શું કરવું?"

"આ જર્મન રાજકુંવરી સાથે વધુ પરિચય ન રાખવો. તમારા ઘરની સ્ત્રીઓને એટલું કહી દેજો કે પ્રિન્સેસના સિતારા પાધરા નથી."

"બરાબર છે. એમજ કરવું પડશે."

લગ્ન ભારી ધામધુમથી પુરાં થયાં. યથા સમયે ભોજન બાદ મહેમાનો વિદાય થયા અને પ્રિન્સ કેરોલાઇનને લઇ કાલટન મેનશનમાં ગયો.

પ્રકરણ-૧૬૩ મું.

પહેલી રાત.

કાર્લટન મેન્શનમાં પહોંચતાંજ નોકરો ચાકરોની સલામ સ્વીકારતો પ્રિન્સ કેરોલાઇનને દિવાનખાનામાં લઇ ગયો, લેડી જર્સી મીસીસ એરટન અને મીસીસ હારકોર્ટ પ્રિન્સની ગાડીની પાછળજ બીજી ગાડીમાં પ્રિન્સના મહેલમાં આવી પહોંચી અને તરત દિવાનખાનામાં જઇ કેરોલાઇનની આગતા સ્વાગતા કરવા લાગી. થોડીવાર મજાક મશ્કરી કર્યા પછી લેડી જર્સી પ્રિન્સેસને શયનગૃહમાં લઇ ગઇ.

પ્રિન્સ એકલો પડતાંજ તે ટેબલ પાસે ગયો. ટેબલ પર ભોજનની રકાબીઓ પડી હતી. પ્રિન્સે તે પર ધ્યાન ન આપ્યું પણ એક શીશામાંથી પોર્ટવાઇન કાઢી આખો ગ્લાસ એક ઘુંટડે તે ગટગટાવી ગયો. શરાબ પી સોફા પર લેટી તે ચિંતામાં લીન થઇ ગયો. પ્રિન્સને માથે અનેક ચિંતા હતી. વડા પ્રધાન પીટે તેનું કરજ ચુકવવા માટે પાર્લામેંટની મંજુરી મેળવવાનું કબુલ્યું હતું પણ તે પહેલાં પ્રિન્સના માગનારાઓની ટીપ માંગી હતી. એ ટીપમાં લેણદારોના નામો લખવાથી ચાલે તેમ ન હતું; પણ દરેક જણ પાસેથી શા કારણસર કેટલા રૂપીઆ કેટલે વ્યાજે લીધા હતા. તેની વિગતવાર માહીતી આપવાની હતી. પ્રિન્સે કેટલાંક એવાં કરજ કર્યા હતા કે જેના કારણ તે કદાપી પણ પ્રગટ કરી શકે તેમ ન હતું. રાજેશ્રીની નામદારી ચારે તરફ ડંકા બજાવી રહી હતી. ફ્રાન્સથી દેશપાર થયેલ મારકવીસ એફ કય તેને એક મોટી રકમ સાચવવા આપી હતી તે પણ સાહેબજાદાએ વાપરી નાખી હતી. જો આ બીના જાહેર થાય તો તેની બદનામીના પાર ન રહે. એજ ફ્રેંચ મારકવીસ આજે ત્રણ ત્રણ દીવસ થયા પ્રિન્સ પર પોતાના નાણા માટે તગાદા પર તગાદા કરી રહ્યો હતો આ તગાદા કરાવનાર લીટીશીઆજ છે તે પ્રિન્સ સારી પેઠે જાણતો હતો. વળી પોલીને પ્રિન્સ પર ચીઠી મોકલી તેને ખબર આપી હતી કે પ્રિન્સના દગાબાજ પ્રેમનો ભોગ થયેલી ઓકટેવીઆ ગંભવંતી થઇ છે. આ કારણસર તેની ચિંતા ઓર વધી ગઇ હતી. સૌથી વધારે ચિંતા તેના લગ્નને લીધે થતી

હતી. જે આ તેને ગમતી નહોતી તેની સાથે તેને લાચારીથી ધર્મ વિધિ અનુસાર લગ્ન કરવાની ફરજ પડી હતી. આને પરિણામે ભવિષ્યમાં અનેક જંજાળો ઉભી થશે તે વિષે પ્રિન્સને લેશ માત્ર શંકા ન હતી.

તે અરધો કલાક એકલો રહયો પણ એટલી વારમાં પાંચ છ ગ્લાસ શરાબ પાણીની પેઠે ઢીંચી ગયો. શરાબની કેફને લીધે તેનો ચ્હેરો લાલ થઇ ગયો. આંખમાંથી જાણે લોહી નીકળવાનું હોય એવો નેત્રોનો રંગ થઇ ગયો. તેની આંખોની આસપાસની જગ્યા સુજી જેવી ગઇ. પગ લથડવા લાગ્યા. આ સમયે ત્યાં લેડી જર્સી આવી પહોંચી. પ્રિન્સના રંગઢંગ જોતાંજ તે સમજી ગઇ કે રાજકુમારને ખુબ માત્રા લાગી ગઇ છે. ક્ષણવાર તે પ્રફુલ્લ થઇ ગઇ પણ તરત મનનો ભાવ છુપાવી મુગ્ધભાવ ધારણ કરી પ્રિન્સ તરફ જોઇ નયન કટાક્ષ કરવા લાગી. પ્રિન્સની હાલત એવી હતી કે તેને જોઇને કોઇપણ ઘીને ધિક્કાર છૂટે. પણ લેડી જર્સી કોઇ ખાસ ઉદ્દેશ સાધવા માગતી હતી તે પ્રિન્સેસ પર બળી મરતી હતી. વળી રાણીએ તેને નવવધુ અને પ્રિન્સ વચ્ચે અણબનાવ કરાવવાનું કામ સોંપ્યું હતું. આથીજ તે પ્રિન્સ પાસે જઇને નેત્ર કટાક્ષ કરવા લાગી.

"વ–વ–વ્હાલી! મારે માટે પ્રેમ ભોજન તૈયાર છે?"

"જી હા!" પ્રિન્સનો હાથ પકડી જર્સી બોલી: "શયનગૃહ બડા ઠાઠથી શણગાર્યું છે; પણ તમે આનંદી જણાતા નથી. તમને જોઇને મારી છાતી ફાટી જાય છે."

"ફ્રાન્સીસ! તું મને ચાહે છે?"

"એ વિષે તમને કંઇ પણ શક છે વ્હાલા!" જર્સીએ પ્રિન્સના ગળામાં હાથ નાખ્યો. શરાબી પ્રિન્સ મદમત થઇ બોલ્યો: 'જો મને ચાહતી હોય તો મારા દુ:ખમાં મારી ભાગીદાર થા.

"જ્યોર્જ! હું તમારી સેવામાં હાજર છું. તમારૂં દુ:ખ મારાથી જોવાતું નથી. એ આવી ત્યારનુંજ મેં તમને કહી દીધું હતું કે એ તમારે લાયક નથી."

"પણ એ આફત અટકાવવાનો કોઇ ઇલાજ નહતો, મારું કરજ ૭ લાખ પાઉંડનું છે. એ કંઇ સાધારણ વાત નથી. રાજસિંહાસન તો હું લગભગ ગુમાવી બેઠો હતો. જહન્નમમાં જાય એ બધી વાત ! એક ગલાસ શરાબ આપ !"

લેડી જર્સી નાજ નખરાં કરતી ટેબલ પાસે ગઇ અને શરાબનો ગ્લાસ ભરી લાવી. તેના અધખુલા પીન પયોધર, હસતું વદન અને હંસગતિની ચાલ જોઇને પ્રિન્સ ઉન્મત્ત થઇ ગયો. જર્સીના હાથમાંથી ગ્લાસ લઇ તેણે એકીટસે તે ખાલી કર્યો. પછી તે પેલી નખરાળી નાઝનીનને પોતાની પાસે બેસાડી તેના વાળની લટ સાથે રમત કરતો તે બોલ્યો.

"તું મને ચાહે છે ને ?"

"હા–હા–હા ! કેટલી વાર કહું વ્હાલા !"

"તો બોલ, હવે શું કરું ? શયનગૃહમાં જઇ નવી વહુના પ્રેમ-નો સ્વાદ ચાખું કે એને સ્પષ્ટ કહી દઉં કે તું મારી નામની સ્ત્રી છે."

નહિ. નહિ. વ્હાલા ! એમ ના કરતાં; નહિ તો તમારી નકામી બદનામી થશે. ચાલો, હવે અહિં બેસી રહેવામાં સાર નથી. અઢી વાગી ગયા છે. ચાલો, એક ગ્લાસ મારે હાથે પી પ્રિન્સેસ પાસે પધારો.

"ચાલ-લાવ–" ખિન્ન થઇ પ્રિન્સે કહ્યું.

લેડી જર્સીએ તરત ગ્લાસ ભરી આપ્યો તે ખલાસ થતાં પ્રિન્સની જબાન લથડવા લાગી: ફ્રાન્સીસ !......મ–મ—મારો હાથ પ–પ–પકડ—મને એના......રૂ–રૂ–મ આગળ......મુ–મુ–કી..... આવ......મારો મી–મી–જાજ બગડી ગયો છે.

પ્રિન્સ નીશામાં એટલો બધો ચકચુર હતો કે તેનામાં ઉભા રહેવાની તાકાતજ ન્હોતી; પણ નીશાબાજોને નીશો થયો છે એમ તેઓ માનતા નથી

લેડી જર્સી મહા મહેનતે પ્રિન્સને પકડી આગળ ચાલી. પ્રિન્સ બબ્બે પગલે લથડી પડતો હતો અને તેની સાથે જર્સી પણ પડી જવાની અણી પર જઇ પડતી હતી. જેમ તેમ તે પ્રિન્સને રાજ કુમારી કેરોલાઇનના શયનગૃહના દ્વાર આગળ લઇ ગઇ. ત્યાં જતાંજ પ્રિન્સને જરા શુધ્ધી આવી. તે દીવાલને અઢેલી પ્રમત નયને જર્સી તરફ જોઇ બોલ્યો.

"ફ્રાન...સીસ। મ-મ-મને લા-લાગે છે-મ-મ-મારી તબીઅત સારી નથી."

"તો શું વિચાર છે?"

"મ-મ-મ-ને-તું-તું. તા-રા શયન-ઘરમાં-લ-લ-ઇ-જા-જા-"

પ્રિન્સના મ્હોમાંથી અસહ્ય દુર્ગંધ આવતી હતી તેથી વિરક્ત થઇ જર્સીએ જવાબ આપ્યો: "એના જેવું પરમ સૌભાગ્ય મારે માટે બીજું કયું? પણ વ્હાલા! આજે લગ્નની પહેલી રાતે આવું કરશો તો ભારી બદનામી થશે."

"હા-કમબખ્ત! એ વાત ખરી. ફ્રાન્સીસ! મ-મ-ને બહુ ચઢી ગયો છે ખરું?"

"નહિ. નહિ. એ તો તમારૂં મન ચિંતાતુર છે તેથી એમ લાગે છે."

"ખરેખર? જો હું છાકટ ન થઇ ગયો હોઉં તો જાઉં."

"જાઓ વ્હાલા! જાઓ." કહી જર્સીએ ધીમેથી દ્વાર ખોલ્યું અને પ્રિન્સને અંદર ધકેલી દીધો.

સખી સાહેલીઓ ગયા પછી કેરોલાઇન પલંગપર પડી હતી. તેને નિંદ્રા આવી ન્હોતી પણ આંખ જરા મળી ગઇ હતી. આખા દિવસના પરિશ્રમથી તે થાકેલી હોવાથી આરામ લેતી પડી હતી. શયનગૃહની શોભાનો પાર ન્હોતો. એક એક વસ્તુ એક એકથી સુંદર હતી. કેરોલાઇનના ગાલ પર રતાશ છવાઇ હતી. તેના મોહક ઓઠ જરા ખુલ્લા

હતા તેથી તેના મોતી જેવા દાંતોની અપુર્વ છટા નજરે પડતી હતી. ઓરડામાં મંદમંદ પ્રકાશ પડતો હતો. સગડીમાં અગ્નિ બુઝાઇ ગયો હતો તો પણ હવા ગરમ હતી.

અચાનક કેરોલાઇનના કાનમાં કંઇ અવાજ સંભળાયો તે ચોંકીને પલંગ પરથી ઉઠી. દરવાજા તરફ જોતાં જણાયું કે તેનો સ્વામી આવે છે. સ્વામીને જોતાંજ તે નીચું જોઇ ઉભી રહેતી હતી એવામાં તેને બારણાં આગળ કોઇ બીજી વ્યકિત ઉભેલી જણાઇ. લેડી જર્સીને જોતાંજ કેરોલાઇનને ભય ઉપજયો. તેણે તરત મ્હોં ફેરવી લીધું. જર્સી બહારથી બારણા બંધ કરી કાળું કરી ગઇ.

પ્રિન્સ નીશામાં ચકચુર હતો છતાં તે કયાં આવ્યો છે તેનું તેને ભાન હતું. ગમે તે રીતે પોતાની ઘેરી કફ નવી વહુથી છુપાવવાનો તેણે નિશ્ચય કર્યો. તે અત્યંત સાવધાનીથી પલંગ તરફ ડગલાં ભરવા લાગ્યો. પણ થોડે દુર જતાં અચાનક તેની નજર એક મોટી ખુરસી પર પડી. પુનઃ નીશાએ તેના મન પરનો અંકુશ છીનવી લીધો. ખુરસીને પકડી તે બરાડયોઃ " એઇ ! તું કોણ છે ? અહીં કેમ આવ્યો ?"

કેરોલાઇનની મનોદશા આ સમયે કેવી થઇ હશે તેનું વર્ણન કરવું અશકય છે. પ્રિન્સને જોતાંજ પ્રથમ તેના મનમાં લજ્જા, ભય, હર્ષ અને વિષાદની લાગણી ઉત્પન્ન થઇ હતી. શરાબની ઘનઘોર નીશામાં ચકચુર થઇ લથડીઆ ખાતા પોતાના સ્વામીને જોઇને કેરોલાઇનને બેરન બરગેમીની સ્મૃતિ થઇ. તેની આંખમાંથી તેનાં મોહક ગાલ પર બે અશ્રુ બિંદુ સરી પડયાં. પણ હવે ગમે તેવા પણ આજ મારા સ્વામી એમ માની તેણે આંસુ લુંછી નાંખ્યા. હમણાં પ્રિન્સ મને પ્રેમ કરવા આવશે એવા ખ્યાલથી તે એક બાજુ ઉભી હતી એવામાં પ્રિન્સ ખુરસી સાથે અથડાયો અને ઉપલા શબ્દો બોલ્યો તે સાંભળી રાજકુમારીએ કપાળ કુટયું. તેના સ્વામીને સામે ખુરસી પડી છે તેનુ પણ ભાન ન્હોતું પ્રિન્સ ખુરસીને પકડી જેમ તેમ એકાદ ક્ષણ ઉભો રહયો પણ હવે તેનામાં બીલકુલ શકિત ન્હોતી. તેનો

હાથ ખુરસી પરથી સરી પડ્યો અને તે ધડામ દઇને જમીન પર તુટી પડયો. ભોળી કેરોલાઇન તેની પાસે દોડી ગઇ. પ્રિન્સને ખાસ વાગ્યું હશે એમ ધારી તે ગભરાઇ ગઇ. "ઓ પ્રભુ! શું કરૂં? નોકરને બોલાવું?" તે બબડી.

"ન—ન—નહિ—હું ઉઠું છું." જેમ તેમ ઉઠવાની ચેષ્ટા કરતો તે બોલ્યો.

"બહુ વાગ્યું?" સરલહૃદયા કેરોલાઇને પુછ્યું.

"ગ- ગ—ગ—ભરા—ના—"

પ્રિન્સ જેમ તેમ ઉભો થયો અને કેરોલાઇનનો હાથ પકડી પલં-ગ પાસે ગયો. પલંગ પર પડતાંજ તેના મ્હોંમાંથી ભારી દુર્ગંધ નીકળવા લાગી. હવે કેરોલાઇનથી સહન ન થયું. તે એક ખુરસી પર બેસી એક નાદાન બાળકની પેઠે રોવા લાગી. પ્રિન્સ નીશામાં ચકચુર હોવાથી તરતજ ઘોરવા લાગ્યો.

હુસેનીનો બામ વાપરો.

હુસેની (રજીસ્ટર્ડ) ઓઈલ.



HOOSEINI (REGD) OIL

શરદી, સળેખમ, હાથપગની કે દાંતની કળતર, રૂમેટીઝમ, માથાનો, છાતીનો યા કમરનો દુખાવો, કાનના ચસકા વિગેરે દરેક જાતના શારીરીક દરદો ઉપર અકસીર.

BEST REMEDY *for* HEADACHE, TOOTHACHE BACKACHE, RHEUMETISM SPRAIN, BRUISES, GOUT & ALL KIND OF PAINS.

USE HOOSEINI BALM

Sole Agent :—

Abdul Hoosein Lookmanji & Son

P. O. Box 2138, BOMBAY 2.

પ્રકરણ ૧૬૪ મું.

સવાર.

સ્હવારે પાંચ વાગે પ્રિન્સની આંખ ખુલી ગઇ. કેરોલાઇન તેની પાસે ઉંઘતી હતી પણ તેણે રડી રડીને ઉશીકું ભીંજવી મુકયું હતું. પ્રિન્સને તરતજ બધી વાત યાદ આવી. તે જર્સી સાથે નીશામાં ચકચુર થઇને નવવધુના શયનગૃહમાં આવ્યો હતો અને અહિં આવતા વાર જમીનપર તુટી પડયો હતો તેની તેને સ્મૃતિ થઇ. ગમે તેવો દુષ્ટ મનુષ્ય પણ પોતાની પત્ની પાસે તદ્દન નીચ દેખાવા માગતો નથી તેથી પ્રિન્સને રાતની ભુલ માટે પસ્તાવો થવા લાગ્યો. તેણે જોયું કે ડીનરના કપડાં સાથેજ સુઇ ગયો હતો. તરત તે પલંગ પરથી નીચે ઉતરી પડયો. ડીનરનો ડરેસ કાઢી નાખ્યો અને ઢીલો ગાઉન પહેરી લીધો બારી પાસે જઇ તેણે પરદો જરા દુર હઠાવી દીધો તેથી પ્રભાતનો ઝાંખો પ્રકાશ શયનગૃહમાં આવવા લાગ્યો. પ્રિન્સને પછી પલંગ પાસે જઇ સુતેલી પત્નીને જોઇ રહયો, કેરોલાઇન હજુ ઉંઘમાંજ હતી. એ નિર્દોષ યુવતીને જોઇ પ્રિન્સનું મન બગડી ગયું. તે વિચારવા લાગ્યો કે સંજોગોવશાત તેની મરજી વિરૂધ્ધ આ રાજકુમારી સાથે મારા લગ્ન થયા છે તેથી હું તેને ચાહું નહિ તે બનવા જોગ છે પણ તેના પર જુલમ ગુજારવાનો મને કંઇ હક નથી. રાતે શરાબની ઝુમમાં તે કોણ જાણે શું શું બકી ગયો હશે તેનો ખ્યાલ આવતાંજ તે પસ્તાવા લાગ્યો. આવી હાલતમાં તે ઉભો હતો એવામાં પ્રિન્સેસની આંખ ઉઘડી ગઇ. ચાર આંખો એક થઇ. પ્રિન્સ ત્યાંથી દુર પણ જઇ ન શકયો. બંન્ને એક બીજાને થોડીવાર જોઇ રહયાં પતિને પલંગ પાસે ઉભેલો જોઇ પ્રથમ તો કેરોલાઇનને ગુસ્સો ઉપજ્યો. પણ તે પછી તેના ભોળા દીલે માની લીધું કે કદાચ રાતની ભુલ માટે પસ્તાઇને તેનો સ્વામી તેની માફી માગવા આવ્યો હશે. આ ખ્યાલથી તેણે ગુસ્સો તજી દઇ વદન પર પ્રસન્નતાની છટા આણી તે પલંગ પરથી ઉઠી અતિ મધુર અને નમ્ર સ્વરે બોલી: "સ્વામી! જો તમે રાતના વર્ત-ન માટે પસ્તાઇને ક્ષમા યાચવા આવ્યા હો તો તેમ કરવાની કંઇ જરૂર નથી."

આ વાક્યમાં રહેલી સ્નેહાળતા અને ઉદારતાની પ્રિન્સને કંઇજ કિમ્મત નથી. પ્રેમ માટે તરફડતી નવવધુને એક પણ ચુંબન લીધા વિના તે તદ્દન લાગણીહીન અવાજે બોલ્યોઃ "મારો ગંભીર વાંક થવા છતાં તેં અગાઉથીજ મને માફી આપી દીધી છે તે માટે તેને ધન્યવાદ ઘટે છે."

"સ્વામી! તમે આમ શા માટે કરો છો? મારાથી અપ્રસન્ન શા માટે રહો છો? શું આ દાસીની કંઇ ભુલ થઇ છે?" પ્રિન્સના રંગઢંગ જોઇ કેરોલાઇન દુઃખી થતી બોલી.

પ્રિન્સનું જીગર પત્થરથી પણ કઠણ હતું. તેને કેરોલાઇનની જરા પણ દયા ન આવી. તે પાષાણહૃદયી રાક્ષસની પેઠે બોલ્યોઃ "તું મારો વાંક થવા છતાં મને દોષ દેતી નથી તો હું પણ તને કઇ કહેવા માંગતો નથી. પણ આપણી દશા એવી છે કે અત્યારથીજ આપણે યોગ્ય સમાધાની કરી લઇએ તો સારું—" કહી પ્રિન્સ પલંગ પર બેસી ગયો. કેરોલાઇનની છાતી ધડક ધડક થવા લાગી. પ્રિન્સ કઇ જાતની સમાધાની કરવા માગે છે તે તે સમજી શકી નહી.

"મારી વાત લક્ષપુર્વક સાંભળી લે." પ્રિન્સે નિષ્ઠુરતાથી વાત શરૂ કરીઃ તું સારી પેઠે જાણે છે કે આપણા લગ્ન પ્રેમ લગ્ન નથી. અનેક ગુપ્ત રાજકીય કારણોસર તારી સાથે મારા લગ્ન થયાં છે. પણ જરા પણ જાન પીછાન વીના થયેલા લગ્નમાં પ્રેમનું બુંદ પણ પ્રગટે તે સંભવિત નથી. કદાચ મારી પ્રશંસા સાંભળીને તારા દીલમાં મારે માટે કંઇ લાગણી પણ થઇ હોય તો તે ગઇ રાતના બનાવથી નષ્ટ થઇ ગઇ હશે. હું ખુલ્લા દીલથી કહી દઉં છું કે મારા દીલમાં તારે માટે પ્રેમનો લેશ માત્ર અંશ નથી. તું ભવિષ્યમાં મારી પ્રેમ-પાત્રી થાય તે સંભવિત છે, પણ માનવીના ચંચળ હૃદયનો ભરોસો શો? હાલમાં તો આપણા વચ્ચે પ્રેમ જેવું કંઇ છેજ નહિ આથી ભવિષ્યમાં આપણે નકામા દુઃખી ન થઇએ તે માટે અત્યારથીજ એકબીજાએ સમજુતી પર આવી જવાની જરૂર છે."

"કેવી સમજુતી?" કેરોલાઇન અત્યાર સુધી પોતાના નિર્દય પતિ તરફ ચુપચુપ જોઇ રહી હતી તે રૂંધાતા સ્વરે બોલી.

"સમજાતી ? આહ ! આજે મારે સાફ સાફ વાત કરવી જોઈએ. એ તું બ્રીટીશ પાટવી કુંવરની પત્ની થવાથી તારૂં માન મર્યાદા વધી ગયા છે. એ માટે તારે આભારી થવું જોઈએ.

"તમે મશ્કરી કરો છો કે ગંભીર છો ?" કેરોલાઇનનો મીજાજ ગરમ થયો.

"મારી જીંદગીમાં મેં આવી ગંભીર વાત કદિ કરી નથી." પ્રિન્સ બોલ્યો: "હું તને દુઃખી કરવા માગતો નથી પણ સંજોગવશાત મારે તને સ્પષ્ટ વાત કરવી પડે છે. વિચાર કર, બે દિવસ પહેલાં તું એક સામાન્ય જર્મન રાજકન્યા હતી. એ રાજ્ય પૃથ્વીના કયા ખુણામાં પડયું છે તે ભુગોળના ઉસ્તાદો પણ નહિ જાણતા હોય તો પછી બીજા લોકોની તો વાતજ શી ?—આજે તું કોણ છે. તેનો ખ્યાલ કર ! આજે તું મહા પ્રતાપી બ્રીટીશ રાજવંશની કુલલક્ષ્મી છે ! ઇંગ્લંડના પ્રતાપી ઇતિહાસમાં આજથીજ તારૂં નામ લખાઇ ગયું ! આજે તો તું યુવરાજ્ઞી થઇ છે. પણ વખત જતાં આ મહાન સામ્રાજ્યની રાણી થશે. મનુષ્ય એથી વિશેષ શું ઇચ્છી શકે ? એટલા માટે કહું છું કે તારા એ ઉંચા પદથી ગઉરવમાંજ સંતોષ માન-મરજી પડે તેવા ભોગ ભોગવ—ગમે તે રીતે મોજ કર-અને મારી ઇચ્છા પ્રમાણે વર્તવા દે."

કેરોલાઇન તકીયાને અઢેલી બન્ને હાથે માથું દબાવી મગજ સ્થિર કરવાની કોશીષ કરવા લાગી. તેને લાગ્યું કે તે સ્વપ્ન જોઇ રહી છે. તેના મનમાં વીજળી વેગે અસંખ્ય વિચારો આવતા હતા તે પ્રિન્સની વાત એક ચિત્તે સાંભળી રહી હતી પણ તેને શુ જવાબ આપવો તેજ તેને સમજાતું નહોતું

"મારી વાત સમજી ગઇ કે નહિ ?" પ્રિન્સે થોડીવાર પછી પૂછ્યુ.

"નહિ. જરા વધુ સ્પષ્ટતાથી કહો

"મારૂં કહેવાનું એમ છે કે હનીમુન વીતી ગયા પછી તું મારી નામનીજ સ્ત્રી રહેશે. મારા સ્વચ્છંદ આ મોહ પ્રમોદમાં તુ નડતર નાખી શકશે નહિ."

"આહ! હવે સમજાયું વારુ, મારે એ વાત કબુલ છે, પણ સરત એ કે આપણી વચ્ચે આવો વિચ્છેદ પડ્યો છે એ વાત બહાર ફેલાવી ન જોઇએ." કેરોલાઇન છાતી કઠણ કરી બોલી; "હું તો એમ સમજી હતી કે તમે મને જુદી કાઢવા માગો છો. લગ્નને બીજે દિને તલ્લાક લેવા કરતાં તો મોત હજાર દરજ્જે બહેતર છે."

"મારો હેતુ એવો નથી તો પછી શા માટે નકામી એવો ખ્યાલ કરી દુ:ખી થાય છે? તારી પણ જુદા પડવાની મરજી નથી અને મારી પણ નથી. હકીકત એ છે કે બહારથી હું તારી સાથે સ્નેહાળ સ્વામી પેઠે વર્તીશ—પત્નીનો જે જાતનો આદર સત્કાર કરવો જોઇએ તેજ રીતે હું તને બહાર સત્કારીશ. પણ ઘરમાં તારે ને મારે કોઇ જાતનો સબંધ રહેશે નહી. અગાઉથીજ આપણે સ્પષ્ટ કરાર કરી લીધા હોય તો પાછળથી નકામા ઝઘડા થાય નહી. આગળ ચાલતાં કદાચ આપણે મિત્રો પણ થઇ જઇએ.

"મારી પાસે તમે કહાવવા માંગતા હોય તે સ્પષ્ટ કહી દો. હું તમારી આજ્ઞા પાળવાને તૈયાર છું." પ્રિન્સેસે સરળતાથી કહ્યું.

"તારે સોગનપુર્વક મને વચન આપવું પડશે કે તું કદી કોઇની સામે મારી કોઇ પણ જાતની નિંદા કરીશ નહિ. તું જર્મની-માં તારા સગા વ્હાલાં પર જે પત્ર લખે તેમાં મારી વિરૂધ્ધ એક શબ્દ પણ લખતી નહી. અને મહારાજા પુછે તો હંમેશા તેમને એમજ કહેજે કે તું મારી સાથે ઘણીજ સુખી છે. અહીં ઘણી અમીરજાદીઓ સાથે તારી પીછાન થશે તેઓને યા મારી બહેનોને તારે મારી કંઇ પણ વાત કહેવી નહિ.

"વારૂ—કોઇને તમારી કંઇ વાત નહી કહું. બધી વાત પેટમાં રાખીશ. બીજું કંઇ કહેવું છે?"

"તું ખરા દીલથી આ વાત કહે છે?"

"મારા બોલ પર તમને શા માટે શક આવે છે તે હું સમજી

શક્તિ નથી. તમારો અનુરાગ મેળવવાની હું આશા રાખતી નથી. પણ હું તમારા વિશ્વાસને પાત્ર પણ ન થાઉં એમ હું માનતી નથી. તમે મને જે કરવાનું કહ્યું તેમ કરવાને હું તૈયાર છું. હું એટલુંજ કહેવા માંગું છું કે જાહેરમાં પણ મારૂં કોઇ પણ રીતનું અપમાન નાં કરવાં જો તમે મારૂં અપમાન કરશો તો આ દેશની પ્રજા મને ધિક્કારશે."

"પ્રજાની પરવા શા માટે કરે છે?" પ્રિન્સ તિરસ્કારથી બોલ્યો. "રાજાની ગુલામગીરી કરવા માટેજ પ્રજા સરજાઇ છે. જ્યાં સુધી પ્રજા અમારી ગુલામી ચાલુ રાખે ત્યાં સુધી અમે તેને રાજભક્ત કહી તારીફ કરીએ છીએ. કોઇ જરા અસંતોષ પેદા કરે કે તરત સરકારી વકીલ તેની પાછળ લાગી જાય છે. અને ગમે તે કારણસર એવા રાજદ્રોહીને ફાંસી યા દેશ નિકાલની સજા થઇ જાય છે. જો મામલો એથી પણ ગંભીર હોય તો તોફાની ટોળા સામે બંદુક અને તોપનો મારો ચલાવવાનો હુકમ આપીએ છીએ એટલે ફરીથી બધા શાંત થઇ રાજભક્તિનું માહાત્મ સમજી જાય છે. આ દેશની પ્રજાને અમે એમજ ઠેકાણે રાખીએ છીએ એટલે તારે પ્રજાની પરવા કરવાની જરૂર નથી, તું આપણીજ વાત કરને! મારી વાત તું સમજી ગઇ ને!"

"હા. તમે કહો તે પ્રમાણે કરવાને હું તૈયાર છું."

"તું સોગન ખાઇને કહે છે?"

"તમે સોગન ન ખાઓ ત્યાં સુધી હું સોગન ખાવાની નથી."

"તું મારી પાસે શાના સોગન લેવરાવવા માગે છે?"

"એટલાજ કે કોઇની સામે તમે મારૂં અપમાન કરશો નહિ તેમ મારૂં સનમાન ઓછું થાય એવું કંઇ પણ કરશો નહિ."

"કબુલ! હું સોગન ખાઇને કહું છું કે હું તારૂં અપમાન કરીશ નહિ."

"તો હું પણ કસમ લઉં છું કે તમારી વાત હું કોઇને જાણવા દઇશ નહિ."

"શાબાશ! તું તરતજ મારા કહેવા પ્રમાણે વર્તવાને તઇયાર તઇયાર થઇ તેથી મને આનંદ થયો છે. હનીમુન સુધી તો આપણે સાથે રહીશું. પછી મારી મરજી પડે તે કરીશ. હવેથી ખાત્રીથી માનજે કે ગઇ રાત જેવી હાલતમાં હું કદિ પણ તારી પાસે આવીશ નહિ." આટલું કહી જરા શીર ઝુકાવી પ્રિન્સ બીજા ઓરડામાં ચાલ્યો ગયો.

"ઓ પ્રભુ! શું આટલા માટે હું પ્રિન્સની પત્ની થઇ? આના કરતાં ગરીબ મજુરણની સ્ત્રી થઇ હોત તો હું વધારે સુખી થાત." એકલી પડયા પછી કેરોલાઇન બબડી અને એકલી એકલી રોવા લાગી. થોડીવારમાં લેડી જર્સી ત્યા આવી લાગી. જર્સીને જોતાંજ આંસુ લુછી નાખી કેરોલાઇને તેને આવકાર આપ્યો.

"આવો, લેડી જર્સી! ગુડ મોરનીંગ! રાતે પ્રિન્સ અહિં આવ્યા ત્યારે તમે તેની સાથે હતાને?"

"જી. હા. રિવાજ પ્રમાણે મારે પ્રિન્સ સાથે બારણાં સુધી આવવું પડયું હતું." જર્સીએ જવાબ આપ્યો.

"તે વખતે તમે મારા તરફ ગુસ્સા ભરી નજરે શા માટે જોતાં હતાં? તમે પ્રિન્સના પ્રિન્સ પ્રિયપાત્રી છો તે માટે તમારા પર મને ઇર્ષા ઉપજી નથી એ વાત તો મેં તમને પણ કહી છે અને પ્રિન્સને પણ કહી દીધી છે."

"તમારી સામે હું ગુસ્સાની નજરે જોવાની હિમ્મત કરૂં એવો ખ્યાલ પણ ન કરતાં. રાતે હું પ્રિન્સ સાથે આવી ત્યારે તમારી નજર મારા પર પડી હશે એમ ધારી મેં તમને શીર ઝુકાવી નમન શુધ્ધાં કર્યું હતું."

"ત્યારે મારી નજરની કંઇ ખામી હશે."

"એમજ હોવું જોઇએ. તમે મને બરાબર પીછાનશો ત્યારે તમે મને તમારી વિશ્વાસુ સખી ગણવાને તત્પર થશો.

"પ્રીન્સીસ ! શું તું ખરેખર મારી સખી થવા માગે છે?" ધુર્ત જર્સીની જાળમાં ભોળી કેરોલાઇન ફસવા લાગી.

"તમારી સખી થવાનું સદ્દભાગ્ય મને મળે એના જેવો બીજો લ્હાવો મને ક્યાં મળવાનો હતો? પણ તમે મારા કલંકની જે વાત સાંભળી છે—"

"તારૂં કલંક? મેં તો તારા કોઇ કલંકની વાત સાંભળી નથી." પ્રિન્સેસ અજબ થઇ.

"તમે હમણાંજ કહ્યુંને કે હું પ્રિન્સની પ્રિયપાત્રી છું."

"ઓહ! તમે તેમાં કલંક ગણો છો? હું તો એમ માનતી હતી કે આ દેશની ઉમરાવજાદીઓ પ્રિન્સની માશૂક થવામાં કલંક નહી પણ માન સમજે છે."

આ શબ્દો લેડી જર્સીના કલેજામાં કારી ઘા જેવા લાગ્યાં. પણ પોતાનો ગુપ્ત ભાવ છૂપાવી બોલી: "તમે હજુ મને ઓળખતા નથી. નીંદાખોરોની વાતોથી તમને ભ્રમ થયો છે. હું તદ્દન નીર્દોષ છું."

"તું એમ કહેવા માગે છે કે તું મારા પતિની પ્રેમપાત્રી નથી?"

"નહિ. જો તેમ હોત તો હું તમારી સખી થવા આવત ખરી? નહિ. રાજકુમારી! મારા પર નકામું કલંક લગાડવામાં આવ્યું છે."

"બહેન! હું તમારી વાત માનું છું. મને જુઠું કહેવાથી તને શું મળવાનું છે? તું પ્રિન્સની માશૂક હોત તો પણ હું તને ચાહવાને તૈયાર હતી. તો હવે તો વાતજ શી? હવે તું મારી જીવ જાન સખી થઇ ગઇ." કહી કેરોલાઇને લેડી જર્સી સાથે શેકહેંડ કરી.

"પ્રિન્સેસ! તમે ખાત્રીથી માનજો કે મારા જેવી વિશ્વાસપાત્ર સખી તમને આખા ઇંગ્લાંડમાં બીજી કોઇ મળવાની નથી. તમારા જેવા રાજવંશી રમણીને કોઇ વિશ્વાસુ સલાહકારની ખાસ જરૂર છે." જર્સી પ્રિન્સેસના હાથપર ચુંમ્મા લેતી બોલી.

"વારૂં—તને એક વાત પુછું. સ્વામીએ કાંઇ વાત છુપાવી રાખવાની આજ્ઞા કરી હોય તો શું કરવું ?" નિર્દોષતાની સજીવ પ્રતિમાએ પુછ્યું.

"તે વાત કદી ન માનવી."

"કેમ ?"

"સ્વામી રાજપુત્ર હોય કે મજુર હોય પણ તે મનુષ્યજ છેને ! તેણે જે ગુપ્ત વાત કહી હોય તેનો હેતુ શું છે તે વિશ્વાસુ સખી પાસેથી જાણી લેવાની જરૂર છે. તમે મને સખી ગણવાની મહેરબાની કરી છે તે મારે યોગ્ય સલાહ આપવાની મારી ફરજ માનું છું."

"ખરેખર, મને યોગ્ય સલાહની ઘણીજ જરૂર છે બહેન !"

"રાજકુમારી ! મને ખુશામદ આવડતી નથી. હું મનમાં આવે તે સ્પષ્ટ કહી દેવાવાળી છું. તમારા વિશ્વાસને પાત્ર થવાને હું યોગ્ય છું કે નહી તે હું જાણતી નથી."

"તું મારા વિશ્વાસને સંપૂર્ણ પાત્ર છે બહેન !" કેરોલાઇન બેડી જર્સીની વાક્જાળમાં સદંતર ફસી ગઇ: "ધાર કે હું તને કંઇ ખાનગી વાત કરૂં—"

"તો તે હંમેશ મારા પેટમાંજ રહેશે. આ દેશમાં એક રાજાનો અને એક રાણીનો એવા બે પક્ષ છે તે પ્રમાણે કર્લટન મેનશનમાં પણ બે પક્ષ રહેવા જોઇએ. તમારી મારા પરની કૃપા જોતાં હું તમારા પક્ષમાં રહેવાનો ઠરાવ કરી ચુકી છું." જર્સીએ કહ્યું.

"ત્યારે તારે પ્રિન્સની વિરૂધ્ધ વર્તવું પડશે ?"

"એકદમ વિરૂધ્ધ થવાની જરૂર નથી કેમ કે એ પક્ષમાં શત્રુત્વ નથી. જે જેના પક્ષમાં રહે છે તે તે પક્ષના ખાનગી સલાહકાર ગણાય છે. તમારા ભલા માટે કદાચ પ્રિન્સની વિરૂધ્ધ પણ કંઇ કામ કરવું પડે તો હું તૈયાર છું."

"ત્યારે તું પ્રિન્સને ચાહતી નથી ?"

"નહિ. ઉલટી હું તેને ધિક્કારૂં છું !"

"ધિક્કારે છે ! શા માટે ?"

"એટલા માટે કે પ્રિન્સે મને ભ્રષ્ટ કરવા માટે અનેક કોશીષ કરી હતી. પણ હું જેમ તેમ બચી ગઇ છું. નિર્દોષ રહેવા છતાં પ્રિન્સના વર્તનને લીધે હું દુનીઆમાં કલંકિત ગણાઉં છું."

"હાય ! હાય ! એ તો ભારી દુઃખની વાત ગણાય. કંઇ ફીકર નહિ; બહેન ! હું મારા પતિથી તારૂં કંઇ અનિષ્ટ થયું હશે તેનો બદલો વાળી આપીશ."

"તમારી કૃપાથી હું ન્યાલ થઇ જઇશ."

"હું હંમેશાં તને મારી વ્હાલી સખી ગણીશ. હં ! હું શું કહેતી હતી ! પ્રિન્સ હમણાંજ કંઇ વાત કરી ગયા અને તે ગુપ્ત રાખવાનું વચન લઇ ગયા છે."

"હાય ! હાય ! શું અત્યારથીજ એ તમારા પર આવો જુલમ ગુજારવા લાગ્યો ! રાજકુમારી ! તમે ઘણા ભોળા છો. તમે દુની-આદારીના છળ પ્રપંચ સમજતા નથી. તમે ભયથી અથવા સર-ળતાથી જે વચન આપ્યું હોય તે પાળવાને તમે બંધાયલા નથી. પ્રિન્સેસ ! અત્યારથી તમારા ભાવી માટે મને ચિંતા થાય છે. પ્રિન્સે તમને શી વાત કરી છે તે મને માલુમ ન પડે ત્યાં સુધી હું તમને સાચી સલાહ શી રીતે આપી શકું ? તમે મને સખી ગણતા હો, જો તમને તમારા ભાવીની દરકાર હોય તો મને બધી વાત કહો."

હું તને બધી કહીશ. "બહેન !" ભોળી કેરોલાઇન કબુલ થઇ. આજ સમયે ત્યાં મીસીસ એસ્ટન અને મીસીસ હારકોર્ટ આવતી જણાઇ.

"હવે એ વાત બંધ કરો. બીજી વાર એ વાત કરીશું." લેડી જર્સીએ પ્રિનસેસને ચેતવણી આપી, મીસીસ એસ્ટન અને હારકોર્ટ પ્રિનસેસને પલંગ પરથી ઉઠાડી શણગાર સજાવવા લઇ ગઇ.

પ્રકરણ-૧૬મું.

પેલો પેજ પ્રિન્સ પાસે!

નાસ્તો ખાઇ પ્રિન્સ પોતાના ખાસ બેઠકખાનામાં બેઠો હતો. આજ દિવાનખાનામાં લીટીશીઆ બેડ અને બીજા માણસો તેને ચોર દરવાજા દ્વારા મળવા આવતા હતા તે વાંચનાર જાણે છે. જમન રાજકુમારી સાથે તેની મરજી વિરૂધ્ધ તેના લગ્ન થઇ જવાથી તેનો મીજાજ બરખેલાદ થઇ ગયો હતો. તેને કંઇજ ગમતું નહોતું. શરાબ અને સુંદરીનો તે પરમ ભકત હતો અને મન બહેલાવવા માટે તે વારંવાર દારૂની પ્યાલીઓ ખાલી કરતો હતો છતાં શરાબ પણ હમણાં તેને ગમતો નહોતો. વ્યગ્ર મનોદશામાં માણસને એકાંતજ ગમે છે અને તે પ્રમાણે પ્રિન્સ પણ હમણાં પોતાના ઓરડામાં એકલોજ વિચારગ્રસ્ત હાલતમાં બેઠો હતો પણ તેના નસિબમાં એકાંત પણ લખાઇ નહોતી. થોડીજવારમાં તેનો વિશ્વાસુ નોકર જરમેન અંદર આવ્યો અને તેણે ઝુકીને સલામ કરી કહ્યું:

"નામદાર! મી૦ પેજ નામના ગૃહસ્થ અત્યંત ખાનગી અને જરૂરી કામ માટે આપને મળવા માગે છે."

"પેજ? પેજ વળી કોણ?" પ્રિન્સ કુતુહલ વશ થઇ બબડયો. "હં હં! એજ બદમાસ માગી પાછો પડયો. બડો લુચ્ચો માણસ છે-પણ તે સાથે કામનો પણ છે. જરમેન! એને અંદર મોકલ." પ્રિન્સે હુકમ કર્યો.

"જી હજુર." કહી જરમેન વિદાય થયો.

"આ પેજને પહેલાં મેં જ્યોર્જ એન્ડ બુલ્વર હોટલમાં જોયો હતો અને તે પછી સ્ટેમ્ફર્ડ મેનરમાં તે મને મળી ગયો હતો. હમણાં એ કોણ જાણે શા કારણસર આવ્યો હશે!" પ્રિન્સ મનમાં ને મનમાં આવા વિચાર કરતો હતો એવામાં આપણો પરિચિત પેજ ત્યાં ઝુકી ઝુકીને સલામ કરતો આવી પુગ્યો અને પ્રિન્સ સામે અદબથી ઉભો રહયો.

"શું છે મી૦ પેજ?"

"હજુર ! જરા દમ તો ખાવા દો. દાદર ચઢતાં મારો પ્રાણ નીકળી ગયો." પેજે વાતની શરૂઆત કરી.

"તમે કંઇ અગત્યના કામસર મને મળવા આવ્યા છો ?"

"નામદાર ! હું અગત્યના કામ શિવાય કોઇને મળવા જતોજ નથી." પેજે પોતાની અગત્યતા વધારતાં કહ્યું. "આપ નામદારને મારે પ્રથમથીજ કહેવું જોઇએ કે હું દુનિયાદારી માણુસ છું. હંમેશા આંખ અને કાન ઉઘાડા રાખી ફરૂં છું પણ જેટલી વાત જાહેરમાં કહેવી જોઇએ તેથી એક શબ્દ પણ વધારે કહેતો નથી અને જે વાત ખાનગીજ રાખવાની હોય તેની હું મારા પેટમાંજ કબર બનાવી દઉં છું."

"સમજી ગયો મી૦ પેજ ! તમે દુનીઆખાધેલ માણુસ છો."

"હજુર યોગ્યજ કહે છે. સંજોગવશાત્ આપ નામદારના મને પ્રથમ દર્શન થયા તે દિને મારા પર ભારી આફત આવી પડી હતી. આપને સર રીચર્ડ સ્ટેમ્ફર્ડ સમજીને ઇનામની લાલચે હું આપની પાછળ પડયો હતો."

"વારૂ. વારૂ. પછી ?"

"એ ભૂલ આપ નામદારે માફ કરી દીધી છે. પછી દોઢેક મહિનાની વાત પર આપ નામદાર ડચેસ ઓફ ડેવનશાયર સાથે સ્ટેમ્ફર્ડ મેનરમાં પધાર્યા હતા ત્યારે મને અને મારી સ્ત્રીને આપની મહેમાનગીરી કરવાનું સદ્દભાગ્ય પ્રાપ્ત થયું હતું."

"મારી સાથે તે દિને જે સ્ત્રી હતી તેને તેજ સમયે તેં પીછાની હતી ?"

"જી-હા. પણ એ વાત મારે કે મારી સ્ત્રીને મ્હોડે કદિ પણ બહાર નીકળી નથી."

"હમ્. પણ તેં ડચેસને પીછાની હતી-એમ ? તું બહુ ચાલાક માણુસ જણાય છે. તે વખતે તારા ચહેરા પરથી મને જરા પણ શક

ઉપજ્યો નહોતો. વાર, હવે સ્પષ્ટ વાત કર. એ સ્ત્રીને જોતાંની સાથેજ તું ઓળખી ગયો હતો કે પાછળથી તપાસ કરીને તે તેનું નામ મેળવ્યું હતું ?"

"ડચેસ તમારી સાથે સ્ટેમ્ફર્ડ મેનરમાં આવ્યાં હતાં એટલું હું જાણું છું. એ વાત મેં શી રીતે જાણી તેની સાથે આપ નામદારને કંઇ સંબંધ નથી."

"તું સીધી વાત કરવા માગતો નથી."

"ક્ષમા કરો, નામદાર! મારી મતલબ બુરી નથી. આ વાતનું સ્મરણ એટલાજ માટે કરાવું છું કે હું જેટલો ચાલાક છું. તેટલોજ વિશ્વાસપાત્ર છું. હજુ હજુર મને પુરતો ઓળખતા નથી. મને ઓકટેવીઆની હાલતની પણ ખબર છે." પેજે બોંબ ફેંક્યો.

"ઓકટેવીઆ કલેરંડન?" કહી પ્રિન્સ અચાનક ગભરાઇ ગયો. તે પેજ તરફ સ્થીર નજરે જોઇ જરા ગભરાઇને બોલ્યો: "મી. પેજ! મીસ કલેરંડન વિષે તમે શું જાણો છો?"

"નામદાર! હું જે ખબર આપવા આવ્યો છું તે આપને ઘણીજ જરૂરી છે. હાલમાં હું એજવર રોડ પર "પેરેડાઇઝ હાઉસ" માં રહું છું."

"જ્યાં મીસ કલેરંડન પહેલાં રહેતી હતી."

"હમણાં પણ બંને બહેનો ત્યાંજ રહે છે."

"શું? બંને બહેનો ફરીથી પોતાના જુના મકાનમાં રહેવા ગઇ ગઇ છે?" અચાનક પોલીનનો પતો મળવાથી પ્રિન્સ ખુશી થઇ બોલી ઉઠયો.

"જી. હા. નામદાર! મીસ કલેરંડન હમણાં ત્યાંજ રહે છે. તમને સર રીચર્ડ સ્ટેમ્ફર્ડ સમજીને હું તમારી પાછળ પડયો હતો ત્યારે જે ગલીમાં તમે ગુલ થઇ ગયા હતા ત્યાંજ મીસ પોલીન અને મીસ ઓકટેવીઆ રહે છે.

"વારૂ—એ બે બહેનો વિષે તું શું કહેવા માગે છે?", થોડીવાર વિચાર કરી પ્રિન્સે પેજને પુછ્યું.

"નામદાર! હું મીસ ક્લેરંડનના મકાનની બાજુમાંજ રહું છું. હું એ મકાનમાં રહેવા ગયો કે તરતજ મેં મારી ખુબસુરત પાડોશણની તપાસ કરી હતી. એ લોર્ડ હોલ્ડરનેસની પુત્રી થાય છે એવી મને તરત ખબર પડી. લોર્ડ હોલ્ડરનેસે હમણાંજ એક યુવાન સ્ત્રી સાથે સાદી કરી ધોળામાં ધુળ નાખી છે. મને તપાસ કરતાં જણાયું કે મોટી બહેન ઓકટેવીઆનું મગજ ફરી ગયું છે. નાની બહેન પોલીન તેની ઘણી સેવા કરે છે. બંન્ને તદન છુપી રીતે એકાંતમાં રહે છે. કોઇ તેમને મળવા આવતું નથી અને એ બહેનો કોઇને મળવા જતી નથી. તેમના ઘરની પાછળ એક નાનો બાગ છે. તેમાં બન્ને બહેનો સાંજે ફરવા નીકળે છે. મારા ઘરની પાછળ પણ એક બગીચો છે. અમારા ઘર પાસેજ હોવાથી એક બીજા સાથે બગીચામાંથી વાતચીત થઇ શકે છે. શ્રીમાનને કહેવાની જરૂર નથી કે મારી સ્ત્રી જુલીઆ અને મેં બંન્નેએ સાથે પીછાન કરી. ઓકટેવીઆએ તો અમારી દરકાર ન કરી પણ પોલીન મારી સ્ત્રીની દોસ્તી થવાથી રાજી થઇ. એ તા. ૫ મીની વાત છે, આજે નવમી થઇ—"

"બોલ, બોલ, હું સાંભળું છું."

"તા. ૫ મી ની સાંજે બગીચામાં ફરતા ફરતાં મારી સ્ત્રીએ કહી દીધુ કે "પ્રિન્સ ઓફ વેલ્સ સાથે જે જર્મન રાજકુમારીના લગ્ન થવાના છે તે આજે લંડનમાં આવી પહોંચી છે." નામદાર! શું વાત કરૂં? આ વાત સાંભળતાંજ ઓકટેવીઆનું મ્હોં મોત જેવું ફીકકું પડી ગયું. મારી આ ગભરાઇને તેને પકડવા ગઇ પણ તે રડતી રડતી પોલીનને ભેટી પડી. અમે પોલીનની મદદે ગયાં અને પાગલ જેવી ઓકટેવીઆને ઘરમાં લઇ જઇ સોફા પર સુવાડી દીધી. નામદાર! તે પછી ઓકટેવીઆ બકવાટ કરવા લાગી. "પ્રિન્સ! મારા વ્હાલા! જ્યોર્જ! તમે મને છોડી જશો? મારો વાંક ક્ષમા કરો વ્હાલા!" "આ ઓકટેવીઆનાજ શબ્દો છે, નામદાર!"

"બોલ–બોલ–પછી ?" પ્રિન્સ આકુળ વ્યાકુળ થવા લાગ્યો.

"તે તમને અનેક પ્રિય સંબોધનોથી બોલાવવા લાગી. પોલીન તેને શાંત કરવાની ચેષ્ટા કરતી હતી એટલે તેને અમારી હાજરીનું ભાન ન રહ્યું. તરતજ ઓકટેવીઆની આંખો લાલ થઇ અને તે ગુસ્સાથી તમને અનેક જાતના શાપ દેવા લાગી. "નીચ–નરાધમ–દગાબાજ! મારા ગર્ભસ્થ બાળકના અધમ પિતા!" વિગેરે શબ્દોથી તે તમારા પર ધિક્કારનો વરસાદ વરસાવવા લાગી. અંતે તે થાકીને સુઇ ગઇ. તે પછીજ પોલીનની અમારા પર નજર પડી. સંજોગાવશાત તેની બહેનનું કલંક અમારી જાણમાં આવ્યુ તે માટે તે ચિંતા કરવા લાગી પણ અમે તેને સઘળી વાત ગુપ્ત રાખવાનું વચન આપી અમે તેને આભાર નીચે મુકી."

"બીજું કાંઇ કહેવાનું છે ?"

"જી હજુર! હવે જે વાત છે તેજ આપને માટે ભયજનક છે."

"શું ? તું એમ સમજે છે કે એ પાગલ છોકરીથી હું ડરી જઇશ ? એનું સતીત્વ નષ્ટ કરવાના બદલામાં મેં એના બાપને અમીર પદ અપાવ્યું છે, બીજું તે હું શું કરૂં ?" નીચ, લાગણીહીન રાજકુમાર બોલ્યો.

"નામદાર! હવે પછીની વાત આપને માટે ખાસ ભયજનક છે." પેજ ભાર મુકીને બોલ્યો: "ગઇ કાલે બંન્ને બહેનો બગીચામાં ફરતી હતી. અમે અમારા બગીચામાં હતાં. તેની ઉભયને ખબર ન્હોતી. ઓકટેવીઆ તમને મળવાને કાર્લટન મેનશનમાં જવાની વાત કરવા લાગી, પોલીને તેને ઘણી સમજાવી, પણ તે ન સમજી ત્યારે પોલીનથી કહેવાઇ ગયું કે "આજ સમયે પ્રિન્સેસ કેરોલાઇન સાથે પ્રિન્સના લગ્ન થઇ જશે." આ ખબર સાંભળતાંજ ઓકટેવીઆનું રૂપ ફરી ગયું. તે પાગલ જેવી બરાડી: "લાવ, લાવ મારા વસ્ત્રો! પરાયા દેશની એક સ્ત્રી મારા વ્હાલા જ્યોર્જને લઇ જાય અને હું ઘરમાં બેસી રહું ? નહિ, નહિ, હું હમણાં મારા વ્હાલા જ્યોર્જને મળવા જાઉં છું. તે તદ્દન પાગલ

થઇ ગઇ હતી. પોલીને તેને પકડી રાખી પણ પાગલ માણુસ આગળ તેનું જોર શું ચાલે? અંતે પોલીને ચીસ પાડી. સારે નસીબે આસ-પાસના માણુસો આપના લગ્નની ખુશાલીમાં શહેરમાં થયેલી રોશની જોવા ગયા હતા એટલે કોઇ બીજાને આ વાતની ખબર પડી નહીં. અમે ધણી ધણીઆણી પોલીનની મદદે દોડી ગયા. અને અમે ત્રણ જણે મહા મહેનતે ઓકટેવીઆને પકડી રાખી. તે ગમે તેમ બકતી હતી. કોઇ વાર આપઘાત કરવાની વાત કરતી તો કોઇવાર તમારૂ ખુન કરવાની ધમકી આપતી—"

"અફસોસ!" પ્રિન્સ કંપ્યો.

"બે વાગ્યા સુધી અમે પોલીનની પાસે રહ્યાં. તે વખતે ઓક-ટેવીઆ થાકીને નિદ્રાધીન થઇ હતી. બસ, નામદાર! મારી વાત પુરી થઇ." પેજે પૂર્ણાહુતી કરી.

"આવી પાગલ સ્ત્રીથી હું ડરતો નથી. મી. પેજ!" પ્રિન્સ ઘણો ગભરાઇ ગયો હતો છતાં પોતાનો ખરો ભાવ છુપાવી બોલ્યો.

"નામદાર! ઓકટેવીઆ જાતે તમને મારી નાખવા તૈયાર થાય એ તો હું પણ માનતો નથી. તે અહિં આવે તો તમારા નોકરો તેને મહેલમાં દાખલ પણ થવા દેશે નહિ. પણ પાગલપણાની ધુનમાં ગમે તેની પાસે તે ગમે તેવો બકવાદ કરી નાખે તેમાં ભય રહેલો છે.

"હા. એમ છે તો ખરૂં—પણ પોલીન તેને મારી પાસે આવવા દેશે?"

"નહિ. નહિ આવવા દે. પણ પાગલને અટકાવવાની કોનામાં તાકાત છે? લાગ મળતાંજ કોઇવાર ઓકટેવીઆ છટકી જશે—" પેજે આ વાત એવા અભિનયથી કરી કે પ્રિન્સ ગભરાયો.

"વારૂ—એ સંબંધી તું શું કરી શકે એમ છે?"

"નામદાર! આપણી મરજી હોય તો હું ઓકટેવીઆને દીવાના-ખાનામાં મોકલી આપું—"

સાહીત્યની દુનીઆમાં ખળભળાટ

ગુજરાતના બંડખોર નવલકથાકાર રા. મધુકરની
બે અદ્‌ભુત સ્વતંત્ર કૃતિઓ.

બેગમ કે બલા?

આ પુસ્તકમાં દેશી રજવાડાના કારસ્થાનો, બંડખોરોના કાવત્રાં, શરાબ અને સુંદરી પાછળ પાયમાલ થતા આજકાલના ઠાકરડાઓ, બે બદામની નાચનારીનો બેગમ તરીકેનો દોરદમામ અને દેશી રાજ્યોનું ભવિષ્ય વિગેરે અદ્‌ભુત પ્રસંગો રા. મધુકરે પોતાની હૃદયસ્પર્શી મોહક શૈલીમાં વર્ણવ્યા છે. ચાર ચિત્રો સાથે.

કિં. રૂ. ૨-૮ "વિલાસ"ના ગ્રાહકોને રૂ. ૨.

માયાની પૂતળીઓ

યાને

એક આશકની સાત માશુકો.

રા. મધુકરની આ અદ્‌ભુત વારતાઓ વાંચ્યા વિના તમારો છુટકારો નથી. પ્રેમરસથી છલકાતી સાત સમ્પુર્ણ વારતાઓ. સચિત્ર.

કિં. ફક્ત રૂ. ૧-૪-૦.

વીલાસ ઓફીસ,

બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

"શું ? તે એટલી બધી ભયંકર થઈ ગઈ છે ?"

"નામદાર ! મારી ખાત્રી છે કે લાગ મળતાંજ તે ડાઉટન મેનશનમાં દોડી આવશે અને બધાની સામે પોતાની રામકહાણી રજુ કરશે."

"એમ કદી ન થવું જોઈએ મી. પેજ !" નીચ, દગાબાજ પ્રિન્સ બોલ્યો: "શું તું ઓક્ટેવીઆને કોઈને શક ન જાય તેવી રીતે પાગલખાનામાં મોકલી શકશે ?"

"જરૂર નામદાર ! તમારે તેની કાળજી કરવી નહિ. હું ઓક્ટેવીઆને આપણા રસ્તામાંથી દુર કરીશ એટલુંજ નહી પણ આપને પરીજાદી પોલીન પણ મેળવી આપીશ." પેજની વાત સાંભળતાંજ પ્રિન્સ રાજી રાજી થઈ ગયો.

"વાહ મી. પેજ ! તમારી વાત સાંભળી હું ખુશ છું. તમે મારી સેવા કરવા તૈયાર થયા છો તેથી મને આનંદ થાય છે. બોલો, તમે એ કામ માટે કેવા બદલાની આશા રાખો છો ?"

"નામદાર ! મારે પૈસાની જરૂર નથી. હજુર ! આપના લગ્નની ખુશાલીમાં લાયક સેવકોને "સર નાઈટ" જેવા અનેક નાના નાના ખિતાબની નવાજેશ કરવામાં આવશે." પેજે કહ્યું.

"તું નાઈટ થવા માંગે છે ?"

"જી હા-હજુર ! મારી સ્ત્રીને લેડી થવાનો ઘણો શોખ છે." પેજ ખંધુ હસ્યો.

"ભલે, મારે કબુલ છે. ઓક્ટેવીઆને પાગલખાનામાં મોકલી દે અને પોલીનને મારે હવાલે કર એટલે હું તને નાઈટનો ટાઈટલ અપાવી દઈશ."

પેજની ખુશાલીનો પાર રહ્યો નહી તે પ્રિન્સને સલામ કરી વિદાય થઈ ગયો અને પ્રિન્સ મનોહારીણી પોલીનના સ્વપ્ના જોવા લાગ્યો.

પ્રકરણ ૧૧૬ મું.

લોર્ડ ફ્લોરેમલની ભેદી માશુક.

યુવાન લોર્ડ ફ્લોરેમલની નીદ્રા ઉડી ત્યારે ઘડીઆળમાં બારના ટકોરા થયા. ફ્લોરેમલ ઘડીયાળના ટકોરા ગણી બબડયો. "બાર વાગ્યા—પણ બાર દિવસના કે રાતના તે ભગવાન જાણે!"

"દિવસના, વ્હાલા ! દિવસના!" જવાબમાં પેલીજ ભેદી પણ મધુરી માશુક બોલી અને તરત તે ફ્લોરેમલને વળગી પડી તેને ચુંબનોનો અમીરસ પાવા લાગી.

"વ્હાલી ! શું બપોરના બે વાગ્યા? ત્યારે ત્રણ ત્રણ દિવસ બેભાન રહ્યા પછી પણ હું કાલે સાંજથી અત્યાર સુધી ઉંઘી રહ્યો હતો ?"

"હા. વ્હાલા ! તમારા આરોગ્ય માટે નિદ્રાનીજ જરૂર હતી. માથા પર સખત જખમ થવાથી તમને સન્નેપાત થઇ ગયો હતો અને અને બેભાનીમાં તમે ગમે તે બકતા હતા. હવે કંઇ ફીકર નથી. તમે અહિંથી વિદાય થશો ત્યારે તમારા જખમનું ચિન્હ પણ નહિ રહે."

"વ્હાલી ! તેં મારી જે સારવાર કરી છે તે માટે તારો આભાર હું શી રીતે વાળું ?" ફ્લોરેમલ એ ભેદી રમણીની લાગણી જોઇ ગદગદ થઇ ગયો.

"વ્હાલા ગેબ્રીલ !" અત્યંત કોમળ સ્વરે રમણીએ જવાબ વાળ્યો: "ત્રણ દિવસ હું તમારી પાસે બેસી રહી હતી. એક પળ પણ તમને છોડી ગઇ ન્હોતી. વ્હાલા ! હું ન હોત તો તમારો પ્રાણ બચત કે કેમ તે વિષે મને શક છે. અફસોસ ! તમારી આવી દયાજનક હાલતમાં તમને ઘરમાંથી કાઢી મુકનારી માર્શ્યોનેસ ઓફ વેલંડનને હું શું કહું ? તમારા જેવા સદગૃહસ્થ જખમી થઇ બેભાન થવા છતાં એ દયાળુ ગણાતી અમીરજાદીએ ડોકટરને બોલાવવાની પણ તસ્દી ન લીધી ? શું એ મનુષ્યત્વ છે ? લોકો માર્શ્યોનેસને ધર્મીષ્ટ અને દયાળુ કહે છે, પણ હું તો કહું છું કે એના જેવી ક્રૂર સ્ત્રી કોઇકજ હશે."

તમે યુવાન છો ?

દમ્પતિ જીવનના રસીલા લ્હાવા લેવા ચાહો છો ?

જીવનની મસ્તી ભોગવવાની તમને હોંસ છે ?

જો—હા તો આજેજ વાંચો

વિલાયતી કોકશાસ્ત્ર

અમે ચેલેંજ કરીને કહીએ છીએ કે આવું કોકશાસ્ત્ર ગુજરાતી ભાષામાં કદિ બહાર પડયું નથી. બજારમાં વેચાતા અલીગઢીઆ લેભાગુ કોકશાસ્ત્રો મોટી કીંમતે ખરીદીને પાછળથી પસ્તાતા ના. અમે ખાત્રી આપીએ છીએ કે આ વિલાયતી કોકશાસ્ત્ર યુરોપ અને અમેરીકાના મોટા મોટા એમ. ડી. ડોકટરોના સતાવાર ગ્રંથોપરથી રચાયલું છે. તેમાં પ્રજાને ખોટે રસ્તે દોરવાનો લવારો નથી. પણ દરેક જુવાન સ્ત્રી પુરૂષે જાણવા લાયક કીંમતી માહીતી છે. સ્ત્રી પુરૂષને વશ કરવાની કલા, વાંઝીઆમ્હેણું ટાળવાનો ઉપાય, પ્રેમઘેલી સ્ત્રીને ઓળખવાની રીત, વિગેરે અમુલ્ય ભેદો આ પુસ્તકમાં ખોલી દેવામાં આવ્યા છે. બે ભાગ (સચિત્ર)માં સમ્પુર્ણ કોકશાસ્ત્ર આજેજ વાંચો. દરેક ભાગની કીં. રૂ. ૧—૮ બન્ને ભાગ સાથે રૂ. ૩—૦. વી. પી. ખર્ચ ચાર આના જુદું.

વીલાસ ઓફીસ,

બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

"શું મારસ્યોનેસે મને ધિક્કારથી કાઢી મુકયો હતો ? હા—એમજ હશે; કેમકે મેં પણ એવુંજ નીચ કામ કર્યું હતું. આ વેષમાં મારે એને ઘેર જવુંજ નહોતું જોઇતું. હું કેવી દશામાં ત્યાં ગયો હતો તે તું જાણે છે ? ફ્લોરેમલ બોલ્યો.

"લેડી વેલંડનના નોકર ચાકરો પાસેથી મને વધુ ખબર મળી નહોતી પણ તમારો સ્ત્રીવેષ જોઇનેજ હું કંઇક સમજી ગઇ હતી વાત એમ બની કે હું તે વખતે વેલંડન પ્રાયરી પાસેથી જતી હતી. ત્યાંથી જતા મેં ત્યાં લેડી ડેસબરોની ગાડી ઊભેલી જોઇ. લેડી ડેસબરો મારી પ્રિય સખી થાય છે તેથી તેને મળવાને હું ગાડીમાંથી નીચે ઉતરી એવામાં કેટલાક નોકરો એક બેહોશ સ્ત્રીને લઇ ફાટક પાસે આવ્યા અને એક જણે લેડી ડેસબરોના કોચમેનને કહ્યું: "આને લોર્ડ ફ્લોરેમલને ત્યાં મુકી જલદી પાછો આવ." તમારૂં નામ સાંભળતાંજ હું ચમકી. સ્ત્રીના વેષમાં મેં તમને ઓળખી લીધા. તમારી દયાજનક હાલત જોઇ મારી છાતી ફાટી ગઇ. નોકર ચાકરો શું વાત કરશે તેનો વિચાર કરવાનું મને ભાનજ નહોતું. મેં તરતજ નોકરોને કહ્યું કે આ મારી સખી છે. એને હું ઘેર લઇ જઇશ." આટલું કહી મેં તમને મારી ગાડીમાં સુવાડયા અને અત્યંત કાળજીથી તમને અહિં લઇ આવી."

"શાબાશ ! વ્હાલી ! શાબાશ ! તેં નિઃસ્વાર્થ પ્રેમથી મારી સારવાર કરી મારૂં મન મુગ્ધ કરી નાખ્યું છે. હું તારો ઉપકાર જીંદગી સુધી ભુલી શકીશ નહિ." કહી તેણે તે રમણીના ગળામાં હાથ નાખ્યો. બને પરસ્પરના સ્પર્શનું સુખ ભોગવી રહ્યાં હતાં, તેના અંગ પર હાથ ફેરવતાંજ ફ્લોરેમલની ખાત્રી થઇ ગઇ હતી કે તેની ખુબસુરતી ગજબનાક હોવી જોઇએ. પણ આ ભેદી રમણી કોણ છે તેની તેને કલ્પના પણ નહોતી તેણે તેના વાળનો રંગ પણ જોયો નહોતો તેમ કદિ તેના વદન પર તેની નજર પડી નહોતી. રમણીના અંગ પ્રત્યંગ પર હાથ ફેરવવાથી તેને એવા વિચાર આવવા લાગ્યા કે "આ રમણી મારસ્યોનેસ ઓફ વેલંડન જેવીજ લાગે છે. આ લાંબી છે—એનું અંગ ભરાઉ છે—મારસ્યોનેસ પણ એવીજ છે. ત્યારે શું આજ સ્ત્રી મારસ્યોનેસ

હશે ? નહિ. નહિ. એમ કેમ બને ? આવા અંગવાળી અનેક સ્ત્રીઓ હોય છે તો પછી આ માર્સ્યોનેસજ છે એમ કેમ કહેવાય ? એમ તો લેડી ડેસબરો, મીસીસ એસ્ટન, લેડી લીટીશીઆ અને પ્રિનસેસ સોફીઆના શરીરનો ઘાટ પણ આવોજ છે." આવા આવા વિચાર કરી અંતે તેને એમજ લાગ્યુ કે આ સ્ત્રી માર્સ્યોનેસ નથી.

"મુચ્ચા કેથેના ! શું વિચાર કરો છો ? તમે જે વિચાર કરો છો તે હું સમજી છું હો !"

આ ભેદી સ્ત્રી વિષે ફ્લોરેમલના મનમાં જે ગડમથલ થઇ રહી હતી તેનો મધુર અવાજ સાંભળતાં દુર થઇ ગઇ. તેની ખાત્રી થઇ કે લેડી વેલંડનના કરતાં આ સ્ત્રીનો સ્વર ઘણોજ કોમળ અને મધુર છે.

"કહે જોઉં ! તું શું સમજી ગઇ ?" તેણે તેના વાળ સાથે મસ્તી કરતાં લાડથી પુછ્યું.

"તમે એમ વિચાર કરો છો કે તમારી પીછાનની સ્ત્રીઓમાંથી હું કોના જેવી છું ! વ્હાલા ! તમારી માંદગીમાં હું તમારી ખડે પગે સેવા કરતી ઉભી રહી ત્યારે તમે મને ઓળખવાની કોશેષ કરીને મારો વિશ્વાસ ઉડાવી દેવા માગો છો તેથી મને દુઃખ થાય છે." તે દુઃખદ અવાજે બોલી.

"વ્હાલી ! મને માફ કર. શું આટલામાં ગુસ્સે થઇ ગઇ ?"

"વ્હાલા ! હું તમને જાનથી પણ વધારે ચાહું છુ; પણ જ્યાં સુધી તમો મારા સ્વામી થશો નહીં ત્યાં સુધી મારો ભેદ તમને માલુમ પડવાનો નથી. જો મારી ઇચ્છા પુર્ણ થશે નહિ તો મારો ભેદ મારી સાથેજ કબરમાં દટાશે. હું તમને એટલુંજ કહી શકું છું કે ધન, માન, રૂપ, ગુણ આદિ સર્વ નજરે હું તમારી પત્ની થવાને યોગ્ય છું" કહી તે પ્રેમોન્મત્ત થઇ ફ્લોરેમલને ચુંબન લેવા લાગી. ફ્લોરેમલ તેના પ્રેમમાં તદન પાગલ થઇ ગયો."

"વ્હાલી ! હું તને અત્યંત ચાહું છું. તારી મરજી વિના તારૂં રહસ્ય જાણવાની મારી લેશમાત્ર ઇચ્છા નથી. ભુલેચુકે પણ મેં

તારો ભેદ જાણવા માટે વિચાર કર્યો તે માટે મને માફ કર. બોલ વ્હાલી! તારા પરનો મારો પ્રેમ સાબીત કરવા માટે હું શું કરૂં?"

"બોલ! વ્હાલા! જો તમે મને ખરેખર ચાહતા હો તો તમારે થોડોક વખત લંડન છોડી જવું પડશે.

આ વાત સાંભળતાં લોર્ડ ફ્લોરેમલને યાદ આવ્યું કે પોલીનને શોધવા માટે તે સ્ત્રી બની લંડન શહેરમાં ફરવા નીકળ્યો હતો અને અણધારી આફતમાં ફસી પડયો હતો. બીજી બાજુ આ ભેદી રમણી પર પણ તે મુગ્ધ થઇ ગયો હતો. શું કરવું તે નહિ સુઝવાથી તે બોલી ઉઠયોઃ "લંડન છોડી જવું પડશે?"

"હા. એમ નહિ બને ખરૂંને? અહિં બહુ સખ્ત બંધનમાં બંધાઇ ગયા છો ખરૂંને?" પેલી સ્ત્રી જરા ગુસ્સે થઇ બોલી.

"વ્હાલી! ગુસ્સે ન થા." હવે તે યુવાન અમીર આ માયાવિનીને તદન શરણ થઇ ગયો.

"વ્હાલા! હું તમારા પર ગુસ્સે થતી નથી પણ એટલું તો સમજું છું કે તમે મને ખરા જીગરથી ચાહતા નથી. તમે કોઇ કોઇવાર મારા પ્રેમનો સ્વાદ ચાખવા માગો છો. એ રીતે હું તમારા વિલાસની પુતળી થવા માગતી નથી." અત્યારે પણ તે ફ્લોરેમલને વળગીને બેઠી હતી. ઉપલા શબ્દો બોલતાં તેની આંખમાંથી બે ત્રણ આંસુના બીંદુ નીકળી પડયા અને તે ફ્લોરેમલના ગાલ પર પડયા. હવે ફ્લોરેમલથી ન રહેવાયું.

"આહ વ્હાલી! હું ખરેજ નીચ નરાધમ છું, તું મને આવા પ્રબલ પ્રેમથી ચાહે છે અને હું તને નાહક દુઃખ દઇ રહયો છું."

"નહિ. નહિ. વ્હાલા! તમે અધમ નથી." રમણી કમ્પીત અવાજે બોલી: "હુંજ બધા ઉત્પાતનું મુળ છું, મને જે મેળવવાનો હક નથી તે મેળવવાને હું તઇયાર થઇ છું, ફરીથી મળવાની કંઇ જરૂર નથી. આવો, આજે પેટ ભરીને છેલ્લીવાર પ્રેમનો લ્હાવો લઇ લો.

આ રસીલી રમણીનો હંમેશનો વિયોગ થવાની વાત સાંભળતાંજ ફ્લોરેમસ ઉનમત્ત થઇ ગયો. હવે તે આ અજાણી જાદુગરણીનો ગુલામ થવાને પણ તઇયાર થયો.

"એમ કદિ બનશે નહિ. વ્હાલી ! તને શું જોઇએ છે? તારે માટે હું મારૂં સર્વસ્વ અર્પણ કરવાને તઇયાર છું."

"ગેબ્રીલ ! વ્હાલા ! હવે તમે મારા થયા. તમે સાચા પ્રેમી છો એમ જાણીનેજ મેં તમને હૃદય અર્પણ કર્યું હતું અને વ્હાલા ! યાદ રાખજો કે મને પ્રેમદાન દેવા માટે તમને કદિ પણ પસ્તાવું પડશે નહિ."

"વ્હાલી ! આજથી હું તારો ને તું મારી ! ખોટા લગ્ન બંધનની શી જરૂર છે? મીયાં બીબી રાજી હો ત્યાં કાજીની શી જરૂર છે?"

"લુચ્ચા ! વળી પાછા ફરી ગયા ! જો તમે મને ખરા દીલથી ચાહતા હો તો તમારે સમાજના કાનુન પ્રમાણે મારી સાથે લગ્ન કરવા પડશે."

"ભલે વ્હાલી ! તું કહે તેમ કરવાને હું તઇયાર છું. મારે પહેલાં લંડન છોડી જવું પડશે એમ તું કહેતી હતીને?"

"હા. તમારે બીજા કોઇ શહેરમાં થોડા દિવસ જવું પડશે. મેં અગાઉ તમને જે વાત કરી હતી તે પર વીચાર કરી જુઓ."

"તું તો અનેક અદભુત વાતો કરતી હતી."

"હા. અને તે પાર પાડવાની મારામાં શકિત છે. ગેબ્રીલ ! તમે મારા પર વિશ્વાસ રાખો હું તમને સઘળી આફતમાં બચાવી લઇશ."

"વ્હાલી ! ઓ માયાવીની ! તું કોણ છે? તું ગમે તે હોય; પણ પણ તું કહે તેમ કરવાને હુ તૈયાર છું."

"વ્હાલા ! હવે તમે મસ્ત પ્રેમીની ભાષામાં વાત કહો છો તે સાંભળીને મારા આનંદની અવધિ થાય છે. હવે કહો. તમે કસમ ખાઇને હું કહું તેમ કરવાને તૈયાર છો?"

"હા."

"તો આજે રાતે મારી ગાડીમાં બેસી ડોવર ચાલ્યા જાઓ. ત્યાં તમારે મહીનો દોઢ મહીનો રહેવુ પડશે. તે દરમ્યાન તમારે કદી લડંનમાં પગ મુકવો નહીં."

"કબુલ ! પણ વ્હાલી ! મારે ડોવરમાં દોઢ મહીનો એકલા રહેવું પડશે ! એકવાર પણ તું તારી મોહીની સુરત બતાવવા ત્યાં નહી આવે ?"

"તે માટે મને ઠીક લાગશે તેમ કરીશ. તમને ડોવરમાં જરા પણ તકલીફ નહી પડે. બોલો, હવે તમે તૈયાર છોને ?"

"હા. હા. એની સાબીતી આ—" કહી ફ્લોરેમલ પાગલની પેઠે ઝુમી લેવા લાગ્યો.

રમણી એક કલાક ફ્લોરેમલ પાસે રહી તે પછી ફ્લોરેમલ ધીમે ધીમે નિંદ્રાધીન થઇ ગયો તે પછી પેલી સ્ત્રી ઓરડામાંથી બહાર નીકળી અને બહારથી તાળુ મારી કુંચી પોતાની સાથે લઇ ગઇ. હવે ઓરડામાં તદન નિરવતા છવાઇ ગઇ, ફ્લોરેમલના શ્વાસોશ્વાસ શીવાય બીજો કંઇ પણ અવાજ સંભળાતો નહતો. અચાનક પલંગની નીચે કંઇ અવાજ સંભળાયો બહુ ધીમે ધીમે કોઇ વ્યકિત પલંગ નીચેથી બહાર આવી અને તેણે કાન માંડીને ફ્લોરેમલ તદન નિંદ્રાધીન છે એવી ખાત્રી કરી લીધી, તે પછી એ વ્યકિતએ ગજવામાંથી કાતર કાઢી મચ્છરદાનીનું થોડુક કપડુ કાપી લીધું તે પછી બારીના પડદાનું કપડું કાપી લીધું અને પુનઃ ફ્લોરેમલ ઉંઘે છે એવી ખાત્રી કરી એ વ્યકિત ધીમે પગલે એક બીજા દ્વાર પાસે ગઇ. ગજવામાંથી ચાવીઓનો ઝુમખો કાઢી બારણું ખોલી નાખ્યું અને વીજળી વેગે દાદર ઉતરી બગીચામાં જઇ તે બેઠી વ્યકિત કોઇની નજરે પડયા વીના ત્યાંથી છુ થઇ ગઈ.

રાત પડી. ફ્લોરેમલ જાગ્યો. આ સમયે પેલી રમણી આરામ ખુરસી પર બેઠી હતી. તે ફ્લોરેમલને માટે જોઇતા વસ્ત્રો લઇ આવી હતી. તેણે પોતે ફ્લોરેમલને વસ્ત્રો પહેરાવ્યા. પછી તેની આંખ પર પાટો બાંધ્યો. અને તેનો હાથ પકડી દાદર ઉતારી તે ફ્લોરેમલને મુખ્ય દરવાજા પાસે લઇ ગઇ. ત્યાં પ્રથમથીજ ગાડી હાજર હતી. ફ્લોરેમલને ગાડીમાં બેસાડી રમણીએ બે ચાર વાત કરી લીધી અને તે પછી ગાડી સડસડાટ પસાર થઇ ગઇ. ફ્લોરેમલ જડ પત્થર જેવો ગાડીમાં બેસી રહયો. પંદર વીશ મીનીટ સુધી તે એમને એમજ બેસી રહયો. પછી તેને પોલીસ યાદ આવી. તેની છાતી

રોઝા લામ્બર્ટ

યાને

પાદરીની પુત્રી.

તમે લંડન રાજ-રહસ્યની અદ્ભુત સીરીઝ વાંચીને મુગ્ધ થઈ ગયા છો એટલે રોઝા લામ્બર્ટ વિના તમને ચેનજ પડવાનું નથી. લંડન રાજ-રહસ્યના અસલ લેખક મી૦ રેનોલ્ડસની અદ્ભુત ભેદી અને રસીલી કલમથી લખાયલી આ નવી વારતા "રોઝા લામ્બર્ટ"માં શું શું ભેદભરમો અને અદ્ભુત પ્રેમ કીસ્સા ભર્યા છે તે તો તમે વાંચશો ત્યારેજ સમજાશે. એક દારૂડીઆ, ગરીબ પાદરીની સદ્ગુણી પુત્રી પોતાના સગા ભાઈને કેદમાં જતો બચાવવા માટે એક બદમાસ અમીરજાદાને હાથે પોતાનું શિયળ લુંટાવે છે-પાર્લામેંટના સભાસદની રખાત થાય છે-ભલભલા અમીરોને લોખંડના ચણા ચવાડે છે-આ અદ્ભુત રમણી રોઝા લામ્બર્ટની જુવાની જાહોજલાલીમાં પસાર થયા પછી અંતે તે બાઝારૂ વેશ્યા થાય છે. ગોરા વિલાયતના કાળાં ભોપાળાં જાણવા હોય અને દુનીઆદારીના અદ્ભુત પ્રસંગોની માહિતી મેળવી જીવન સફળ કરવું હોય તો આ પુસ્તક જરૂર વાંચજો. લંડન રાજ-રહસ્યના લેખકની કલમથીજ આ વારતા લખાઈ છે. કિમ્મત રૂ. દોઢ.

વિલાસના ગ્રાહકોને ભેટ.

વીલાસ ઓફીસ,

બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

ધડકવા લાગી અને એક અજાણી સ્ત્રીને માટે તેણે પોલીનને તજી દીધી તે માટે તેને ભારી પસ્તાવો થવા લાગ્યો.

"હાય! આ શું કર્યું ? એક પાવરધી માયાવિનીની જાળમાં ફસી મેં પોલીન જેવી દેવ કન્યાને તજી દીધી ?" તેની મનોવ્યથા વધી ગઈ પણ હવે તે લાચાર હતો: "આ ભેદી રમણી પણ મારૂં મન ચોરી ગઈ છે. એ મારી સાથે લગ્ન કરી મારી સામેનો કેસ નષ્ટ કરવા માંગે છે તે ઠીક છે! એ ભેદી નાટક તો જોવા દો, જ્યાં સુધી મારી સામેનો કેસ નીકળી ન જાય ત્યાં સુધી આ સ્ત્રીને ટાઢી મીઠી રાખવામાંજ સાર છે. પછી પોલીનને મલી, તેને ચરણે પડી ક્ષમા માંગી લઈશ." ફ્લોરેમલ આવા વિચાર કરતો હતો તે વખતે ગાડી વેસ્ટમીનસ્ટર બ્રીજપરથી ધમધોકાર ડોવરને રસ્તે ચાલી જતી હતી.

દશમો ભાગ સંપૂર્ણ.



હેડ ઓફીસ.

અબદુલહુસેન લુકમાનજી એન્ડ સન.

પો. બો. નં. ૨૧૩, મુંબઈ નં. ૨.

એજંટો જોઈએ છે.

નિવેદન.

લંડન રાજ-રહસ્ય અથવા મીસ્ટરીઝ ઓફ ધી કોર્ટ ઓફ લંડનની અમારી સીરીઝ અસાધારણ લોકપ્રિય થઈ પડી છે, કે જેથી બેવડી કે ત્રણ ગણી કિમ્મત આપવા છતાં પણ પાછળના ભાગો મળી શકતા નથી. આ સાથે હમારા તરફથી દશ ભાગો બહાર પડી ચુકયા છે, જે માટે હમો હમારા કદરદાન વાંચકોના આભારી છીએ હવે પછીના બીજા બે ભાગો ત્રણ મહીનામાં તૈયાર થશે. કુલ બાર ભાગમાં આ સીરીઝ પુરી થશે.

દુનીયાની આ મહાભારત વારતા આખી વાંચીને જીંદગીનો અમુલ્ય લ્હાવો લેવો હોય તેઓએ રૂ. ૮) ભરી આખી સીરીઝના સેટના ગ્રાહક થઇ જવાની કૃપા કરવી.

૧૨ ભાગના સામટાના રૂ. ૮) વી. પી પોસ્ટેજ રૂ. ૧ વધુ.

આફ્રીકાવાસીઓએ બાર ભાગના પોસ્ટેજ સાથે રૂ. ૧૦ અથવા શીલીંગ ૧૬ મોકલવા.

વિલાસ ઓફીસ, મુંબઇ.

રસીલી ત્રણ ખાસ વારતાઓ.

મસ્તીખોર માશુક.

કીંમત ચાર આના. શૃંગાર તથા હાસ્યરસથી ભરપુર.

બહારગામવાળાઓએ પાંચ આનાની ટીકીટો મોકલવી.

વિલાસ ઓફીસ, બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઇ.

તમે જુવાન છો?

કે તમારો સંસાર સુખી છે?

તમને વશીકરણ વિદ્યાનો શોખ છે?

વાંઝીઆમ્હેણું ટાળવાની હોંસ છે?

જુદા જુદા સ્વભાવની સ્ત્રીઓને કેમ પીછાનવી તે જાણવા માગો છો?

પ્રેમનાટક સફળ થશે કે નહિ તેની પાકી માહીતી જોઇએ છે?

આવા અને એવા અનેક સ્ત્રી પુરૂષને લગતા ભેદભરમોની સાચી અને સતાવાર માહીતી જોઇતી હોય તો યુરોપ, અમેરીકા અને ભારતવર્ષના પ્રખ્યાત ડોકટરો અને વૈદ્યોના પુસ્તકોપરથી તૈયાર કરેલું

વિલાયતી કોકશાસ્ત્ર—વાંચો.

દરેક ભાગમાં સમ્પુર્ણ રતિશાસ્ત્ર શમાવી દેવામાં આવ્યું છે. ચાર ચાર ચિત્રો સાથે

દરેક ભાગની કિં. રૂ. ૧-૮

બે ભાગની કિં. રૂ. ૩-૦ વી. પી. પોસ્ટેજ ચાર આના વધુ.

વીલાસ ઓરીસ,

બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઇ.